૧૮૦
D

भाग ३१५

તમારાપોના પ્રશ્નો

1600115

ગિજુભાઈ



હોખાકનાં પુસ્તકો

: ૧ :

મોન્ટીસોરી પદ્ધતિ (સચિત્ર)	૨–૦–૦
વાર્તાનું શાસ્ત્ર (પાકું પૂંઠું)	૧–૪–૦
બાલશિક્ષણ	૦–૧૦–૦
પ્રા૦ શાળામાં ભાષાશિક્ષણ	૦–૧૦–૦
પ્રા૦ શા૦ શિક્ષણપદ્ધતિઓ	૦–૮–૦
પ્રા૦ શાળામાં ચિઠ્ઠીવાચન	૦–૫–૦
પ્રાથમિક શાળામાં શિક્ષક	૦–૧૦–૦
પ્રાથમિક શાળામાં કલાકારીગરીનું શિક્ષણ–૧	૦–૧૦–૦
" " ખંડ–૨	૦–૧૦–૦
હાલતાં ચાલતાં	૦–૧૦–૦
દિવાસ્વપ્ન	૦–૧૦–૦
માબાપોને	૦–૧૦–૦
આ તે શી માથાફોડ !	૦–૧૦–૦
શિક્ષક હો તો	૦–૧૦–૦
માબાપ થવું આકરૂં છે	૦–૧૦–૦

: ૨ :

પ્રાસંગિક મનન	૦–૮–૦
શાંત પળોમાં	૦–૬–૦
કૈલાસ માનસસરોવર દર્શન	૦–૧૦–૦
રખડુ ટોળી ૧–૨ દરેકના	૦–૮–૦
ધર્માત્માઓનાં ચરિતો	૦–૮–૦
બાળવાર્તા પાંચ ભાગ	૧–૧૦–૦
કિશોર કથાઓ ૧–૨ દરેકના	૦–૬–૦

તથા બાલસાહિત્યમાળા, વગેરે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભાવનગર

३५ ६.

વસંત બાલશિક્ષણ પ્રચારમાળા-૨૧

આ બા પેટ ના મ મો

ગિજુભાઈ

૩૧. ૫

: પ્રકાશકો :
નાનાભાઈ, ગિજુભાઈ
ભાવનગર

નવેમ્બર : '૩૫ આઠ આના

પ્રકાશક :
ના ના ભા ઈ, ગિ જુ ભા ઈ
વસંત બાલશિક્ષણ પ્રચાર
ભાવનગર

પહેલી વાર : નવેમ્બર : ૧૯૩૫
૧૧૦૦ નકલ

મુદ્રક :
પારી. ભીખાભાઈ ગોપાળજી
શ્રીસરસ્વતી : : : છાપખાનું
ભાવનગર

નિવેદન

વસંત બાલશિક્ષણ પ્રચારમાળાના દાતા શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહ ભાવનગરવાળા (હાલ મુંબઇ)ને અભિનંદન ઘટે છે. તેમણે અમારા હાથમાં રૂ. ૫૦૦૦)ની રકમ મૂકીને તેમાંથી માબાપોને ઉપયોગી એવું સાહિત્ય તૈયાર કરી-કરાવી પ્રગટ કરવાનું ઇચ્છ્યું.

તેમની ઇચ્છાનુસાર અત્યાર સુધીમાં ઓગણીશ પુસ્તિકાઓ અને એક મોન્ટીસોરી પદ્ધતિ નામનું પુસ્તક અમે પ્રગટ કર્યાં છે. આ ઓગણીશ પુસ્તકોના બે ગુચ્છો (વસંત બાલશિક્ષણ પ્રચાર માળા ગુચ્છ-૧ તથા ૨) ગોઠવ્યા છે.

આ પુસ્તક એ માળાનું એકવીશમું પુસ્તક છે.

અમને ખાતરી છે કે માબાપો ભાઈ હીરાલાલની આ સખાવતની કદર કરશે અને પુસ્તકો મંગાવી અમારા પ્રયત્નોને વધાવી લેશે.

વસંત બાલશિક્ષણ પ્રચારને અંગે આ એક કામ છે. બીજાં કામો જુદી જુદી રીતે ચાલે છે. અહીં તો માત્ર આટલું પુસ્તિકાઓ સંબંધે જ.

આપણા દેશના શ્રીમંત જનો બાળઉછેર શિક્ષણના કાર્યને આવી રીતે મદદ આપવા દ્રવ્ય આપે એ આપણી પ્રગતિનું શુભ ચિહ્ન છે. અન્ય શ્રીમંત જનો પોતાના ધનને આવે માર્ગે વાળવા પ્રેરાશે તો ભાઈ હીરાલાલનું દાન એ રીતે પણ સફળ થશે.

નાનાભાઈ-ગિજુભાઈ

બે બોલ

જુદે જુદે સમયે માબાપોએ મને જે પ્રશ્નો પૂછેલા તેના મેં મ્હોંએથી કે લેખિત જે ઉત્તરો આપેલા તેનો આ સંગ્રહ, આશા છે કે પોતાનાં બાળકોની કેળવણી માટે ચિંતા કરનારાં માબાપોને ઉપયોગી નીવડશે.

ગિજુભાઈ

આપણાપોતાના પ્રશ્નો

આબાપોના પ્રશ્નો

: ૧ :

સવાલઃ—

મોટે ભાગે આજકાલ સ્ત્રી અને પુરુષ સરખાં કેળવાયેલાં નથી. જ્યાં માતા અજ્ઞાન હોય અને પિતા શિક્ષણમાં સમજદાર અને ઉચ્ચાદર્શી હોય તેથી બંને વચ્ચે વિસંવાદ હોય ત્યાં શું કરવું ? ઘણી વાર પુરુષને એવું પણ સાંભળવું પડે છેઃ " ભાળી તમારી મોન્ટીસોરી; બળી તમારી વાતો ! મારે કાંઈ એમ પાલવે એમ નથી. ધબ દઈને ઢીંકો માર્યો કે ચપ દઈને સીધો થાય. " ઉપરની મુશ્કેલી તમારા ખ્યાલમાં છે ? જો હોય તો એવે સ્થળે તમે પોતે શું કરો ?

જવાબઃ—

આવો પ્રશ્ન સ્વાભાવિક અને વાસ્તવિક છે.

સ્વાભાવિક છે.) બીજા પર ઘુરકવા કરતાં અત્યંત દુઃખ અનુભવવું. ક્રોધના આવેશમાં માત્ર પોતાને જ દંડ દેવો, સજા કરવી; સામાને તેવા આવેશનું દિગ્દર્શન કરાવી વશ કરવાની ઇચ્છા ન જ રાખવી. સામાને તેથી ઊલટું દુઃખ થશે. કદાચ તે વધારે નિષ્ઠુર પણ બનવા પામે! મનમાં સહેવું ને ઉપરથી હસવું, અને છતાં શાંતિથી પ્રસંગે પ્રસંગે સાચું શું તે દૃઢતાથી, વર્તનથી અને સલાહથી કહેવું.

'બાળકો પીડાય છે!' 'આના હાથમાં ક્યાં પડ્યા?' 'બસ, આ પરિસ્થિતિ અત્યંત હીન છે!' એવા વિચાર આવે ત્યારે પણ ધીરજ રાખવી. ખરેખર અનીતિમય પરિસ્થિતિ માતા કે પિતાની હોય તો જરૂર એકબીજાનો બાળકો ખાતર ત્યાગ પણ કરી શકાય; પરંતુ અજ્ઞાનના દોષો ખાતર કોઈ કોઈને છોડે નહિ. અણઆવડત અથવા મૂર્ખાઈને નિભાવી લેવી ઘટે. બા કે બાપાનું શિક્ષણદૃષ્ટિએ થતું અયોગ્ય વર્તન પણ ઘરમાં એક અનિવાર્ય આપત્તિ છે; તે માટે મા કે બાપ ઘર ન ભાંગે. તે માટે માબાપ અંદરથી દુઃખ પામી નિકાલ કાઢે. અને જ્યારે નિકાલ કાઢવાનું બહુ જ મુશ્કેલ બને, એકને સાંધતાં તેર તૂટે, કોઈ રીતે મનનું સમાધાન ન થાય, ત્યારે શક્ય તેટલી વ્યવસ્થા કરી બાળકોને સારી શાળા અને તેથી આગળ વધી સારા છાત્રા-

લયમાં મૂકવાં. બાળકો હોવાં એ સ્વાભાવિક કાનૂનને સ્વીકારી તેમની કેળવણીનો પ્રબંધ કરવા પ્રયત્ન કર્યા કરવો.

આટલું કર્યા છતાં આજે જ જે બધું સારૂં છે તે બધું બની નથી જવાનું. દરેક વસ્તુનો વિકાસ સમય માગે છે. આપણે આજે વિચારી શકીએ કે કરી શકીએ, તે બીજાંઓ અત્યારે જ કેમ ન કરે એમ પૂછવું એ આપણી વિકાસ વિષયક સાચી કલ્પનાની ખામી બતાવે છે. આપણી અન્ય ન્યૂનતાઓ માટે જેમ આપણે જ ધીમે ધીમે પ્રયત્ન કરી આગળ વધવાનું રહે છે, તેમ જ સ્ત્રી યા પુરુષની બાબતમાં એકબીજાંએ આ વસ્તુ લક્ષમાં રાખી પરસ્પરને સમજીને ચલાવી લેવું જોઈએ, ને તે સમય લાવવા મહેનત કરવી જોઈએ. બાળકો સુંદર થવાં જોઈએ માટે એકાએક સ્ત્રીએ કે પુરુષે બદલી જવું જોઈએ એ વિચાર સ્વમતાગ્રહનો છે. એવો આગ્રહ રાખનાર બાળકના હિતનો વિચાર કરવાનાં અધિકારી નથી. બાળકના હિતનો વિચાર જે બરાબર કરી શકતાં હશે તે સ્ત્રી કે પુરુષની કેળવણીનો માર્ગ યોજી, ત્યાં સમાધાન માની, રાહ જોશે. કારણ કે તેની સામે આબાલવૃદ્ધ સૌની કેળવણીના સનાતન સિદ્ધાંતો જ સદૈવ રહેશે.

આ ઉપરાંત એક બીજો અને આખરનો

આધાર છે, ને તે પ્રભુને શરણે જવાનો. આપણને આ બધું આ જ રીતે પ્રાપ્ત થયું છે. આ આપણી સ્ત્રી અથવા પુરુષ, આવો આપણો સમાજ, આવું આપણું શિક્ષણ, આવો આપણો વારસો, આવી આપણી શાળાઓ: આ બધું આવું આવું ને વચ્ચે આપણે, એ પણ એક મૂંઝવે તેવી વાત છે. અને છતાં તે છે; ફૂદકા મારવા છતાં પણ છે, નિરુપાયપણે પણ છે. ત્યાં આપણે ઈશ્વરને કે એવા કશાને માનતાં હોઈએ તો તેને શરણે જઈ "જે એની ઇચ્છા હશે તે થશે; મારી શક્તિ ને મતિ પ્રમાણેનું હું કરૂં જ છું ને કરવાનું છું." આવો વિચાર પ્રયત્નશીલ ને પ્રાણવાન મનુષ્યને શાંતિ આપશે; અને આળસુ અને મૂરખ માણસને માટે તો એ પ્રગતિને હઠાવનાર અને નાસ્તિકતા ભર્યો જ છે.

છેલ્લે કહેવાનું કે આવી પરિસ્થિતિમાંથી પસાર થતાં થતાં મને જે અનુભવો થયા છે તે, ને મારૂં પોતાનું જે ઉપરથી કહેવું છે તે, મેં લખ્યું છે. હું પોતે તો જુદી જુદી રીતે આ પ્રમાણે કરી રહ્યો છું.

: ૨ :

સ૦ ઘરમાં શિક્ષણની બાબતમાં મારૂં ધાર્યું થતું નથી. તો શું કરવું?

જ૦ પોતાનું જ ધાર્યું થવું જોઈએ એમ

માનવાથી જ લોકો આપણી સામે થાય છે. સૌ સાચી વસ્તુને વિવેકથી અનુસરે એ માટે સમજણ પેદા કરવાનો આગ્રહ રાખવો એ જરૂરનું છે.

: ૩ :

સ૦ એક બાળકને નિશાળે જવાનો અણગમો છે. નિશાળે જવાનું કહેતાં અગાશીમાં બે ત્રણ કલાક સંતાઈ જાય છે. નિશાળે જવાનું બંધ કરતાં બાળક પ્રસન્ન રહે છે અને મજાની બાલસાહિત્યની ચોપડીઓ ઉથલાવીને તેને પોતાની મેળે વાંચે છે. તેને પરાણે નિશાળે મોકલવું ?

જ૦ નહિ જ તો ! ઘરમાં બાળક ભણે જ છે.

: ૪ :

સ૦ લેસન કર્યા પછી જમવું એ નિયમ સખ્ત ગણાય ? લેસન ન કરે તે બાળકને માટે જો આવો નિયમ લાભકારક થઈ પડતો હોય તો તેવો નિયમ પળાવવો કે નહિ ?

જ૦ અલબત્ત સખ્ત ગણાય. લેસન થઈ જવું તે બાળકના હાથમાં નથી. આવડી જવું એ પણ બાળકના હાથમાં નથી. વધતી ઓછી શક્તિને લીધે ધાર્યા પ્રમાણે લેસન ન થઈ શકે. લેસન કરે તે જમે, તે નિયમ અત્યંત સખ્ત અને દુષ્ટ છે.

આવો નિયમ માત્ર ઉપલક રીતે જ લાભકારક દેખાઈ શકે. બીકને લીધે બાળક લેસન કરી આપશે, પણ તેનો લાભ બીક છે ત્યાં સુધી જ ટકશે. દેખીતા લાભદાયી પરિણામ ઉપરથી પદ્ધતિની યોગ્યતાનો નિર્ણય થઈ શકે નહિ. કોઈ પણ કામ કોઈની પાસે પરાણે કરાવાય નહિ; અને તેથી લેસન પણ જો ભોજનની સામે ખહું કરીને કરાવાય તો તે પરાણે કરાવ્યું જ કહેવાય.

: ૫ :

સ૦ એક બાળકમાં તેના મુરબ્બીની સખ્તાઈ અને ધાકને લીધે જૂઠાણું આવી ગયું છે. મુરબ્બી કહે છે કે એટલી ધાક અને સખ્તાઈ ન રાખીએ તો બાળક ગાંઠે જ નહિ. આ સાચું છે? આ પરિસ્થિતિમાં શું કરવું?

જ૦ પરિણામ આવ્યું છે તે વ્યાજબી જ આવ્યું છે. જૂઠાણાનું મૂળ ભય છે. પહેલી તકે જ ભયમાંથી બાળકને છૂટું કરવું જોઈએ. મુરબ્બીનું કહેવું ખોટું છે. ધાક અને સખ્તાઈથી બાળક વશ રહેતું દેખાય છે તે માત્ર ઉપરથી; અંદરથી તો બાળક મુરબ્બીનું ખૂન કરવાનો જ વિચાર કરતું હશે. મુરબ્બીને સખ્તાઈ દિવસે દિવસે વધારવી પડશે. આ વસ્તુઓ અફીણ જેવી છે. થોડી વાર ઉપરથી

ફાયદો દેખાડે છે, વળી તેની અસર ઠંડી પડે છે; એટલે વારંવાર ધાક અને સખ્તાઈનું પ્રમાણ વધારતા જવું પડે છે. પરિણામે બાળક નઠોર બને છે અને કંટાળે છે. ઉપાય એ છે કે હમણાં બાળકથી મુરબ્બીને દૂર કરવા, અથવા મુરબ્બીનો મુરબ્બીપણાનો હક્ક ખેંચી લેવો. મુરબ્બીની ધાક બાળકને પેસી ગઈ છે માટે બાળકને બીજાના હાથમાં સોંપવું, અને તેને નિર્ભયતામાં મૂકવું. નિર્ભય બાળક જ સાચું બોલે છે.

: ૬ :

સ૦ બાળક બહારથી લોકોની રાવ લાવે છે; મારામારી કરીને આવે છે. તો શું કરવું ?

જ૦ ઘણી વાર માથાભારે બાળકનાં માબાપોનો જ આમાં દોષ હોય છે. માબાપ બાળકોનું ઉપરાણું લે છે, ઊલટાં લડવા નીકળે છે. બાળક કોઈને લગાડીને આવે તે નહિ જ ચાલે, તેવા બાળકને ઘરમાં કે સમાજમાં સ્થાન નહિ જ મળી શકે, તેની ખાતરી કરી આપીને જ બાળકને તેની ગુંડાઈમાંથી બચાવવું જોઈએ. લોકોએ પણ બાળકને અને બાળકનાં માબાપને ખાતરી કરી આપવી જોઈએ. કે આવું ફરી વાર ચાલશે નહિ.

ઘરમાં માર ખાઈને જનારૂં બાળક બીજાને

મારીને આવે છે. બીકણ અને માર ખાતું બાળક પણ બીજાને લગાડીને આવે છે. લગાડીને આવનાર બાળક બહાદુર નથી પણ બાયલું છે. તે માબાપની હૂંફ શોધતું આવે છે. માબાપ બાળકનો પક્ષ લઈ ઊલટું તેને બગાડી મૂકે છે.

બધાં માબાપો ભેગાં મળી છોકરાંઓને થોડીવાર કોઈ પણ જાતનો પક્ષપાત રાખ્યા સિવાય અંદર અંદર લડવા મૂકી દેશે તો અનુભવથી છોકરાંઓ ઠેકાણે આવશે, અને સામસામાં લડ્યા પછી દોસ્તદારી બાંધશે.

: ૭ :

સ૦ બાળકને ઘરમાં અલગ સ્થાન આપવું જોઈએ ખરૂં; પણ જ્યાં મા કે બાપને માટે પણ ઘરમાં અલગ જગ્યાઓ નથી ત્યાં બાળકને અલગ જગ્યા ક્યાંથી આપવી? સાધારણ સ્થિતિના ગરીબ માણસોએ શું કરવું?

જ૦ અલગ સ્થાનનો એક અર્થ સ્થૂળ અને બીજો સૂક્ષ્મ સમજવો. ઓછામાં ઓછી જગ્યાએ પણ બાળક પોતાનું કામ કરી શકે છે. બાળકના કામ અને સ્થાન માટે સૌ સન્માન રાખે, બાળક બેસી શકે તેટલી જગ્યા પણ તેની જ ગણી તેમાં ઊથલપાથલ કોઈ ન કરે, તો બાળકને ઘરમાં અલગ

સ્થાન આપ્યું જ ગણાય. બાળકને એક મોટો ઓરડો આપી દીધાં છતાં તે ઓરડા ઉપર આપણું ધણીપણું રહે, ઓરડાની જગ્યા બાળક સ્વાધીનપણે વાપરી શકે નહિ; ઓરડામાં બેસવા ઊઠવાના અને તેનું ઉપસ્કર વાપરવાના આપણા કેટલાય નિયમો તેણે પાળવા જ પડે, તો અલગ એવા ઓરડામાં પણ બાળક અલગ નથી. અલગનો અર્થ બરાબર સમજીને કરવો જોઈએ.

: ૮ :

સ૦ ત્રણ વર્ષનું બાળક બિલકુલ ગોળ ખાતું નથી. દાળ, શાક કે કઢી પણ ખાતું નથી. દૂધ બહુ જ થોડું પીએ છે. ચા સારી રીતે પીએ છે. માત્ર ભાત, છૂટી દાળ, પૂરી, રોટલી તેમ જ કડકડ બોલે તેવી ચીજો જેવી કે પાપડ, ચણા વગેરે ખાય છે. શું કરવાથી ફળફળાદિ કે બીજી ચીજો તે ખાય? બીજું બાળક છ વર્ષનું છે તે સાધારણ દાળ, શાક, કઢી ખાય છે પણ જૂજ પ્રમાણમાં. ફળફળાદિ ખાવાનો ભારે શોખ છે. કેરીઓ કાપેલી ખાય છે, પણ પૂરી સાથે રસ નથી ભાવતો. મરચાં વિનાનું અથાણું પણ તેઓ ખાતાં નથી. ઉપર પ્રમાણેની બધી ચીજો બાળકોના દેખતાં મોટાંઓ ખાય છે છતાં બાળકો કેમ આકર્ષાતાં નથી?

જ૦ કાંઈ ચિંતા કરવા જેવું નથી. મારા ઘરમાં આવા પ્રશ્નો ઊભા થાય તો હું કાંઈ જ કરૂં નહિ. ભિન્ન રુચિ બાળકો પરત્વે હોય છે. જે ભાવે તે ખાઈને બાળક જો પેટ ભરતું હોય તો કશી ફિકર નથી; માત્ર લેવાતો ખોરાક પૌષ્ટિક ને નિર્દોષ હોવો જોઈએ. આપણે તેઓ ખાય તે માટે અનુકૂળતા આપવી જોઈએ. બનાવવાની રીતોમાં ફેરફાર કરીને જોવું જોઈએ કે ખોરાક ભાવે છે કે નથી ભાવતો. બાળકોની સાથે આ બાબતમાં વાતચીત પણ કરી જોવી જોઈએ. અથાણું કે એવું કાંઈ બાળકો ન ખાય તો તેથી કાંઈ નુકસાન થવાનું નથી. મારી એવી માન્યતા છે કે જુદાં જુદાં બાળકોની જુદી જુદી શરીરપ્રકૃતિને લીધે તેઓ જુદી જુદી ચીજો ખાય છે અથવા નથી ખાતાં. છેક નાની ઉંમરમાં જે વસ્તુઓ બાળકો બિલકુલ ખાતાં નથી હોતાં તેવી વસ્તુઓ માટે ઘણી વાર મોટપણે તેમને અત્યંત રસ લાગે છે. ઘણી વાર કોઈ ખાવા જેવી વસ્તુઓ સાથે કોઈ કડવો અનુભવ જોડાયેલો હોવાથી બાળક તે ખાતાં ડરે છે. કેટલીક વાર પરાણે ખવરાવવાના પ્રયત્નોથી બાળક ઊલટું થાય છે. ઘણી વાર બાળકોના ખોરાક વિષેની અતિ ચિંતા કે ફિકરને લીધે બાળકો નાહિંમત થઈ જાય છે. બીજા દોસ્તો સાથે બેસીને ખાતી વખતે બાળકો પોતાને જે ન ભાવતું

ગણે છે તેવું ઘણું બધું ખાઈ શકે છે. 'મને આ ન ભાવે' એવું માનસિક વલણ બંધાવાથી પણ બાળક વસ્તુ ભાવે છે એમ સ્વીકારતું નથી અને ખાતું પણ નથી. કેટલીક વાર બાળક ઘણા લાંબા વખત સુધી આંતરડાની કે બીજા કોઈ ભાગની અશુદ્ધિનો ભોગ થઈ પડયું હોય છે. આવે વખતે વૈદ કે ડૉક્ટરની સલાહ લેવી આવશ્યક છે. છેલ્લે જ્યાં સુધી બાળક ખાયપીએ અને દોડેરમે તથા નબળું ન પડે ત્યાં સુધી તેના નિર્દોષ ખોરાક વિષે ચિંતા ન કરવી.

: ૯ :

સ૦ બાળક ખાવાનું વધારે માગે છે ને પાછળથી પડતું મૂકે છે. તો શું કરવું ?

જ૦ બાળકને કેટલું જોઈએ અથવા કેટલું નથી જોઈતું તેનો તેને લાંબા વખતથી અનુભવ નથી, તેથી ખૂબ ભૂખ લાગવાથી ખૂબ જમાશે કે જોઈશે એમ ધારીને તે લે છે. અને ભૂખની તૃપ્તિ થતાં વધારાનું પડયું રહે છે.

અગર તો બાળકને માગવા છતાં પાછળથી પૂરું નહિ મળે એવી શંકા આવી ગઈ હોય છે એટલે આગળથી જ વધારે માગી રાખે છે કે ફરી વાર માગવું ન પડે, ભૂખ્યાં રહેવું ન પડે! માંદાં બાળકોને માબાપો ન આપવાનું કરે છે જ્યારે બાળકો

બમણું લેવાનું કરે છે.

અગર તો બાળક મોટાંઓની દેખાદેખી કરે છે, અને હજી સમજી શકે તેવી સ્થિતિમાં નથી આવ્યું કે આવી દેખાદેખી નિરર્થક છે.

અગર તો બાળકને સૌએ બીજી રીતે અવગણ્યું છે, તુચ્છકાર્યું છે, ને તેને પરિણામે તેનામાં હું નાનું છું, અનાદરપાત્ર છું એવો ખ્યાલ પેસી ગયો છે. આ ખ્યાલને લીધે બાળક મોટું થવાના દેખાવો કરે છે, ને પોતાના હક્કો માગે છે. મોટા થાળ ને મોટા પાટલા માટે આગ્રહ રાખવો તેમ જ ખૂબ જ પીરસાવવું, એ આ કારણે પણ હોઈ શકે.

: ૧૦ :

સ૦ બાળક બીજાને ત્યાં ખાય તે અયોગ્ય ગણાય કે યોગ્ય ?

જ૦ બાળક અભડાઈ જશે તો શું થઈ જશે તેમ માની તેને ખાતું અટકાવવું તે અયોગ્ય.

બાળકને ભૂખ લાગે પણ બા બીજા કામમાં રોકાઈ જવાથી બાળક બીજાને ત્યાં જઈને ખાવા બેસી જાય તો બાને માટે તે અયોગ્ય.

બાળકને ગરીબી કે માંદાં પડવાની બીકે પૂરું-પાષરૂં ખાવાનું ન મળતું હોય તો તે જ્યાં ત્યાં ખાવા બેસી જાય, અગર ખાવાની તક શોધે, તો

તે માબાપ માટે અયોગ્ય.

બાળકને એક વાર સમજાવ્યા વિના જમવાનું, અને બીજી વાર સમજાવ્યા વિના ન જમવાનું કહેવાથી પરિણામે ક્યાં જમવું અને ક્યાં ન જમવું તેનો નિર્ણય કરવાની અશક્તિને લીધે તે જ્યાં ત્યાં ખાવા બેસી જાય તો માબાપને માટે અયોગ્ય.

આડોશીપાડોશીઓ હેતાળ અને ઉદાર હોય અને બાળકોને ચાહવાવાળાં હોય પણ બાળકોની તંદુરસ્તીનો ખ્યાલ રાખ્યા વિના માત્ર તેમને ખવડાવવાનો જ શોખ રાખતાં હોય અને તેમ કરી બાળકો તરફ પ્રીતિ દાખવતાં હોય, તો તે તેમને માટે અયોગ્ય. તેમને બરાબર ન દોરનાર બાળકનાં માતપિતા માટે પણ તે અયોગ્ય.

બાળકોના ખાવાના સમય વિના બાળકો જ્યાં ત્યાં ખાતાં ફરે, અને બીજાઓ તેમને ખવરાવ્યા કરે, તો બંનેને માટે તે અયોગ્ય.

માબાપો જેની સાથે ન બોલતાં હોય અગર જેની સાથે લડતાં હોય, અને છતાં બાળક તેને ત્યાં જઈને વખતે ખાઈ બેસે તો તેને ધમકાવે કે ના પાડે, તે તેનાં માબાપને માટે અયોગ્ય; પણ નિર્દોષ બાળક માટે તેનું પગલું યોગ્ય છે.

બીજાને ત્યાં ખવડાવવાની અને બાળકનું પેટ ભરાવી લેવાની વૃત્તિવાળી માનું બાળક જ્યાં ત્યાં

ખાઈ આવે તો તે માતાને માટે અયોગ્ય, અને બાળકને માટે તો ભારે નુકસાનકર્તા.

બાળક ખાઈને આવે અને ત્યાર પછી તેને ખાવા ન ખાવા સંબંધે સમજાવવામાં ન આવે પણ ધમકાવવામાં આવે, તો માબાપ માટે તે અયોગ્ય.

: ૧૧ :

સ૦ કોઈ બાળકને બીજા બાળકને બટકાં ભરવાની ટેવ હોય તો શું ભરવા દેવાં?

જ૦ ના, ન જ ભરવા દેવાં. બાળકો ઘણી વાર કોઈનું જોઈને એમ કરે છે. પ્રથમ વાતાવરણ શુદ્ધ કરવું. બાળક બટકાં ભરે તે માટે તેને મારવું નહિ તેમ જ ઉપદેશ દેવો કે ટીકા કરવી નહિ. બાળક ઉપર પ્રેમ રાખી જ્યારે તે અભિમુખ હોય ત્યારે તેને પાસે લઈ 'આમ કર તો?' એમ કહેવાથી તેના મનમાં કંઈક પ્રકાશ પડે છે. તે બટકાં ભરે તેને એક મોટી બાબત બનાવી તેની ચર્ચા, વાતો, ધમાધમ બનાવવાથી બાળકને તેમાં ઊલટો રસ આવે છે; બીજાનું ધ્યાન પોતાના પ્રત્યે ખેંચવા માટે તે આવું ઘણી વાર કરે છે. ઘણી વાર બાળકોને એવાં જ કામો કરવા આપણે ઉશ્કેરણી રૂપ થઈએ છીએ. એ કામ તરફ આપણો ઉત્સાહ ન બતાવીએ પણ તેની બહુ વધારે પડતી નોંધ પણ ન લઈએ. બાળકો

અંદર અંદર કજિયો પતાવી લે છે; બાળકોને આ બાબતમાં તેમ કરવા છૂટાં મૂકી જોવાં. સ્વાનુભવથી ઘણાં બાળકો રસ્તે આવે છે. હડકાયા કૂતરા જેમ બાળક બટકાંભરણું થઈ ગયું હોય તો ડૉક્ટરને બતાવવાની જરૂર છે; તેમ જ તેના ઘરના એકંદર માનસિક કરડકણા વાતાવરણમાંથી બાળક કરડકણું થયું હોય તો માનસિક દૃષ્ટિએ તેનો નિકાલ લાવવા ઘરનું માનસિક કરડકણું કે ચીડિયું વાતાવરણ દૂર કરવું જરૂરનું છે. રોવું, મારવું અને કરડવું વગેરે બાળકોના ક્રોધ બતાવવાનાં, હક્ક લેવાનાં, નારાજી કે અણગમો પ્રદર્શિતક રવાનાં સાધનો પણ બને છે. પ્રત્યેક પ્રસંગે દરેક વ્યક્તિગત બાળક આ સાધનને શા માટે વાપરે છે તે જોવું અને પછી તેનો ઉપાય લેવો. હક્ક લેવા માટે બટકું ભરનારને હક્ક મળવાથી બટકું નહિ ભરે; ગેરવ્યાજબી હક્ક સાબિત કરવા માટે બટકું ભરવાનું અશક્ય કરવું જરૂરનું ગણાય. બટકું ભરવાની લાંબા વખતની ટેવનો બીજો ઉપાય થાય ત્યાં સુધી તેમ કરવાની તેને તક જ ન મળે તેવી રચના કરવી. પોતાને પણ બટકાં ભરી લે તેવા બાળકમાં માનસિક અગર શારીરિક ખામી છે તેમ અવશ્ય સમજવું, અને તેની તાત્કાલિક તપાસ કરાવવી.

: ૧૨ :

સ૦ બાળક અમુક જ કપડાં પહેરે અને અમુક તેને માટે કરાવ્યાં હોય છતાં ન પહેરે, તો શું કરવું ?

જ૦ બાળકને પરાણે અણગમતાં કપડાં પહેરાવવાં જ નહિ, પણ તે શા માટે નથી પહેરતું તેની તપાસ કરવી. બાળકની ઇચ્છાને માન આપવું જરૂરનું છે, તેમ જ તેની ઇચ્છાનાં કારણો તપાસી તેમાંનાં કયાં બરાબર છે ને કયાં નથી તે જોઈને તેની સાથે કામ લેવું યોગ્ય છે. બાળકોને કપડાં સંબંધે ઝીણી ઝીણી મૂંઝવણો અને અગવડો હોય છે; ખાસ કરીને શારીરિક અનુકૂળતા એ બાળક માટે મુખ્ય વાત હોય છે. માટે તેમના શરીરને ફાવે તેવાં કપડાં છે કે નહિ તે જોવું. તેમને અમુક અમુક રંગ અને રૂપનો શોખ હોય છે. ઉપયોગી કપડું આવા રંગો અને રૂપો સાથે તે ઝટ લે છે. આપણી દૃષ્ટિએ જે કપડું પહેરાવવા માગતાં હોઈએ તેને બાળકની પસંદગી–રુચિ મારફત પહેરાવીએ તો આપણી મુશ્કેલી ટળી જાય છે. બાળક ઘણી વાર ઉપયોગિતાની દૃષ્ટિ સમજી શકે છે, તો પણ રૂપ, રંગ, આકાર વગેરેની તેની દૃષ્ટિ તેના ઉપર સવાર થઈને આડે આવે છે. માટે બાળકની અને

આપણી વચ્ચે સમાધાનીથી ચાલવું એ જ ઉત્તમ માર્ગ છે.

: ૧૩ :

સ૦ બાળક માંદું હોય અને ન ખાવા-જેવી ચીજ માગે તો આપવી ? તેનું મન દુખાય તેનું શું ?

જ૦ ના, ન આપવી. તે માંદું છે ત્યાં સુધી આપણે તેના વૈદ છીએ, અને તેને બદલે આપણને નિર્ણય કરવાનો અધિકાર છે. માંદગીમાં તેની સ્વતંત્ર ઇચ્છાને વશ જ થવું એમ નથી. તેનું માંદું મન ન દુખાય તેવી રીતે આપણે ના પાડવી. એકને બદલે ગમી જાય તેવું ખાવાનું આપીને ના પાડવી. માંદગીમાં શરીર સાચવવા જતાં મનને વધારે આઘાત ન થઈ બેસે તે બરાબર ધ્યાન રાખી સાચવીને ના ભણવી; અર્થાત્ પ્રેમથી 'ના' પાડવી યોગ્ય છે. તેમ જ સત્તા છે માટે કર્કષતાથી નહિ, પણ મુલાયમપણે અને તેનાં જ બનીને ના પાડવી. માંદગીમાં અયોગ્ય વસ્તુની હા પાડવાથી બાળક રાજી થશે, પણ તેની ભયંકરતા તે સમજી શકતું હોય તો તે આપણને નાલાયક જ ગણશે. એમ જ તંદુરસ્તી મેળવ્યા પછી લાંબે વખતે જ્યારે બાળક પોતે 'ના' નું મહત્ત્વ સમજશે ત્યારે ઊલટું આપણા માટે વિશ્વાસ અને માન ધરાવશે.

: ૧૪ :

સ૦ પિતાને દારૂ પીવાની ટેવ હોય અને તેને સમજાવ્યા છતાં તે બાળકના દેખતાં દારૂ પીતો હોય તો શું કરવું ?

જ૦ તો બાળકને પિતાના ઘરમાંથી દૂર કરવું. તેમ કરવા જતાં માતાને જો પતિનું ઘર છોડવું પડે તો છોડવું. પતિનો પોતાની પત્ની પ્રત્યેનો પ્રેમ દારૂ છોડવામાં મદદ ન કરી શકતો હોય તો તેવા પ્રેમને નિષ્ફળ ગણી પત્નીએ પુત્રપ્રેમ ખાતર સંસારનાં સુખોનો ત્યાગ ખુશીથી કરવો.

સ૦ પણ પિતા બાળકના વાલીપણાનો દાવો કરી બાળકને પોતાને કબજે રાખે તો શું કરવું ?

જ૦ વાલીપણાનો કાયદો બાળકના હિતની ખાતર છે. અને જો દારૂડિયો પિતા બાળકનો અહિત-કર્તા છે તો તેના હાથમાં વાલીપણું રહી શકે નહિ. પણ દારૂ પીનારા ન્યાયાધીશો એમ ઠરાવે કે દારૂ પીવામાં વાલીપણાને હરકત પહોંચતી નથી તો વાલી-પણાના કાયદાની સામે માતાના પ્રેમનો કાયદો ઊભો રહી શકે છે. જે પુત્રપ્રેમને ખાતર માતા પોતાના પતિને છોડે તે પ્રેમને ખાતર વાલીપણાના કાયદાનો વિરોધ કરતાં કદાચ જેલમાં જવું પડે તો માતા અવશ્ય જાય જ. મા પોતાના બચ્ચાને છાતી ઉપર

રાખીને બેસે અને પછી કહે કે 'પતિની સખ્તાઈ કે ક્રૂરતા સામે, કાયદાની સામે અને જેલની સામે તેમ જ જોહુકમીની સામે હું તો આ બેઠી. મારૂં થાય તે કરી લો.' તો જરૂર માતાનું બાળક કોઈથી લેઈ શકાશે નહિ. આવી એક પણ માતા નીકળશે તો સેંકડો પામર પિતાઓને ઠેકાણે લાવવા સારૂ તે બસ થશે.

: ૧૫ :

સ૦ પિતાનો મત બાળકને ગામઠી શાળામાં અને માતાનો મત બાળકને મોન્ટીસોરી અગર કિંડરગાર્ટન શાળામાં મૂકવાનો હોય તો શું કરવું?

જ૦ પિતા તરફથી સવાલ હોય તો પિતાને એ જવાબ છે કે ગામઠી શાળામાં બાળકને ન મૂકાય. ગામઠી શાળા જાતે જઈને જુઓ. ત્યાં તમારૂં બાળક સુખી થશે? ત્યાં તમારા બાળકને ખરૂં ભણતર મળશે?

તમે જો બાળકના ભણતરમાં રસ લેતા ન હો તો તમારે તેની બા જે શાળા પસંદ કરે તેમાં માથું મારવું નહિ.

તમે ઘરમાં મોટા છો માટે તે કારણે બાળકની માતા ઉપર હુકમ ચલવી તમે ધારેલી શાળામાં બાળકને મોકલાવશો, તો મા તથા બાળકો એવી

રાહ જોતાં બેસશે કે ક્યારે તક મળે અને તમારા ઉપર તેઓ હુકમ કરી શકે. તેઓ તમને હુકમ કરવા લાગશે ત્યારે તમને આકરૂં પડશે.

સવાલ પૂછનાર માતા હોય તો જવાબ એ છે કે બાળકના પિતાને શાંતિથી સમજાવવા. ગામઠી શાળાની બદીઓ નજરે દેખાડવી. સારી શાળાઓ જોવા લઈ જવા. બાળકને પોતાના હાથમાં સોંપી દેવાનું કહેવું. મોટે ભાગે તો પિતા તે કામ તમને સોંપશે જ. તેઓ ધંધામાં પડેલા છે, ને આવી પંચાત કરવી તેને માથાઝીક ગણે છે. તેઓ, જો સ્ત્રીઓ ઘરનાં ઘણાં કામો ઉપાડે તો એક પણ કામ પોતે ન કરે એવા વ્યવસાયી છે. આથી તમારી માગણી કબૂલ રહેશે.

પણ સખ્ત વાંધો પડે તો બંનેમાંથી ડાહ્યા માણસે છોડી દેવું. આવી બાબતોથી ઘરમાં કલેશ લાવવો અને એ વાતાવરણમાં બાળકોને ઉછેરવાં એના કરતાં માતા અગર પિતા બેમાંથી એકનું ધાર્યું થવા દેવું અને બીજા પક્ષે પ્રેમ અને નમ્રતાથી પોતાની વાત મૂકવા જ કરવી એ સારૂં છે.

: ૧૬ :

સ૦ બાળક માટી ખાય તો શો ઉપાય લેવો ?

જ૦ કેટલાક ડૉકટરોનું એવું માનવું છે કે

માતા બાળકના ગર્ભાવસ્થામાં માટી ખાય છે તેથી બાળક માટી ખાતું થાય છે. કેટલાક ડૉકટરો એમ માને છે કે બાળકને અમુક ક્ષારોની જરૂર હોય છે ને તે તેના શરીર અગર ખોરાકમાંથી નથી મળતા તેથી તે માટીમાંથી મેળવવા જાય છે.

માટીમાં સ્વાદ છે તે વાત ખરી છે. બાળક ખાય છે ત્યારે તેનો તેને સ્વાદ પણ આવે છે. આ સ્વાદની ટેવ પડ્યા પછી બાળક તે વારંવાર લેવા કરે છે. ઉપાય તરીકે બાળકને ડૉકટર કે વૈદ પાસે લઈ જવું. માટી ખાવા મળે તેવી એક પણ તક ન આપવી. માટી ખરાબ છે અથવા ન ખાવી તેવો ઉપદેશ કે ટોકણી ન કરવી, પણ રસ્તો વગર બોલ્યે બંધ કરવો.

: ૧૭ :

સ૦ બાળક અંગૂઠો કે આંગળાં ચૂસે છે તો શું કરવું ?

જ૦ આ ટેવ પડવાનાં ઘણાં કારણો છે; તેથી નુકસાન પણ છે. તે ટેવ અટકાવવા માટે બાળકનો હાથ મોઢામાં ન જઈ શકે તેવી ગોઠવણ કરવી જોઈએ. આખો હાથ, અંગૂઠો અને આંગળાં કોથળીમાં રાખવાં અથવા મોં તરફ હાથ ન જાય તે માટે હાથને બાંધવો. બાળક જ્યારે જ્યારે મોંમાં

આંગળાં નાખે ત્યારે ત્યારે તેનાં આંગળાં કે અંગૂઠો મોઢામાંથી હળવેથી લઈ લેવાં. અંગૂઠે કડવી દવા કે એવું નિર્દોષ છતાં કડવું ચોપડવું. વારંવારની સક્રિય કાળજીથી એક વાર પડેલી ટેવ ધીમે ધીમે જશે. કહેવાથી, ધમકાવવાથી, ઉપદેશ આપવાથી કે લાલચ દેવાથી આવી કુટેવ નથી જતી કેમ કે બાળક ટેવને આધીન થઈ ગયેલું હોય છે. પોતે ધારે કે અંગૂઠો મોંમાં ન નાખવો જોઈએ તો પણ હાથ એની મેળે મોંમાં જાય છે; રાત્રે ઊંઘમાં હોય તો પણ અંગૂઠો મોંમાં જ જાય છે. માટે જ પડેલી ટેવ ઉલટાવવામાં અવળી ક્રિયા વારંવાર કરાવવી; પણ તે ધીરજ અને શાંતિથી, બાળકનો કશોય વાંક કાઢ્યા વિના. બાળક મોટી ઉંમરનું થઈ ગયું હોય તો તેને અંગૂઠો ચૂસનારના દાંત કેવા બગડી જાય છે, મોઢું કેવું કરૂપ થઈ જાય છે તેની વાત કરવી ને તેવાં ચિત્રો બતાવવાં. પણ મુખ્ય આધાર તો ટેવ ઉલટાવવા ઉપર રહેશે.

: ૧૮ :

સ૦ બાળકને છાનું રાખવા કહીએ કે 'રડ મા, હું તને નવી બંગડી અપાવીશ.' તો એમાં લાલચ છે?

જ૦ જરૂર લાલચ છે; એમ ન કહેવું જોઈએ.

: ૧૯ :

સ૦ બાળકને કઈ ઉંમર સુધી તેની માતાએ ધવરાવવું ?

જ૦ કુશળ ડૉકટર અગર વૈદને પૂછવું જોઈએ. પણ એક વાત એ ધ્યાનમાં રાખવાની કે માતા અમુક ઉંમર સુધી બાળકનું પોષણસ્થાન છે માટે ત્યાં સુધી તો તેણે બાળકને ધવરાવવું જ જોઈએ. બાળકોને ન ધવરાવવાનો પવન શહેરોનાં શ્રીમંત અને સુધરેલાં માબાપોમાં ચાલે છે. એવાં માબાપો ગંભીર ભૂલ અને ગુનો કરે છે. કુદરતે બાળકોના પોષણનાં જે સાધનો અને સમૃદ્ધિ આપી છે તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. નિર્બળ માતાએ પોતાની શક્તિ વધારવી જોઈએ ને બાળકને ધૂ પૂરૂં પાડવું જોઇએ. પોતાની અશક્તિના પરિણામે બાટલી કે આયા એ શરમાવા જેવું તેમ જ દુઃખરૂપ ગણાવું જોઈએ. ગામડામાં છે. આથી ઊલટું બાળકને સૌ કોઈ ધવરાવે છે; પણ બાળકને ધાવણ છોડાવવાનો વખત આવી જાય તો પણ ધવરાવવામાં આવે છે! અજ્ઞાન માતાઓ બાળકોને લાંબો વખત ધવરાવવામાં હેત સમજે છે. પાંચ અને છ વર્ષનાં કેટલાંક બાળકો ગામડામાં ધાવે છે. આથી માનું નિરોગી ધાવણ નથી મળતું; દૂધ સિવાયનો ખોરાક

બાળકે હવે લેવો જોઈએ તે તે લેતું નથી તેથી તેને પોષણ ઓછું મળે છે; બાળક ઊલટું નબળું પડે છે. માટે બાળકનેન ાની ઉંમરે માએ ધવરાવવું જોઈએ. ધાવણ ક્યારે છોડાવવું તે માટે ડૉક્ટરનો મત લેવો; પણ તે સાથે બાળકની જરૂરિયાત, બીજો ખોરાક લેવાની તાકાત, માની શક્તિઅશક્તિ વગેરે બાબતો ધ્યાનમાં લેવી જરૂરની છે.

: ૨૦ :

સ૦ બાળકને લઈને બજારમાંથી જતા હોઈએ અને કેળાંવાળાની દુકાન આવે તો ત્યાંથી કેળાં, ચણાવાળાની દુકાનેથી ચણા, રેવડીવાળાની દુકાનેથી રેવડી, વગેરે અપાવી દેવા બાળક કહે તો શું કરવું? જે માગે તે લઈ દેવું?

જ૦ જે માગે તે લઈ દેવાની કશી જરૂર નથી. બાળક માગે તે અપાવવું જ જોઈએ એમ નથી. બાળક માગે તે ચીજ અપાવતી વખતે આપણે આટલું વિચારવું જોઈએ: "બાળકને તે ઉપયોગી છે? તાત્કાલિક જરૂરનું છે? કોઈ જાતનું નુકસાન કરે તેવી પણ ઉપરથી રૂપકડી અને પૈસા પડાવી લે તથા બાળકને લોભાવે એવી ચીજ છે? પ્રસ્તુત બાળકની તંદુરસ્તી બગાડે તેવી છે? અને છેવટે આપણે તે માટે પૈસા ખર્ચી શકીએ તેમ છીએ?"

સામાન્યતઃ બજારમાંથી જોઈતું કંઈક જેમ આપણે ખરીદી શકીએ તેમ બાળક પણ ખરીદી શકે; તેને પણ ખરીદવાની છૂટ જોઈએ. ધીમે ધીમે જાતે પસંદ કરી નક્કી કરી ખરીદવાની શક્તિનો વિકાસ થવો જોઈએ. બાળકને તેની ઇચ્છા સંતોષવા તેણે માગેલું આપણે અપાવી પણ દેવું જોઈએ; તેની મરજી સાચવવી ઘટે છે. પરંતુ બાળકની માગણી બીજી રીતે કેટલી વ્યવહારૂ અને લાભદાયક છે તેનો વિચાર જરૂર કરવો; અને જો અપાવી શકાય તેમ ન હોય તો બાળકને કારણો આપી સમજાવવું. એમ ન સમજી શકે તેમ હોય તો બાળકને 'ના' પાડવી અને એ 'ના'ને વળગી રહેવું.

: ૨૧ :

સ૦ બાળક સાત વર્ષની ઉંમરનું થાય છતાં નિશાળે ન જાય તો પરાણે મોકલવું કે કેમ ?

જ૦ ન મોકલવું. પરાણે મોકલવાથી બાળક ભણશે નહિ. સાત વર્ષનું થઈ જાય ને નિશાળે ન જાય તો કંઈ ખોટ જશે નહિ. દુનિયાની નિશાળો બંધ કરી દો તો પણ બાળકને નુકસાન જવાનું નથી. ઊલટું આજની નિશાળો બંધ થઈ જાય તો જ ઘણો ફાયદો સમજવો.

બાળક નિશાળે ન જાય તો કારણો તપાસવાં.

ળ ખરાબ છે? માસ્તર ન ગમે તેવા છે? બાળકને કોઈ ત્યાં હરકત કરે છે? બાળકને કોઈ મુશ્કેલીઓ છે? બાળકને શાળાએ જવાના આપણા તરફથી થતા વધારે પડતા આગ્રહને લીધે શાળા પ્રત્યે તેને અણગમો આવ્યો છે? શાળાની ખોટી બીક પેસી ગઈ છે? ઘરનો વધારે પડતો પ્રેમ છે? બાળકને કોઈ બીજું માણસ આડકતરી રીતે તેને ઘરમાં રાખવાના મતનું તો નથી? બાળક પોતે અશક્ત હોવાથી શાળાએ જતાં અચકાય છે? ઘરમાં મળતું જ્ઞાન હજી સંપૂર્ણ નથી થઈ ગયું?

: ૨૨ :

સ૦ આંખમાં મેશ આંજવાથી બાળક રડે તો રડાવીને પણ આંજવી કે નહિ?

જ૦ મેશ આંજવી કે નહિ તે બાબતમાં ડૉક્ટરો મતભેદ ધરાવે છે. પણ જો મેશ આંજવી એવું તમારો વૈદ કહે તો જરૂર આંજવી. પછી તો મેશ આંખની દવા રૂપ છે. પણ તે બનતાં સુધી બાળકને રડાવ્યા વિના આંજવી. બાળકના હાથ ડીને આંજવામાં તે અનુભવ તેને કડવો લાગ મેશ આંજાવવાને તે કજિયા કરે છે. મેશનું ક કંઈક અંશે આંખમાં બળે છે તે પણ અ ચાટેનું કારણ છે. બાળકને શાંતિથી લ

બાળક પોતે ધીરે ધીરે ટેવાઈ જાય છે ને આંજણ અંજાવવા દોડે છે. હમેશાં જ રડતું હોય ને આંજણ ત્રાસ રૂપ થતું હોય તો આંજવાનું પડતું મૂકવું.

: ૨૩ :

સ૦ પાંચ વરસની અંદરના બાળકને કફની પહેરાવવી સારી કે ઝબલું ?

જ૦ કફની સારી લાગે છે. કપડાંની બાબતમાં ઘણી બાબતોનો વિચાર કરવો પડે છે. ઋતુ, કાપડ, ફેશન, કાપડની જાત, બાળકની છૂટ અને આરોગ્યનો પ્રશ્ન વગેરે ધ્યાનમાં લઈ નક્કી કરવું. ઝંબલા કરતાં તો કફની સારી પડશે. અનુભવ કરી જુઓ એટલે સમજાશે.

: ૨૪ :

સ૦ ત્રણ વર્ષની અંદરના બાળકને અનાજનો ખોરાક આપવો કે નહિ ?

જ૦ વૈદ અગર ડૉકટરને પૂછો.

: ૨૫ :

સ૦ છોકરો દસ વર્ષની ઉંમરનો છે. મોઢું ઉઘાડું રાખે છે. ના કહ્યા છતાં તે સમજતો નથી. શું કરવું ?

જ૦ કુશળ ડૉકટર પાસે તપાસાવો. તેને

ગળામાં કાકડા (Tonsils) અથવા Adenoids હોવા જોઈએ. બાળકના ગળાની અંદર કાંઈ દરદ હશે તો કહેવું નકામું જ જશે. તુરત વૈદકીય સલાહ લેવી જોઈએ.

: ૨૬ :

સ૦ છોકરો દસ વર્ષનો છે. મોળું દૂધ પીતો નથી; ગળ્યું દૂધ ભાવે છે. તેને સાકરવાળું દૂધ આપવું ?

જ૦ કાંઈ વાંધા જેવું લાગતું નથી. ખુશીથી આવતીજતી સાકર નાખીને આપવું. સાકર દૂધ સાથે ઉકાળવી.

: ૨૭ :

સ૦ બાળક બજારની ચીજો ખાવાનું બહુ મન કરે છે તો અપાવાય કે નહિ ?

જ૦ બજારની ચીજોને બદલે ઘરમાં કરીને આપો તો સારૂં. બજારની ચીજોનો માલ સારો નથી હોતો; ગંદો હોય છે. તે ચીજો ઉપર માખીઓ બેસવાથી ગંદી અને રોગ લાવે તેવી બની હોય છે. માટે બનતાં સુધી બજારૂ ચીજો છોડી દેવી ને ઘેર બનાવી દેવી.

: ૨૮ :

સ૦ મારૂં બાળક ફળિયાનાં બાળકોને વગરે વાંકે મારે છે, તો શું કરવું ?

જ૦ તમને ધન્યવાદ ઘટે છે કે તમે બાળકનું ઉપરાણું લેતા નથી. બાળકમાં આ દોષ જોઈ શકયા એ તમારા બાળકને વધારે બગડતું અટકાવશે. ઘરમાં બાળક એકનું એક છે? ઘરમાં તે સૌથી નાનું છે ? ઘણી વાર આવાં બાળકોને સૌએ વધારે પડતાં મોઢે ચડાવેલાં હોય છે તેથી તેઓ જેમ કરે તેમ ઘરમાં ચાલવાં દેવાય છે, ને ઘરની વર્તણૂક બાળક શેરીમાં જતાં ત્યાં પણ બતાવે છે.

નાનાં બાળકો મા કે બાપાને રમતમાં મારે છે ત્યારે માબાપ તે રમતને ગમ્મત તરીકે ગણી તેને તેમાં ઉત્તેજન આપે છે. ધીરે ધીરે હસવામાંથી ખસવું થાય, તેમ રમતમાંથી બાળકને મારવાની ટેવ પડે છે.

માબાપો જે બાળકનું ઉપરાણું લે છે ને ઊલટાં બીજાં સાથે લડવા નીકળે છે, તેમનાં બાળકો માથાભારે થાય છે અને બીજાઓનાં છોકરાંઓને મારે છે.

એક જ ઘરમાં જ્યાં જ્યાં એકીસાથે નણંદ-ભોજાઈ કે દેરિયાંજેઠિયાં ભેગાં રહેતાં હોય છે ત્યાં

ત્યાં મારતા મિયાંની તલવારની જેમ, તકરારી બાળકને બીજાને મારતું કરી શકે છે. જેમ માનું કોઈ નામ નથી લેતું તેમ પોતાનું નામ પણ કોઈ લઈ શકે નહિ એમ ધારી બાળક બીજાને પજવે છે.

આવા બાળકને જરાક અનુભવ થવાની જરૂર છે. આપણે તેને ચેતાવવું કે "જો ભાઈ! તમને કોઈ મારે અને લાગે તો તમને જેમ ગમે નહિ, તેમ બીજાને પણ તે ગમે નહિ. એમ છતાં તમે બીજાને મારો અને જો તે સામેથી મારે તો પછી હું કાંઈ કહી શકીશ નહિ. તમારે માર ખાવો પડશે."

આટલી સલાહથી બાળક સમજે તો ઠીક, નહિતર તેને સામાજિક કાયદાનો અનુભવ થવા દેવો. શેરીનાં બાળકોને એકઠાં કરીને કહી દેવું કે "જુઓ ભાઈ! તમને આ ભાઈ મારે તો તમે તેને સામે મારી શકો છો." શેરીમાં કોઈ મારવા આવે તો શેરીનાં બધાં બાળકો તે મારનારને કાઢી મૂકી શકે; તેને પકડીને ઘેર મૂકી આવી શકે; તેની સાથે સંબંધ ન રાખી શકે; તેને લગાવી પણ દે. ત્યાર પછી મારકણા બાળકને જે અનુભવ થશે તેમાંથી તે ઘણું શીખશે ને પોતાનું અસલ શિક્ષણ બતાવશે નહિ.

પણ આ ઉપાય ઊંચી જાતનો નથી. આમાં મારકણું બાળક મારતું અટકશે પણ તે અશક્ત

નીવડવાથી ઈર્ષાળુ થશે. મનમાં વેર રાખી કોઈ વાર લાગ સાધી વેરીના બાળકને તે જ્યારે એકલું મળશે ત્યારે લગાવશે, અગર પોતાનાથી નાનાં બાળકોને મારવાનો સ્વાદ લેશે. અર્થાત્ સામાજિક કાયદો આખરની મુશ્કેલી દૂર કરતો નથી; હૃદયની ખરી શુદ્ધિ કરતો નથી. સમાજને તાત્કાલિક નુકસાનીમાંથી તે બચાવે છે; તોફાની વ્યક્તિ સામે તે બંધ પણ બાંધે છે; પણ તોફાની વ્યક્તિને ફેરવી શકતો નથી. મતલબે હૃદયનો પલટો કરી શકતો નથી.

એટલા માટે સારો ઉપાય આ છે. શેરીનાં બાળકોને આપણે ત્યાં બોલાવી સૌને સાથે સર્જનાત્મક પ્રવૃત્તિ કરવાની થોડો વખત તો આપણી દેખરેખ નીચે જ અનુકૂળતા કરી આપવી. દેખરેખની જરૂર એટલા માટે છે કે તેમને શરૂઆતમાં પડતી મુશ્કેલીઓ આપણે દૂર કરી શકીએ. સર્જન કરવામાં સાથે જ રોકાઈ જનારાં બાળકો લડવાવઢવાનું ભૂલી જ જવાનાં. સર્જન અને તેમાંયે સરસ સર્જનનો આનંદ અદ્ભુત છે. સર્જનાત્મક પ્રવૃત્તિની સાથે જ બાળકમાં શરીરમનની વ્યવસ્થા ઊભી થતાં અંદર રહેલ આત્માનું પ્રતિબિંબ બહાર પડે છે. એ જ પ્રેમતત્ત્વ છે. એ પ્રેમતત્ત્વ કેળવવાના માર્ગે બાળકોને મૂકવાથી તેઓ લડાઈઝઘડો કરતાં બંધ થશે.

જે માર્ગ બાળકોનો છે તે જ મોટાંઓનો છે. દુનિયા ભેળી મળી જીવનના સુખની સહસાધના કરે તો પ્રેમતત્ત્વ વધારે ને વધારે ખીલે, અને જીવનની આજની કડવાશો દૂર થાય.

મોટાંઓ તો એમ કરવા શીખે ત્યારે ખરાં; પણ બાળકોને તો કડવાશના ભોગ થઈ પડે તે પહેલાં મીઠાશના માર્ગે મૂકી દઈએ.

: ૨૯ :

સં૦ હું જ્યારે ગામમાં જાઉં છું ત્યારે મારૂં બાળક મારી સાથે આવવા કજિયા કરે છે ને પાછળ થાય છે. શું કરવું ?

જ૦ વાત એમ લાગે છે કે બાળકને ઘરે નાનું પડે છે. હવે તે માત્ર કૂંડાનું ઝાડ નથી રહ્યું; તે શહેર જોવા ચાહે છે. કદાચ જો બાળક ખૂબ બુદ્ધિશાળી હોય તો તેના મનમાં એમ હોય છે કે "રોજ બાપા બહાર જાય છે, તે બહાર તે શું હશે ? બહાર જઈને શું કરતા હશે ?" આ જાતની જિજ્ઞાસાને તૃપ્ત કરવા તે ચાહતું હોય. વખતે એમ પણ હોય કે બાળકને જ્યારે જ્યારે બાપા સાથે બહાર જવાનું મળ્યું હોય ત્યારે ત્યારે તેને કંઈક જોવાનું, કંઈક ખાવાપીવાનું કે રમકડું અથવા એવું કંઈક મળ્યું હોય ને તેથી તે અનુભવ ફરી મેળ-

વવાને બહાર જવા માગતું હોય. આ સિવાય બીજાં કારણો પણ હોય. પોતાનું બાળક શા માટે બહાર જવા ઇચ્છે છે તે જાણી લેવું જોઈએ—આપણે શોધી કાઢવું જોઈએ. બાપા સાથે બહાર ગયેલ બાળકને દુકાનેથી પાન મળતું હોય, અગર પાડોશમાં આવેલી ગ્રામોફોનની દુકાનમાંથી વાજું સાંભળવાનું મળતું હોય તો તે કારણે બાપા સાથે જવા બાળક કજિયો કરે જ. કજિયો એ તો માત્ર હથિયાર રૂપ છે. આપણે સીધો નિકાલ ન કરીએ ત્યારે બાળક રડવા લાગે છે.

બાપાએ કારણો જાણી લેવાં. બાળકને સાથે નં જ લઈ જવાય એમ નથી. શક્ય હોય તો દુકાને લઈ જવું; પણ તે શક્ય ન હોય તો તેને બજારમાંથી જે મેળવવાની ઇચ્છા છે તે મેળવી તેની ઇચ્છાને પોષવી. બાળકની ઇચ્છા જાણવી (બાળક બુદ્ધિશાળી હશે તો) સહેલું પડશે. કેટલાંક બાળકોની ઇચ્છા જાણતાં વાર લાગશે, પણ ધીરજથી અને અવલોકનથી ઇચ્છા જાણી શકાશે. પોતાના બાળક માટે એટલી ધીરજ અને અવલોકન બાપાએ લાવવાં પણ પડે. બાકી બાળક બહાર જવા માગે છે ત્યારે તે છૂટ, હરવુંફરવું, હવાઅજવાળું, નવું નવું જોવાનું વગેરે ચાહે છે; પોતાની શક્તિઓના વિકાસ માટે તે તે માગે છે એમાં શક જ નથી. એટલે

બાળકોને કંઇ નહિ તો પખવાડિયે અઠવાડિયે ગામમાં ફેરવવાં જોઈએ. એક વાર જ્યારે બાળકો તેનાથી ધરાઈ જશે ત્યારે બહાર જવું પસંદ પણ નહિ કરે. વિકાસમાં જુદાજુદા સમયો આવે છે; તેમાંનો એક સમય ગામ, બજાર વગેરે શું છે તે જોવાનો-જાણવાનો છે. બાળકમાં એ સમય આવશ્યક છે. એ સમય બાળકની વિકાસની કક્ષા વધી છે એમ બતાવે છે. માબાપે તેને પ્રત્યુત્તર આપવો જ જોઈએ.

: ૩૦ :

સ૦ બાળક પાંચ વર્ષનું થયું છે છતાં કાકા, મામા, દાદા એટલું જ બોલે છે. તેનું શું કરવું?

જ૦ આ સવાલના જવાબમાં સામેથી સવાલો પૂછવા પડે તેમ છે. બાળક કાને બરાબર સાંભળે છે? ડૉકટર પાસે તેના કાનની તપાસ કરાવી છે? ઘરમાં બાળક સાથે બીજાં રમનારાં છે? માબાપોને તેની સાથે બોલવાનો અવકાશ મળે છે અને તેની સાથે બોલે છે? જીભમાં કંઈ ખામી છે? તેની તપાસ ડૉકટર પાસે કરાવી છે? આવે પ્રસંગે કયારેનુંયે ડૉકટરને મળી લેવું જોઈતું હતું.

બીજું બાળકો બોલતાં શીખે છે તે બે ઇંદ્રિયોની મદદથી; આ બે ઇંદ્રિયો તે કાન અને આંખ. કાન વડે તે ઉચ્ચારો સાંભળે છે; આંખ વડે

તે આપણને બોલતાં જુએ છે અને આપણા મોં ઉપરના સ્નાયુઓના હલનચલનને પણ ધ્યાનમાં રાખે છે. બહેરાંમૂંગાં બાળકો આંખની મદદ વડે જ બોલતાં શીખે છે.

ઘણાં કાનથી સાંભળે છે પણ તેમના કાન જરા બહેરા હોય છે. આ કારણે તેમને બરાબર સંભળાતું નથી. તેથી સાંભળવાની બાબતમાં તે પછાત પડે છે, અને કુદરતી રીતે સાંભળીને બોલતાં શીખી જવું તેને માટે શક્ય બનતું નથી. બાળક તીવ્રપણે બરાબર સાંભળે છે કે નહિ તેની ખાતરી દૂરના અવાજો તેને સંભળાવીને કરવી; અગર નજીકના પણ ઝીણા અવાજો સંભળાવી જોવા. એમ માલૂમ પડે કે તે સહેજ બહેરૂં છે તો તે બાબતમાં ઉપચાર લેવા. ઉપરાંત કાન તીવ્ર બને તે માટે ઇંદ્રિયોની શાસ્ત્રીય કેળવણીનો પ્રબંધ કરવો. કાનની ઇંદ્રિયોને વધારે સૂક્ષ્મ ધ્વનિઓ સાંભળતી કરી શકાય. નાનપણથી સારી રીતે બોલતાં આવડી જવું એમાં બાળકના કાનની તીવ્રતા પણ છે જ.

વળી બાળક જો એકલું પડી રહેતું હોય, અગર એવા સંજોગો હોય કે તેને વધારે વખત એકલા રહેવું પડતું હોય, તો તેને કાને ભાષા સંભળાતી નથી. ભાષા સામાજિક જીવનની જરૂરિયાત છે. જો બાળકની આસપાસ સામાજિક જીવન ઓછું

હોય છે, અથવા લગભગ નથી હોતું, તેની ભાષા ખીલતી નથી. આ બાબતમાં પણ તપાસ કરવી ઘટે છે.

શરૂઆતની ભાષાના ઘડતરમાં ઘરનો ફાળો બહુ છે. બહુ કામઢાં માબાપોનાં બાળકોને ઘરમાં કોઈ બોલાવનારૂં કે તેમની સાથે વાતો કરનારૂં નથી મળતું. આથી બાળકની કાનની ઇંદ્રિયને સાંભળવાનું મળતું નથી ને ભાષા શરૂ થતી નથી. કેટલાંક ઘરો કે જ્યાં ઘરનાં બધાં બહુ ઉતાવળથી અને ખૂબ ઘોંઘાટથી બોલે છે ત્યાંનાં બાળકોને પણ ભાષા પકડતાં બહુ વાર લાગે છે.

જેમ દાંત ઊગે છે એમ ભાષા પણ ઊગે છે એમ કહીએ તો કહેવાય. તેને માટે પોષણની આવશ્યકતા છે. આ પોષણ શુદ્ધ ભાષાનું છે, શાંતિનું છે. શાંતિમાં સઘળું સંપૂર્ણ સુંદરપણે ખીલે છે.

બાળક પરત્વે આમાંનું જે કાંઈ ઓછું હોય તે પૂરૂં પાડવું; વધારામાં કુશળ ડૉક્ટરની સલાહ લેવી.

: ૩૧ :

સ૦ મારૂં બાળક સ, ષ અને ળ અક્ષરોનો ઉચ્ચાર શુદ્ધ કરતું નથી તો કેમ કરવું ?

જ૦ પ્રશ્ન સ્વાભાવિક છે; આવું ઘણી વાર બને છે. આનું મુખ્ય કારણ તો બાળકની આજુબાજુની ભાષાનું વાતાવરણ એટલું શુદ્ધ અને સ્પષ્ટ

નથી. લોકોનો ઘણો ભાગ આ અક્ષરોના શુદ્ધ ઉચ્ચારો નથી કરતું. આનો ઉપાય ધીરજથી અને બાળકને હેરાન કર્યા વિના કરવો. દરેક અક્ષર સ્થાનભેદે ભિન્ન છે: શ તાલવ્ય, સ દન્તી અને ષ મૂર્ધન્ય છે. બાળક પાસે આ અક્ષરો તેના સ્વસ્થાનમાંથી કઢાવવાની મહેનત કરવી. એ માટે આપણે પોતે સ્થાનની જાણ અને શુદ્ધિ મેળવવી. શ માટે તાળવા તરફ જીભ લેવડાવી અવાજ કઢાવવો; સ માટે દાંતને જીભ અડાડાવી અવાજ કઢાવવો અને ષ માટે દાંત અને તાળવું એ બે વચ્ચે એટલે બેને ન અડે તેમ, મોંમાં વચ્ચે જીભ વળાવી ઉચ્ચાર કરાવવો.

પણ આમ કરવાની ગમ બાળકને સહેલથી ન પણ પડે. સારી રીત તો જે શબ્દોમાં શ, ષ અને સ અક્ષરો આવતા હોય તે તેની પાસે આખા ને આખા બોલાવવા. પણ એ બોલાવતા પહેલાં તેને એવા શબ્દો લાંબા વખત સુધી સંભળાવવા. ભાષાશુદ્ધિનો આધારપાયો કાન છે. ભાષાનું વાહન મોં છે. મોંને તૈયાર કરવા કરતાં કાનને કેળવવો વધારે ઠીક પડશે.

ળ નો ઉચ્ચાર ઘણાં બાળકો ડ અને ઘણાં ર કરે છે. તેનું કારણ આજુબાજુનું વાતાવરણ છે. એ માટે એક ઉપાય શુદ્ધ શબ્દશ્રવણ અને બીજો મદદગાર ઉપાય ભાષાવ્યાકરણનો છે. તે એ કે

ઝાઝાને વાળીને તાળવાના મધ્ય ભાગમાં ફેરવાવી ત્યાંથી ઉચ્ચાર કરાવવાથી ળ ઉચ્ચાર નીકળશે.

: ૬૨ :

સ૦ એક દિવસ હું વેંગણ સમારતી હતી. હું શાક સમારું તેનો કચરો હમેશાં બેબી જ ફેંકતી. એક વેંગણ હું સમારતી હતી ને બીજું પાસે પડ્યું હતું. બેબીએ તે વેંગણ ઉપાડ્યું ને કહ્યું: "હું નીચે ફેંકી આવું?" મેં કહ્યું: "ના. એ તો શાક છે." એ કહે: "ના, હું ફેંકી આવું." અને એમ કહી એ ચાલી. "પાછું લાવતો, બહેન?" એમ કહીને હું હેવા ગઈ એટલે તે દોડી. પાછળ હું પણ દોડી. પણ એણે તે બારીએ પહોંચતાની સાથે જ વેંગણ ફેંકી દીધું, ને તે સામી ભોંયમાં પડ્યું. મારાથી એક ચીસ મરાઈ ગઈ, અને એણે જોઈ કહ્યું: આ વખતે મારે શું કરવું જોઈએ?

૦/૦ આ પ્રશ્નનો ઉત્તર આપું તે પહેલાં બહેન કહેશે આપું? 'બેબી' શબ્દ વાપરવાની હોંશ શા માટે રાખો છો? બચુ, બચી, બબી, બાબી, બહુ એવા વહાલભર્યા શબ્દોથી ન ચાલે? અહુકરણમાં આપણે આટલા બધા વધારે ન વધીએ તો?

હવે મુખ્ય સવાલ એ છે. જ્યારે બેબીએ પૂછ્યું કે "હું વેંગણ બહાર ફેંકી આવું?" ત્યારે

તમારે પૂછવું જોઈતું હતું: "ક્યાંથી ફેંકીશ? પછી વેંગણ ક્યાં પડશે? પછી કોણ લઈ આવશે? મોરીમાં પડશે તો શાક થઈ શકશે, નહિ, તો?" આવા સવાલો મીઠાશથી પૂછ્યા હોત તો બેબીના મનમાં વેંગણ ફેંકવાનો એકાએક આવેલો આવેશ રોકાત, કારણ કે બેબી વિચાર કરવા લાગત અને એટલામાં તો તેના આવેગ ઉપર સંયમ આવી જાત.

બેબીને તો એક પ્રયોગ કરવો હતો કે 'જો વેંગણ નીચે ફેંકી દઉં તો શું થાય?' અને પ્રયોગ થયો પણ ખરો જ! કારણ કે બેબીને પ્રયોગમાંથી ઠીંકો મળ્યો. પ્રયોગને પરિણામે એને રડવું પડ્યું, વેંગણ ગયું, વગેરે. પણ બેબીને એવું પરિણામ નહિ જ જોઈતું હોય. તેને તો ઊંચેથી નીચે પડતી વસ્તુની ગતિ જોવાનું કદાચ મન હશે; કદાચ કંઈ બીજો અનુભવ કરી જોવાની ઇચ્છા હશે. પરંતુ આપણને બાળકોની કલ્પનાઓ કે તેમના પ્રયોગક્ષેત્રોની ખબર નથી હોતી તેથી તે પાર પાડવામાં આડે આવીએ છીએ. પરિણામે બાળકનો પ્રયોગ ધૂળધાણી મળે છે અને એક આનંદી બાળક થોડા જ વખતમાં રડતું બની રહે છે. એક વેંગણ મોટી વાત ન હતી. ફેંકી દીધું હોત તો નીચેથી લાવી શકાત. પરંતુ જ્યારે આપણે બાળકોના હેતુઓને સમજવાને અસમર્થ હોઈએ છીએ અથવા તેને વિષે બેદરકાર

હોઈએ છીએ, ત્યારે બાળક અને આપણી વચ્ચે ખેંચતાણ થાય છે અને એકને બદલે બીજું બની આવે છે. બેબીની પાછળ દોડવામાં આવ્યું ન હોત પણ તેની સાથે વાતો ચલાવી હોત તો તેને વિચાર કરવાનો અવકાશ મળત. પણ જ્યારે તેને ના કહેવામાં આવી ત્યારે તે તુરત જ ચાલવા માંડી, અને જ્યારે તેની પાછળ દોડવામાં આવ્યું ત્યારે તે દોડી અને પોતાની ઇચ્છાનો તુરત જ તેણે અમલ કર્યો! ખરી રીતે આપણે જ તેને એ પરિણામ તરફ વેગથી ધક્કેલી કહેવાય.

વાંરૂ; વેંગણ નીચે ગયું, મોરીમાં પડ્યું તે નકામું ગયું. આ બધું બની ગયું; નુકસાન થઈ ગયું. પણ પછી બેબીને ઢીંકો માર્યો તે શા માટે? વેંગણ ન ફેંકી દેવા કે વેંગણ મોરીમાંથી બહાર આવી પડે એટલા માટે, કે શા માટે? ખરી વાત એમ છે કે પછી તો ગુસ્સો આવી ગયો ને ગુસ્સાએ બેબીને ઢીંકો મારી દીધો! બેબીએ આમ શાથી કર્યું એનો વિચાર કરવા, અગર બેબીને જ તેમ કરવાનું કારણ પૂછવા, અથવા વેંગણ ગયું તે ભયંકર પરિણામ તેને સમજાવવા બેઠાં હોત તો ગુસ્સાને અવકાશ રહેત નહિ. કારણ જ્યાં સુધી બુદ્ધિ સાવધ રહી પોતાનું કામ કરે છે ત્યાં સુધી ગુસ્સો પેસી શકતો નથી. પરંતુ જ્યારે બુદ્ધિની ક્રિયા બંધ પડે છે

ત્યારે ગુસ્સાને કૂદી પડવું સહેલું થઈ પડે છે. આ બાબતમાં પણ ખરે તેમ જ બન્યું છે. અને પછી એબીએ ભેંકડો તાણ્યો તેમાં નવાઈ ખરી ? એક રીંગણું તો આમેય ગયું અને આમેય જાત; પણ એબીને તેવો પ્રયોગ કરવા દીધો હોત તો એબીને મારવી ન પડત, ને ભેંકડો સાંભળવો ન પડત. પ્રત્યેક પ્રસંગે ઉતાવળા કે આકળા થયા વિના આપણે અવશ્ય જોવું જોઈએ કે આવે વખતે શું કરવું બરાબર ઠીક છે; અને એ જ કરવું.

: ૩૩ :

સ૦ લીલીને દૂધ જરાયે ભાવતું નથી. ગમે તેટલું સમજાવીએ તો પણ તે ન જ પીએ. ચા દૂધ આપીએ તો કેમ ? એ પીએ છે. પોણો કપ દૂધ અને પા કપ ચા આપીએ તો વાંધો ખરો ?

જ૦ લીલીને દૂધ નથી ભાવતું તેનું એક કારણ ઘરમાં ચાપાણીનું ખૂબ વાતાવરણ હોય અને માત્ર બાળકોને જ દૂધ પીવાનું હોય એ હોઈ શકે. જ્યારે માબાપો હરહંમેશ ઊઠીને ચા પીતાં હોય છે ત્યારે બાળકને જ દૂધ પાવું એ બહુ આકરૂં બનતું જોવામાં આવેલું છે. આવે વખતે બાળકો વચ્ચે વચ્ચે થોડીક ચા મેળવી લેવા પ્રયત્ન કરે છે. પોણો કપ દૂધ અને પા કપ ચાથી પણ તેઓ

સમાધાન માની લે છે. બાળકોને દૂધ જ પાવું હોય તો સર્વોત્તમ ઉપાય માબાપોએ પોતાના તેમ જ બાળકોના હિતાર્થે ચા મૂકી દેવી એ જ છે. પોતે ચા પીતાં રહી બાળકોને દૂધ પાનારાં માબાપોનો આડકતરો એવો ઉપદેશ છે જ કે મોટાં થઈને ચા પીજો; હમણાં નહિ. અને ઘણે ઠેકાણે બનેલું જોવામાં આવ્યું છે કે નાનપણમાં જેને ચા પીવાની બંધ હતી અથવા દૂધ જ પાવામાં આવતું હતું તેઓ મોટપણે ચાના પરમ ભક્ત બની ગયાં છે. આવી બાબતમાં માબાપો ઘરનું વાતાવરણ સુધારે, અર્થાત્ પોતે જ પોતાની રહેણીકરણી બદલે, તો સારૂં.

એ વાત પણ ખરી છે કે બધાં બાળકોને દૂધ નથી ભાવતું; ને એ વાત પણ એટલી જ ધ્યાનમાં લેવા જેવી છે કે બાળકોના પેટમાં દૂધ જવું જ જોઈએ. દૂધ ખૂબ જ ગુણકારી છે અને બાળકોનો તો એ મુખ્ય ખોરાક જ છે, એ લખવાની જરૂર નથી. એટલે જ હરેક ઉપાયે બાળકોના પેટમાં દૂધ નાખવાની રીતો આપણે શોધવી જોઈએ.

દૂધમાં સાકર નાખવાથી દૂધ ભાવે તો તેમ કરવું. દૂધ સાથે ઘઉંનો, જવનો કે બીજો લોટ ભેળવી રાબ અર્થાત કાંજી બનાવીને આપવું. આ રીતે જેમાં દૂધ પીણા કે અર્ધ પીણા તરીકે આવે તેવાં પીણાં કે ચાટણાં આપણે બનાવવાં જોઈએ.

એટલું ખરૂં કે પેંડા કે એવા પદાર્થો વાટે દૂધ આવી શકતું નથી. તાજું દૂધ પેટમાં જાય તેવી તેને વાપરવાની રીતો શોધવી જોઈએ.

: ૩૪ :

સ૦ બાળકને હમેશાં સાંજે ફરવા જવાની ઇચ્છા થાય છે; સાંજ પડે કે પજવે છે. ઘરનું વાતાવરણ એવું છે કે ફરવા લઈ જઈ શકાય એમ નથી. એના ભાઈને ફરવા લઈ જવાની ફુરસદ કે હોંશ નથી, અને બીજું કોઈ લઈ જાય એવું છે નહિ. તો મારે શું કરવું?

જ૦ બાળકની હોંશ આપણે પૂરી પાડવી જ જોઈએ. તે નાનું છે અને પોતાની હોંશ પૂરી પાડી શકવાને અશક્ત છે માટે આપણે તેની હોંશ પૂરી પાડવી જોઈએ. અશક્ત અને નાનાનો વિચાર આપણે કરીએ તેનો જ કંઈ અર્થ છે; તેમાં જ માબાપના જીવનની મીઠાશ છે, રમ્યતા છે અને ઉદાત્તતા છે. બાળકો મોટાં થશે ત્યારે તો પોતાની મેળે ફરવા જશે જ.

ઘરના એવા વાતાવરણને બાળકો માટે આપણે હલાવી નાખવાની ફરજ છે. વાતાવરણના જૂના કાયદાઓનો અમલ બાળકો ખાતર આપણે તોડી શકીએ. મનુષ્યજાતે પોતાનાં બાળકો માટે અનેક

જોખમો ખેડ્યાં છે. આજે પણ આપણે અને ખાસ કરીને સ્ત્રીઓએ આ લડતો લડવાની છે. જે સ્ત્રી પોતાના બાળકના હક્કો માટે લડશે તે બાળકો તેમ જ સ્ત્રીઓ બંનેને સ્વાતંત્ર્ય અને સુખ અપાવશે. એવા વાતાવરણને માટે લડનારી સ્ત્રીઓ જેમ વધશે તેમ બાળકોનો અને તે દ્વારા માનવજાતનો ઉદ્ધાર વહેલો થશે.

એના ભાઈને ફરવા લઈ જવાની ફુરસદ કે હોંશ નથી તો એના ભાઈને પૂછો કે એમનો નકામો વખત કેટલો જાય છે? તેમને કહો કે ક્લબમાં મિત્રોમાં ગપ્પાંસપ્પાંમાં જો તમારો વખત જતો હોય તો તમે તે બધું છોડી દો અને બાળકને લઈને ફરવા જાઓ. અત્યાર સુધીની બાળકો, સ્ત્રીઓ અને ઘર પ્રત્યેની પુરુષોની બેદરકારી ટાળવા તથા બાળકોના જીવનને રક્ષવા અને વિકસાવવા બહેનોએ પુરુષોને ઠેકાણે લાવવા જોઈએ. પુરુષો છાપાં વાંચે, મિત્રો સાથે ગપ્પા મારે, સાઈકલો ફેરવે, જ્યાં ત્યાં મળવાહળવા જાય અને સ્ત્રીઓ ઘરમાં બેઠી બેઠી બાળકોને સાચવ્યા કરે, એમાં પુરુષોનું પતન છે—પુરુષજાતિનું અપમાન અને વિવેકભ્રષ્ટતા છે. બાળક જે પોતાના પ્રેમનું ફળ છે તેનો સર્વાંગ સુંદર વિકાસ કરવાનું બંનેને માથે છે. સ્ત્રીની સહન કરવાની કેળવાયેલી શક્તિનો પુરુષ જો

ગેરલાભ લેશે અને સ્ત્રીને જ માથે બધો બોજો નાખી દેશે તો આખરે પુરુષો સ્ત્રીઓની શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ ગુમાવી બેસશે અને જીવનને હાથે કરીને નીરસ, નિષ્પ્રયોજન અને દુઃખી કરી નાખશે. વર્ષોથી ચાલી આવતી સ્ત્રીઓની નબળી સ્થિતિનો લાભ લેનાર પુરુષો પોતાની જ પ્રજાનું અકલ્યાણ ઇચ્છે છે, અને તેમાં તેમનું પણ અકલ્યાણ જ છે. પુરુષોએ વહેલા ચેતી લેવું જોઈશે. બાળઉછેરમાં અને ગૃહ-વ્યવસ્થામાં તેમણે રસ લેવો જોઈશે, અને પોતાની અર્ધાંગનાને સહાય આપવી જોઈશે.

એના ભાઈને બાળકને ફરવા લઈ જવાની હોંશ નથી તો પછી એને શાની હોંશ છે? સંભવ છે કે આખો દહાડો કમાણીમાં રોકાયેલો બાપ થાકીપાકીને ઘેર આવી આરામ લેવા ઇચ્છે, ને તેથી બાળકને ફરવા ન લઈ જઈ શકે. પણ તેના મનમાં ફરવા લઈ જવાની હોંશ તો જરૂર હોય જ. મા કે બાપને પોતાના બાળકની સાથે વાતો કરવાની, તેની સાથે રમવાની, તેને ફરવા લઈ જવાની હોંશ હોય જ છે અને હોવી જ જોઈએ. બાપની એવી મનોવૃત્તિ તે કેવી હોય કે જેને ફરવા લઈ જવાની હોંશ ન હોય? બાપ અશક્ત હોય, અપંગ હોય, રાત્રે પણ કોઈને ત્યાં કામમાં ગૂંથાયેલો રહેતો હોય, એવા કામમાં રોકાયેલો હોય કે જેની કિંમત

અસાધારણ હોય, તો તે બાપને આપણે માફ કરી શકીએ. પણ બીજા પિતાઓની અહોંશને આપણે માફી ન આપીએ.

પૂછનારને એ જવાબ છે કે બાળકને લઈને ફરવા જવું અને સાંજે રસોઈપાણી ન કરવાં, એટલે સૌની આંખો એની મેળે ઊઘડશે જ. બાળકોની ખાતર લડનારી માતાઓના હાથમાં બાળકનું, તેના પિતાનું અને જગતનું કલ્યાણ છે.

: ૩૫ :

સં૦ મારો એક દીકરો ભણવામાં બહુ જ ઠોઠ છે. માસ્તર રાખ્યા છે છતાં મગજશક્તિ ઘણી જ કમ છે. શરીર એકવડું પણ મજબૂત છે. રમતગમતનો બહુ શોખીન અને એક્કો છે. પોળના છોકરાંઓમાં આગેવાન જેવો છે. આમ ભણવામાં પણ આગેવાન થાય તે માટે હું શું કરૂં?

જ૦ માસ્તર રાખવાથી મગજશક્તિ ઓછી થઈ જાય છે માટે માસ્તર રાખવા નહિ. તેનો રમતગમતનો શોખ ખૂબ કેળવાવા દો. આગેવાની લેવાનો જુસ્સો ભણતરથી નરમ પાડવો નહિ. શેરીમાં જે ક્રિયાશક્તિ અને સાહસવૃત્તિ કેળવાય છે તે પુસ્તક વાંચવાથી કેળવાતી નથી. પુસ્તક વંચાવી બાળકમાં જે પ્રેરણા જગાવવા માગીએ

છીએ તે સ્વતઃ તેનામાં છે, અને તેને, ખીલવા દેવામાં તમારૂં તથા તેનું ભલું છે. ભણતર એટલે વાંચવું, લખવું અને હિસાબ કરવા. માણસ તે ગમે ત્યારે શીખી શકે છે. પરંતુ જે વયે બાળક પોતાની મેળે જ સાહસ, હિંમત, ચપળતા, સમયસૂચકતા વગેરે ગુણો કેળવવા માગે છે, તે વયે જો આપણે તેની આડે આવીએ તો તે કાયમનું અપંગ બને છે, અને મોટું થતાં તે ગમે તેટલું ભણેલું થાય તો પણ ક્રિયાહીન અને શક્તિહીન થાય છે. મોટા ભણેલાઓ કંઈ કામકાજ કરી શકતા નથી અને દરેક સાહસની બાબતમાં પાછા પડે છે તેનું કારણ નાનપણમાં તેમની તે શક્તિ માંબાપે અગર શિક્ષકે વિકસવા દીધી હોતી નથી એ છે.

: ૩૬ :

સ૦ મારાં છોકરાંઓ જૂઠું ન બોલે, ચોરી કે ચાડીચુગલી અથવા ખરાબ વર્તન ન કરે તે બદલ વારંવાર તેમને હું કહું છું: "જે કોઈ જૂઠું બોલશે, ચોરી કે ચાડીચુગલી કરશે અથવા ખરાબ વર્તન રાખશે તેને ભગવાન તાવ આપશે અને કડવી દવા પીવી પડશે." તો મારૂં આ વર્તન અઘટિત છે? તમે પણ ઉપરનું જાણવાથી મારા અનુભવ મુજબ તેવું કરતા થશો એવી મારી ખાતરી છે. તો શું

આવી જાતની બીક વ્યાજબી નથી?

કોઈ પણ વખત જો મારૂં કોઈ છોકરૂં બિમાર થાય છે તો હું કહું છું કે "ચોરી, ચાડીચુગલી, જૂઠું વગેરે કંઈ કર્યું હશે તેથી ભગવાને તાવ આપ્યો." દવા પાતાં હું કહું છું: "બોલો: હે ભગવાન! હું કોઈ દિવસ જૂઠું નહિ બોલું અને ચોરી વગેરે નહિ કરૂં; ને મારાથી કંઈ થઈ ગયું હોય તો માફ કરો, અને મારો તાવ મટાડી દો." તો શું આ પ્રયત્ન વ્યાજબી નથી?

જ૦ જૂઠું, ચોરી, ચાડીચુગલી તથા ખરાબ વર્તન અટકાવવા માટે તમે તેને "ભગવાન તાવ આણશે અને કડવી દવા પીવી પડશે." એવી બીક બતાવો છો તેથી તમે તે દુર્ગુણો અટકાવી શકવાના નથી. અમારો અનુભવ પણ તેવો જ થયો છે અને તે સ્વાભાવિક છે. ભગવાનની બીકથી છોકરાંઓ જૂઠું બોલતાં નથી તેમ સાચું યે બોલતાં નથી. બાળકો જૂઠું બોલવું વગેરે ખરાબ વર્તન કરે છે તેનું કારણ ભગવાનની નહિ પણ આપણી પોતાની બીક હોય છે. દિલગીરીની વાત એ છે કે આપણે પોતે ભગવાન થઈને બેઠા છીએ. માણસ ભયથી કદી સત્યનિષ્ઠ થવાનો નથી જ. ભયથી તમામ ગુણો-સદ્ગુણો નાશ પામે છે. ભય ભયંકર રાક્ષસ છે. જે માબાપો પોતાનાં બાળકોને ભગવાનના કે પોતાના

નામે ડરાવતાં નથી પણ બાળકોને નિર્ભયતાનું વાતાવરણ આપે છે, તે માબાપોનાં બાળકો આપોઆપ સાચું બોલનારાં અને પ્રામાણિક બને છે. "હે ભગવાન! હું કોઈ દિવસ ચાડીચુગલી નહિ કરૂં; અને મારાથી કંઈ થયું હોય તો માફ કરજો, અને મારો તાવ મટાડી દેજો." એમ તમે બાળકો પાસે બોલાવો છો તે ઘણું હાસ્યાસ્પદ અને નીતિવિરોધી છે; તેમાં તર્કશુદ્ધિ તો નથી જ. તમારૂં બાળક પણ સમજે છે કે તાવ કાંઈ ભગવાન લાવતો નથી, પણ કંઈક વધારે પડતું ખાવાથી કે એવા કારણથી આવે છે; અને દવા પીવાથી તે ઊતરી જાય છે, નહિ કે માફી માગવાથી. વળી બાળક જાણે છે કે પોતે અનેક વખત જૂઠું બોલે છે, ચોરી કે ચાડીચુગલી કરે છે, છતાં દરેક વખતે ભગવાન તેને તાવ લાવતો નથી. અર્થાત્ બાળકને છેક મૂરખ ન સમજતા કે આપણું સમજાવ્યું તે સમજી જાય.

તમે તમારૂં, તમારા ઘરનું અને આજુબાજુનું વાતાવરણ નિર્દોષ રાખો, નિર્ભયતા સ્થાપો; બાળક કોઈ પણ જાતનો ગુનો કરી બેસે તો પણ તેને શિક્ષા કરતા નહિ, પણ શા માટે બગાડ થયો તેનું કારણ શોધો અને પ્રેમથી તેને આવી રીતે ફરી વાર નુકસાન ન થાય તેમ સમજાવો, તો બાળક જરૂર સારૂં બનશે. આ બાબતમાં મને શંકા નથી.

: ૩૭ :

સ૦ મારી પુત્રીને ગણિતના આંકડાઓ યાદ રહેતા નથી; વારેવારે તે ભૂલી જાય છે. તો તેની યાદદાસ્ત નબળી હશે? શું કરવું?

જ૦ જો બાળકના મગજમાં કંઈ ખાસ ખામી ન હોય તો સામાન્ય રીતે દરેક બાળકની યાદદાસ્ત સાધારણ રીતે સારી હોય છે. યાદદાસ્તનો નિયમ આ પ્રમાણે છે. આપણને જેમાં રસ હોય છે તે યાદ રહે છે અને જેમાં રસ નથી હોતો તે ભૂલી જઈએ છીએ. ભય અથવા પ્રીતિ બંનેથી આ રસ ઉત્પન્ન થાય છે. રસનું કારણ વિકાસવૃત્તિ છે. ભય અને પ્રીતિથી ઉત્પન્ન થયેલો રસ જ્યાં સુધી ભય અને પ્રીતિ હોય છે ત્યાં સુધી જરૂર રહે છે. ભય ઉત્પન્ન કરનાર કે પ્રેમ આપનાર દૂર થતાં રસ ઊડી જાય કે ક્ષીણ બને તો તે પ્રમાણમાં સ્મૃતિ પણ ક્ષીણ બને છે. પણ જ્યારે વિકાસને લીધે માણસ પોતે જે કાંઈ મેળવે છે, તે જ્યાં સુધી વિકાસ તેને સ્પર્શે છે ત્યાં સુધી તેને યાદ રહે છે. વિકાસની ગતિ વધવા સાથે નવા રસો અને સ્મૃતિ-પ્રદેશ વધતાં જાય છે.

આપના બાળકને ગણિતના આંકડા યાદ રહેતા ન હોય તો ગણિત શીખવવાનો આગ્રહ

હમણાં ન રાખો. તેને બીજી જે ઘણી બાબતો યાદ રહી શકે છે તે બાબતો દ્વારા તેના વિકાસની યોજના અથવા ભણતરની રચના કરો. એક નાના બાળકનો વિકાસ અનેકવિધ હોય છે. આપણે બારીક નજરે તેનો રસ ક્યાં ક્યાં છે તે જોઈને તેના રસને પોષે તેવું વાતાવરણ તેને આપવું. રસ-પોષણ સાથે જ રસ સાથે જોડાયેલા વિષયો સંબંધે માહિતી યાને જ્ઞાન બાળક સહેજે સમજશે. તમે આ દૃષ્ટિએ બાળકને જોશો, ને તેને અનુકૂળતા કરી આપશો.

: ૩૮ :

સ૦ મારો ભાનુશંકર હમણાં હમણાં મને બહુ કનડે છે. કહે છેઃ 'ગિજુભાઈએ મને ઘરમાં કામ કરવાનું કહ્યું છે.' ને પછી હું સંજવારી કાઢતી હોઉં ત્યારે સાવરણી હાથમાંથી લઈ લે છે ને સંજવારી કાઢવાની હઠ કરે છે; વાસણ માંજતી હોઉં છું ત્યારે રાખવાળા હાથ કરીને વાસણ ઘસવા બેસે છે; રોટલી કરવા બેસું છું ત્યારે વેલણ હાથમાંથી લઈ લે છે ને કહે છેઃ 'મારે રોટલી વણવી છે.' આવું બધું બાયલાના જેવું કામ કરવા ખૂબ હઠ કરે છે, ને હું કરવા દેતી નથી એટલે કજિયા કર્યા કરે છે. હવે તો હું બહુ કાયર થઈ

છું. તમે કોઈ રીતે તેના કજિયા બંધ કરાવો.

જ૦ કોઈ રીતે ભાનુશંકરને ઘરના કામ-કાજમાં ભાગ લેવાની ગોઠવણ કરી આપો તો ઘણું સારૂં. શરીરના અને મનના વિકાસ માટે જે જાતનું કામ ભાનુશંકર કરવા દોડે છે તે અતિ અગત્યનું છે. બાલમંદિરમાં એવા કામની વ્યવસ્થા કરી શકાતી હોત તો અમે જરૂર કરત. ઘરનાં નાનાં નાનાં ઘણાં કામો કરીને બાળકો પોતાના હાથપગ તેમ જ પોતાનાં આંખકાન આદિ ઇંદ્રિયોને કેળવે છે. આ સ્વાભાવિક વિકાસ છે. આપણને કામમાં અડચણ પડે છે એ વાત સાચી છે; પણ બાળકના વિકાસને લક્ષમાં રાખીને થોડોએક વિચાર કરીએ, થોડીએક મુશ્કેલી વેઠીએ, તો બાળકોને ગમતાં કામો આપી શકીએ. આપણે તેમને માટે તેમનાં ગમતાં કામોની અલગ વ્યવસ્થા કરતાં નથી તેથી જ તેઓ આપણાં કામોમાં આડે આવે છે.

ભાનુશંકર બાયલો થઈ જશે એવી બીક તો રાખશો જ નહિ. જેને ઘરનું કામકાજ નથી આવડતું તે ખરો કેળવાયેલો નથી, અપંગ છે. પુરુષો ઘરનું કામકાજ જાણતા નથી તેથી જ ઘરમાં ઘણી પરાધીનતા ભોગવે છે. ભવિષ્યની પ્રજા બધીય જાતની પરાધીનતામાંથી મુક્ત થવી જોઈશે. ઘરનાં નાનાંમોટાં કામો કરીને ભાનુશંકર બીજા વિકાસ

સાથે સ્વાધીનતાને માર્ગે જાય છે.

ભાનુશંકર હઠ કરતો નથી, પણ આગ્રહ કરે છે. નિર્દોષ કામ કરવામાં જે બળ છે તે આગ્રહનું છે. આગ્રહને હઠને નામે ઓળખીને જો તેને તોડી કે કચરી નાખશું તો ભાનુશંકર નિર્બળ મનુષ્ય થશે. આગ્રહ એટલે પ્રાણ. ભાનુશંકરમાંથી પ્રાણ લઈ લઈશું તો તેનામાં શું રહેશે? તેનો આગ્રહ આપણને હઠ લાગે છે તેનું કારણ તો એ છે કે તેના આગ્રહને યોગ્ય માન ન આપવામાં આપણી જ હઠ છે.

ભાનુશંકર કજિયા કરે છે તેમાં તે આપણી હઠ સામે પોતાનો વિરોધ બતાવે છે. રડવું એ કજિયો; ને કજિયો કરવો એ બાળક માટે એક જ હથિયાર છે. બાળક જ્યારે ધાર્યું કરી શકતું નથી ત્યારે તેને રડવાનો જ માર્ગ રહે છે. જ્યાં વિકાસ માટે ધાર્યું કરવા માગે છે એમ આપણે જોઈએ ત્યાં આપણે તેને રડવાનો પ્રસંગ ન જ આપીએ.

જે સઘળાં કામો આપણે કરીએ છીએ તે રાક્ષસો કે દેવો આપણા હાથમાંથી ઝૂંટવી લે તો આપણે માટે રડવા સિવાય બીજો કયો માર્ગ રહે? ભાનુશંકરના કજિયાનું કારણ વિચારી શકશો. બાળકોને ઉછેરવાં ને કાયર થવું એ પાલવે નહિ. આપણને કોઈ વસ્તુ નથી ગમતી ત્યારે આપણે કાયર થઈ જઈએ છીએ; એ જ વસ્તુ જો આપ-

ણને ગમે, તો જ્યાં કંટાળો આવતો હતો ત્યાં આનંદ આવે છે.

ભાનુશંકર માટે એક સાવરણી, એક સૂપડી, માંજવાને માટે થોડાંએક પોતાનાં વાસણો, પાટલી, વેલણ, વગેરે આપો અને તે કામમાં તલ્લીન થયેલા ભાનુશંકરને જુઓ. તમે તેના મોઢા ઉપર પ્રસન્નતા, ઉત્સાહ, આગ્રહ ને શાંતિ જોશો. તમે તેના હૃદયમાં જઈને તેના આનંદમાં ભાગ લેશો તો ભાનુશંકરને ઊંચકીને ખોળે બેસારવાનું કે બચી લઈ લેવાનું મન થશે. તેણે કરેલા મેલા હાથ કે મેલું ફરાક તમારી અને તેની વચ્ચે આવશે નહિ. આવો અનુભવ એક વાર થશે એટલે તમે કદી કાયર થશો નહિ અને ભાનુશંકરનો કજિયો બંધ થશે.

: ૩૯ :

સ૦ આપ બાલસ્વાતંત્ર્યના પૂર્ણ હિમાયતી છો. વખતે વખતે આપ આપના ભાષણમાં અને પત્રિકામાં અમને અમારાં બાળકોને છૂટાં મૂકવાનું કહો છો. પરંતુ હું તો મારા બચ્ચુથી કાયર થઈ ગઈ છું. તમારા કહેવા પ્રમાણે આ બે મહિના મેં કરી જોયું. એને કોઈ પણ બાબતમાં ના પાડી નહિ, તેમ જ કોઈ પણ પ્રવૃત્તિમાંથી અટકાવ્યો નહિ; એ જે કહે તેમ તેમ કરતી ગઈ. આથી તે પોતે કાંઈ

વિશેષ સુખી થયો હોય એમ દેખાતું નથી. માત્ર જે બધું બને છે તે મારી સહન કરવાની શક્તિની બહારનું લાગે છે.

એક તો ઘરની બધી વસ્તુઓ તેની તપાસને માટે જ હોય એમ સમજી તે ભાંગફોડ કરવા મંડી જાય છે. ઘડીકમાં તે તેના પિતાના ટેબલ ઉપર પડેલા કામકાજના કાગળો વીંખી નાખે, અગરશાહીથી હાથ બગાડે, ટેબલ બગાડે, વગેરે જે તે કરી આવે તો ઘડીકમાં રસોડામાં જઈ મીઠું, મરચું, હળદર, વગેરે ભેગાં કરી તેનો રંગ બનાવે, તો વળી ઘડીકમાં મારી શીવણની વસ્તુઓનો બગાડ કરવા બેસે. ચાના પ્યાલારકાબીઓ તો તેણે કેટલાંય ફોડ્યાં હશે. પ્યાલારકાબી ધોવા માટે તે ઉપાડી જાય છે ને પછી જાતે પલળે છે ને પ્યાલારકાબી તૂટે છે.

એને રમકડાં આપું છું તો તેમાં તેને બહુ રસ નથી પડતો. રમકડાંથી થોડીક વાર તો કંઈક રમે છે, પરંતુ પછી તો પછાડી પછાડીને તેને ફોડી નાખવાની જ વાત! એણે કેટલાં બધાં સુંદર રમકડાં તોડી નાખ્યાં હશે? મારે ત્યાં કોઈ સ્ત્રીઓ છોકરાંઓ આવે તો બચ્ચુના કારણે મારે શરમાવું જ પડે છે. તેની વર્તણૂક ઉપર બહુ ટીકા થાય છે. તે સભ્યતાથી બેસી કે બોલી શકતો જ નથી.

આમ એનાં વર્ણન કરવા જાઉં તો પાર જ

ન આવે. તેને લીધે અનહદ અવ્યવસ્થા વધી છે. તેનાથી ઘરનાં માણસો તો બહુ જ કંટાળી ગયાં છે. કાલે જ્યારે તેણે તેના પિતાના બહુ જ જરૂરી કાગળો ઉપાડી તેનાં વહાણો બનાવી ફાડી નાખ્યાં, ત્યારે તો તેમનો મિજાજ ગયો, ને આપની મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતોને બાજુએ મૂકી તેમને સોટીનો પ્રયોગ કરવો પડ્યો!

મને એ ગમ્યું તો નહિ જ, પણ રસ્તો પણ સૂઝ્યો નથી. આમાં અમારી કાંઈક ભૂલ હોવાનો સંભવ છે. બાલમંદિરમાં બસ્યુ જેવાં સાઠ બાળકો શાંતિથી રમાડો છો અને અમે એક બાળકને પણ કેમ સાચવી શકીએ નહિ? આપ કાંઈ માર્ગ બતાવશો તો ઉપકાર થશે.

જ૦ આપના પ્રશ્નથી હું ઘણો જ ખુશી થયો. જો બાલમંદિરનાં બાળકોનાં બધાંય માબાપો આપના જેવાં વિચારી થાય અને મને પ્રશ્નો ઉપર પ્રશ્નો પૂછ્યા જ કરે તો ખરેખર હું મારી જાતને અહોભાગી માનું. અને સાથે સાથે નવીન સિદ્ધાંતની અને બાલમંદિરની ફતેહ ગણું.

આપને માઠું નહિ લાગે એમ ધારીને લખું છું કે આપ સ્વાતંત્ર્યના સિદ્ધાંતને હજુ પૂરેપૂરો સમજ્યાં જણાતાં નથી. આપે સ્વાતંત્ર્યનો અર્થ "બાળકને કોઈ પણ બાબતમાં ના પાડવી નહિ;

કોઈ પણ પ્રવૃત્તિમાંથી અટકાવવું નહિ; એ જેમ કહે તેમ કરતા જવું.' એવો કર્યો હોય તેમ લાગે છે. જ્યાં સ્વાતંત્ર્યનો આવો અર્થ થાય ત્યાં માબાપ કાયર થઈ જાય અને બાળક સુખી થાય નહિ એ કેવળ સ્વાભાવિક છે. આપનો અનુભવ સાવ સાચો છે.

અલબત્ત, બાળક જે કરે તેમાં આડે આવવું ન જોઈએ; તેને 'નકારો'માંથી જરૂર બચાવવું જોઈએ. પરંતુ આડે ન આવવાને અને નકારને પણ મર્યાદા હોવી જોઈએ. આ મર્યાદા સ્વાભાવિક છે. બાળકને સ્વાતંત્ર્ય આપવાનો આપણો હેતુ એ છે કે બાળક પોતાના શરીર, મન અને આત્માનો વિકાસ પૂર્ણતાએ અને અબાધિતપણે સાધી શકે. પ્રાણીમાત્રનો આ હક્ક કુદરતી છે. પરંતુ મનુષ્ય સામાજિક પ્રાણી છે; ને તેથી જો તે સામાજિક પરિસ્થિતિની અવગણના કરીને વિકાસ સાધવા જાય તો તેના વિકાસમાં સમાજ પોતે જ વિઘ્ન નાખે છે. એવી જ રીતે જો મનુષ્ય પોતાના શરીરને જોખમમાં નાખીને વિકાસ સાધવા નીકળે તો વિકાસનો હેતુ જ નષ્ટ થાય છે. વળી જેમ મનુષ્યને સામાજિક બંધનો છે તેમ જ દુન્યવી હોવાથી તેને નૈતિક અને ધાર્મિક બંધનો પણ છે. આ બંધનો તેને ચડાવનારાં છે એમ દુનિયાનાં સઘળાં શાસ્ત્રોએ કહેલું છે; અને લોકોએ એને જીવનમાં ઉતારવાનાં

પ્રયત્નો પણ કર્યા છે. આ રીતે બાળકની સ્વતંત્રતા ઉપર આ ત્રણ અંકુશો હોય છે. જે અસામાજિક હોય તે બાળકને ન કરવા દેવું જોઈએ. દાખલા તરીકે બાળક ગારાવાળા પગ લઈને સુંદર ગાલીચા ઉપર બેસવા જાય તો તેમ કરવામાં તેની આડે આવવું જ જોઈએ. તે કોઈને કામ કરવા ન દે કે કામ અશક્ય થાય તેવો ધોંધાટ કરે, તો તેનાથી તેમ થાય જ નહિ. તે કોઈના બાગનાં સુંદર સુવાસિત ફૂલોને વગર પરવાનગીએ ચૂંટવા લાગે તો તેમ કરતાં તેને રોકવું જ જોઈએ. તે પોતાના મિત્રોનાં કપડાં ઉપર શાહી ઢોળવા માગે તો તેને તેમ કરવા દેવાય જ નહિ. કોઈને મારવા માંડે કે કોઈનું ઝડપી લે કે કોઈને ગાળો દે તો તેમ કરતાં તેને રોકવું જ જોઈએ. પરંતુ બાળક જમણા હાથે ખાવાને બદલે ડાબા હાથે ખાતું હોય, પોતાના પિતાની પાઘડી પહેરી ફરતું હોય, પોતાનું મોઢું શાહીથી રંગતું હોય, પોતાની વીંટી પોતાના મિત્રને ભેટ કરતું હોય, નાગું રખડતું હોય, પોતાનાં રમકડાં ભાંગી નાખતું હોય કે પોતે ન ખાય અને કૂતરાને ખવડાવતું હોય તો તેમાં આડે અવાય જ નહિ. અહીં કોઈ પણ સામાજિક નિયમનો ભંગ નથી થતો. વળી જો બાળક એવી રીતે રમતું હોય કે કૂવામાં પડીને મરી જશે કે તલવારથી હાથ કાપી

નાખશે કે સિંહ કે વાઘના મોઢામાં જઈ પડશે, તો તેમ કરતાં અટકાવવામાં હરકત નથી જ; પરંતુ છરીથી શાક સુધારતાં લાગી જશે, જરાક ઉઘાડે શરીરે ફરતાં ઠંડી લાગશે કે જોરથી દોડતાં પડી જશે કે ગાડીમાંથી ઊતરતાં પગ મરડાઈ જશે, એમ ધારીને તેના કામમાંથી તેને રોકવામાં આપણે તેની સ્વતંત્રતા લઈ લઈએ છીએ.

એવી જ રીતે ચુસ્ત મુસલમાનનું બાળક મંદિરમાં જઈ દેવને પગે લાગે, ચુસ્ત ખ્રિસ્તીનું બાળક જીસસનો ક્રૂસ તોડી નાખે અગર તો ચુસ્ત હિંદુનું બાળક મૂર્તિને તોડી નાખી તેનું અપમાન કરે, તો ચુસ્ત માબાપ બાળકનું આવું સ્વાતંત્ર્ય સહન ન જ કરી શકે; તેને તેમ કરતાં તો તે જરૂર રોકી શકે. કોઈ માણસે ધર્મની બાબતમાં ચુસ્ત કેટલું રહેવું જોઈએ અથવા રહેવું યોગ્ય છે, તેનો વિચાર આપણે અહીં કરતા નથી. અહીં તો પરિસ્થિતિની વાસ્તવિકતા ઉપર જ વિચાર કરવામાં આવે છે. પરંતુ બાળકની મરજી ન હોય છતાં તેની પાસે પ્રાર્થના કરાવીએ, બાળકને દેવદર્શને ન આવવું હોય છતાં પરાણે ઉપાડીએ, તેને નાગું રખડવા દેવામાં નીતિનો ભંગ ગણીએ; ઢેડને અડવાની સાફ ના પાડીએ, પીતાંબર પહેરે તો જ ખાવા દઈએ, મરજી વિરુદ્ધ સવારે ઊઠીને માબાપને નમ-

સ્કાર કરાવીએ કે સૂર્યને અર્ઘ્ય આપાવીએ, તો જરૂર આપણે તેના સ્વાતંત્ર્યને લઈ લઈએ છીએ. આવી રીતે આપણે આ ત્રણ મર્યાદાઓને વિવેકથી જાળવીને બાળકના સ્વાતંત્ર્યનો વિચાર કરવો ઘટે છે. આ નિયમો ધ્યાનમાં રાખી આ બાબતમાં આપ જેમ જેમ ઊંડાં ઊતરતાં જશો તેમ તેમ કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય મોટે ભાગે આપ પોતે જ કરી શકશો. હું તો માત્ર દિશા જ બતાવું છું.

હવે આપના બીજા વિચારને લઈએ. બાળક જેમ કહે તેમ કરતાં જઈએ તેમાં તો બાળક પૂરેપૂરું પરતંત્ર બને છે. બાળક સ્વતંત્રતાની મર્યાદામાં રહીને ઠીક લાગે તેમ ભલે કરે; પરંતુ તે જો પોતાને ગમતું આપણી પાસે જ કરાવે ને આપણે તેમ કરી આપીએ, તો આપણે તેને અપંગ બનાવીને તેને આપણું ગુલામ બનાવીએ છીએ. જે બાળકની સેવા બહુ થાય છે તે બાળક ધીમે ધીમે પરતંત્રતાને જ સ્વતંત્રતા ગણી તેમાં સુખ અને અભિમાન માને છે. જેના ઘરમાં ઘણા નોકરચાકરો હોય છે, અથવા તો જે બાળક એકનું એક હોય છે તે મોટે ભાગે ગુલામ બની જાય છે. સ્વતંત્રતાની મર્યાદાને ઉલ્લંઘીને બાળક ઉચ્છૃંખલ બની જાય તે સારૂં, પરંતુ તે પરાધીન બનીને નમાલું થાય તે ઠીક નહિ. હવે પછીથી

તમે તેને જે કરવું હોય તે કરવાની યોગ્ય છૂટ આપજો પરંતુ ભૂલેચૂકે પણ પ્રેમભાવથી બધું કરી દેવા બેસશો નહિ. તમારો અંધપ્રેમ આખરે નિંદાને પામશે. એક વાત ધ્યાનમાં રાખજો. આ ઉપરથી એમ ગાંઠે ન વાળતાં કે બાળકને કાંઈ કરી જ ન દેવું. જ્યાં જ્યાં બાળક પોતે કરી જ શકતું ન હોય ત્યાં ત્યાં તમે તેને બદલે તે કરી શકો છો. દાખલા તરીકે બાળકને એક ઊંચી બારીએથી રસ્તે જતો વરઘોડો કે તાબૂત જોવો છે. બાળકને પોતાને માટે બારીએ ચડવું અશક્ય હોય કે બિલકુલ સહીસલામતી ભરેલું ન હોય, તો તમે તેને જરૂર બારીએ ચડાવો. ઊંચી ગાડીમાં બેસવું હોય તો જરૂર તેને તમે તેડીને બેસાડો. તેને વાર્તા સાંભળવી હોય તો તમે ખુશીથી વાંચી સંભળાવો. તે પોતે કરી શકવા અસમર્થ હોય તે છતાં તેને તેમ કરવાની સાચી હોંશ અને જરૂર હોય, તો બેશક તમે તે હોંશ પૂરી પાડો. એમ કરવામાં તે તમારૂં ગુલામ બની જશે નહિ. ઘટતી મદદ આપવાની જરાયે ના નથી; માત્ર આપણી મદદ એવી હોવી જોઈએ કે પરિણામે બાળક સ્વતંત્ર થાય. સહાય સ્વાતંત્ર્યને માર્ગે જોઈએ. આ બધી તો સિદ્ધાંતોની ચર્ચા થઈ, અને તે કેટલીક લાંબી પણ થઈ. હવે આપની વ્યવહારૂ મુશ્કેલીઓનો વિચાર કરીએ.

તમે બચ્ચુને જે જાતની સ્વતંત્રતા આપી છે એમાં હું તો કોઈ જાતનો દોષ જોતો નથી. ઘરની વસ્તુને ભાંગવી, ફોડવી કે પિતાના ટેબલ ઉપર શાહી ઢોળવી કે મીઠું, મરચું કે હળદર ભેગાં કરી રંગ કરવો ને વાસણ ઊટકવાં વગેરે વગેરેમાં કશુંય અસામાજિક કે અનૈતિક કે અધાર્મિક કે શરીરને જોખમકારક નથી. બેશક એવાં કૃત્યોમાં કેટલીએક અસગવડ ને નુકસાની તો છે જ. પરંતુ આ બધું સ્વતંત્ર વાતાવરણમાં જ શકય છે. અને આમ બન્યું છે તે ઉપરથી હું તો બચ્ચુ વિષે કેટલુંયે કહી શકું. બચ્ચુ ભાંગફોડ કરે તે નિરર્થક નથી; તેની પાછળ શોધકવૃત્તિ અથવા ઉચ્છેદક વૃત્તિ છે. આપણે બચ્ચુને ઘરની બધી ચીજો ભાંગવા ફોડવા ખુલ્લી રાખીએ તેમાં આપણો જ વાંક છે. ન ભાંગવા જેવી વસ્તુઓને ઊંચે રાખીએ કે કબાટમાં મૂકીએ; પણ ભાંગવા જેવી વસ્તુઓ તેને આપી તેની એ વૃત્તિને પોષીએ તો ખરાં જ. શોધક અને ઉચ્છેદક વૃત્તિ કેટલી બધી કિંમતી છે એ આપણે ન ભૂલીએ. કંઈ નહિ તો આપણે તેને લાકડાં ફાડવાનું, કાગળ કાપવાનું, શાક સુધારવાનું કે એવું કામ આપી તેની તે વૃત્તિને સંતોષીએ. બચ્ચુ તેના પિતાના કાગળ વીંખી નાખે અગર શાહીથી બગાડે એમાં તે પિતાજીનો પાઠ ભજવવા નીકળે છે; પણ કાગળ

અને શાહીનો ઉપયોગ ન આવડતો હોવાથી શાહીથી કાગળ અને ટેબલ બગડે છે. શાહીથી બચ્યુ કાગળ અને ટેબલ બગાડયા જ કરે તો તેમાં તેનું કશું જ ન વળે. પરંતુ તમે તેને એકાદ નાનો બાજઠ આપો, સાદો શાહીનો ખડિયો આપો અને એકાદ લાકડાની કલમ આપો, તો આપેલા કાગળમાં લીંટા કરી કરીને તે પોતાના હાથના સ્નાયુઓને કેળવશે. નાનાં બાળકો ઘણી વાર પોતાની શક્તિ બહારનું કામ કરવા દોડે છે ત્યારે મુશ્કેલી ઊભી થાય છે. બાલમંદિરમાં જેને પૂરી પેન્સિલ પણ શોભતાં ન આવડતી હોય એવાં બાળકો ઘણી વાર વૉટર કલરની મોટી પેટી લઈને રંગ બગાડવાનો હઠ કરે છે. અહીં બાળક પોતાનું રંગ તરફનું આકર્ષણ બતાવે છે ખરૂં; પણ સાધન તેની ઉંમરના પ્રમાણમાં આગળ પડતું છે, અને તેના યોગ્ય વિકાસને પોષનારૂં નથી. આથી અમારે તેને રંગની પેન્સિલો અને કાગળ આપવાં પડે છે. બાળક તો રંગની વૃત્તિને તૃપ્ત કરવા મથતું હતું તેથી ઘણું ખરૂં તે વૉટર કલરને બદલે રંગની પેન્સિલોમાં સ્થિર થઈ જાય છે. જેમ બાળકોને આપણી સામે હક્ક છે, એમ આપણો બાળકો સામે હક્ક છે તે બાળકોને સમજાવવું મુશ્કેલ હોવાથી આપણે આપણી વસ્તુઓને સંભાળથી રાખવાની જરૂર છે, અથવા

બાળક પ્રત્યે ઉદારતા વાપરવાની આવશ્યકતા છે.

બચ્ચુ રસોડામાં જઈ પ્રયોગો કરે છે તે તો કોઈ ચિત્રકાર કે રસાયનશાસ્ત્રીને શોભે તેવા છે. તેવા પ્રયોગો આપણે અભિનંદીએ, પણ રસોડાને પ્રયોગશાળા કે સ્ટુડીઓ ન થવા દઈએ. એની એ વૃત્તિ જાણ્યા પછી એને માર્ગ મળે તેવી ચીજો તેને આપીએ, અને આપણું રસોડું બચાવી લઈએ.

શીવણની પેટીને બદલે તમે તેને ક્રોએલની સાદડીઓ ગૂંથવાની પેટીઓ વગેરે આપી જુઓ, ને તપાસો કે કેવું પરિણામ આવે છે.

પ્યાલારકાબી ધોવા બચ્ચુને ગમે છે તે જાણી મને આનંદ આવે છે. બાલમંદિરની રમત ઘર સુધી પહોંચે છે એ કાંઈ જેવી તેવી વાત નથી. પણ રકાબી કેમ ઉપાડાય, કેમ મૂકાય, કેમ ધોવાય, કેમ લૂંછાય, ધોતી વખતે કપડાં કેમ રખાય, વગેરે તમે તેને એક વાર બતાવશો તો તે તે પ્રમાણે જ કરવાનો. પછી રકાબી પણ નહિ તૂટે અને લૂગડાં પણ નહિ બગડે. તેમ છતાં રકાબી તૂટે તો તેના ઉપર અવિશ્વાસ લાવી તે કામ રોકશો તો નહિ જ. એમ તો વીશ વરસની ઉંમરે પણ બચ્ચુને રકાબી ધોતાં ને સાચવીને લાવતાં આવડશે નહિ.

તમે બચ્ચુને રમકડાં આપવામાં તો ખરેખર ભૂલ કરી છે. બચ્ચુ તેને થોડી જ વાર પોતાની પાસે

રાખી ફેંકી દે છે એમાં કશી નવાઈ નથી. ખરી રીતે રમકડાંમાં કશુંય શીખવા જેવું હોતું નથી; તેમાં બાળકને કાંઈ સર્જન કરવાનું મળતું નથી; ઊલટું રમકડાંના ઢગલાથી બાળક ગૂંગળાય છે. જ્યારે બાળકને રમકડાંનો ઉપલો ભાગ નકામો લાગે છે ત્યારે તે અંદર શું હશે એમ ધારી તેને તોડે છે, પણ કાંઈ નીકળતું નથી તેથી ચીડાઈને ફેંકી દે છે. બચ્ચુ પણ આમ જ કરે છે, એ આ વાતને ટેકો આપે છે.

કોઈ બેસવા આવનારથી આપણે શા માટે શરમાઈએ? બચ્ચુ છૂટથી હરેફરે કે કૂદેરમે કે તમારી વાતમાં વારે વારે ભંગાણ પાડે તેમાં તે તોફાની શાનો ગણાય? તેને પણ વાત કરવી હોય ને? તમે તેની વાત જરા સાંભળી લેશો એટલે પત્યું. આપણા લોકોને તો છોકરાં ટાઢાંટમ ને ડાહ્યાંડમ જોઈએ. જે બાળકો આંખ તાણીએ ત્યાં સમજી જાય તેવાં બાળકો માબાપોને ગમે. અર્થાત્ જે બાળકો ભયના ઇશારાથી પણ રાંક જેવાં થઈ બેસી જાય તે બાળકો સારાં, આવી આપણા લોકોની માન્યતા છે. તમારો બચ્ચુ બધાને તોફાની લાગે તેમાં નવાઈ નથી. હું તો તેને કંઈ નહિ તો પ્રાણવાન તો કહું જ. બીજાં બેસવા આવે ત્યારે બચ્ચુ કોઈ બીજે કામે લાગે કે તમારા ઓરડામાં ન જ આવી શકે તેવો બંદોબસ્ત ભલે કરો; પણ તેની છૂટ ઉપર બીજો

અંકુશ ન જ મૂકો. મને તો ખાતરી છે કે તમે તેવો અંકુશ મૂકો તેવાં નથી.

તમે વળી સભ્યતા અસભ્યતામાં ક્યાં પડ્યાં ? ભલે બાળક પોતાના શરીરને આરામ મળે તેવી રીતે બેસે. સમાજની સભ્યતાના કૃત્રિમ નિયમો તેને એકદમ શીખવવાની ઉતાવળ નથી. તે એવી બાબત છે કે જે અમુક વખતે જ આવડે છે; તેથી એવી અણઆવડતને લીધે નથી તમારે શરમાવાનું કે નથી તેથી બચ્ચુને ટોકવાનું કે નથી તેની પાછળ પડવાનું. સામાજિક સભ્યતાને નામે આપણે બાળકોના સ્વાતંત્ર્યનો આનંદ લઈ ન લઈએ તે મોટે ખાસ કાળજી રાખવાની છે. આવા વિચારોથી જ અમે બાલમંદિરમાં સામાજિક સભ્યતાને બહુ સંભાળથી ને ધીરે ધીરે દાખલ કરતાં જઈએ છીએ. માબાપો બાળકો પાસે મહેમાનને વારંવાર નમસ્કાર કરાવે છે, તેમની સાથે વાત કરતાં પરાણે 'જી હા' કે 'જી ના' બોલાવરાવે છે, વગેરે મને તો નથી ગમતું. એવી ઉપલક સભ્યતાને હું સભ્યતા ગણતો નથી. ખરી સભ્યતા વિકાસમાંથી છે. એ સભ્યતા અંતરની હોય છે. બચ્ચુએ કાલે માર ખાધો એથી મને દુઃખ થયું. કેવો મજાનો રમતિયાળ અને શોધક બુદ્ધિનો છોકરો ? 'તમને એ ગમ્યું નહિ.' એમાં હું નવા સિદ્ધાંતનો વિજય જોઉં છું. અને મને

બચ્ચુના બાપાની નિર્બળતાની દયા આવે છે. આવા લખાણથી મને જરા માફ કરશો. શિક્ષા કરવાથી કેટલું બધું નુકસાન થાય છે તે તમે જાણ્યું છે, તેથી તે વિષે કંઈજ નહિ લખું. માત્ર તમારી પાસેથી એટલું જ માગું છું કે ધીમે ધીમે તમે બચ્ચુના પિતાનું શિક્ષાના દોષો તરફ ધ્યાન ખેંચજો. એક વાર શિક્ષાનું વાતાવરણ ઊભું થયું પછી સ્વતંત્રતા પણ હમેશાં ડરતી ચાલે છે. બચ્ચુ તેના પિતા પાસે હવે પછીથી સ્વતંત્રપણે પૂરેપૂરો ઊધ્રડશે કે નહિ તેની મને તો ચિંતા રહે છે. બચ્ચુનો ગુનો નાનો હતો; તેણે કાગળનું વહાણ બનાવ્યું તેમાં તેનો કંઈજ દોષ ન ગણાય. એ કાગળ કામનો હતો એ તો અકસ્માત જ છે. એ અકસ્માતથી આપણે કાગળને અને બચ્ચુને બચાવી શકયાં હોત. બચ્ચુને થોડાએક પસ્તીના કાગળો આપી રાખજો કે ફરી વાર પિતાજીની સોટીનો સ્વાદ ચાખવો ન પડે.

આ લાંબો જવાબ પૂરો કરૂં છું. તમે બંને બચ્ચુનાં માતપિતા બચ્ચુના હિતનો વિચાર કરો છો ને મુશ્કેલી વેઠીને ને નુકસાન ખમીને બાલમંદિરનાં સિદ્ધાંતોને અમલમાં મૂકવા પ્રયત્ન કરો છો તે માટે ખરેખર હું તમને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી. મને આશા છે કે આટલા લાંબા જવાબ પછી તમારી કેટલીએક શંકાઓનું સમાધાન થશે.

: ૪૦ :

સ૦ અમારો વસંત હમણાં બહુ ડાહ્યો થઈ ગયો છે. જે કહીએ તે કરે છે. તેને ગાયન ગાતાં તો બહુ સારૂં આવડયું છે પણ કોઈ મહેમાન આવે કે કોઈ બેસવા આવે, ત્યારે ગાવાનું કહું છું તો ગાતો નથી. તેમ જ બીજાં બધાં કાર્યોમાં પણ એવું જ કરે છે. કોઈ આવે ત્યારે કામ કરે નહિ. આનું શું કારણ હશે?

જ૦ વસંતરાયના પિતાને નમ્રતાથી ચેતવણી આપું છું કે તેમણે ભાઈ વસંતરાય પાસે મહેમાન સમક્ષ ન ગવરાવવું કે ન મહેમાનને ખુશી કરવા. તેની પાસે જાતજાતનાં આવડતનાં પ્રદર્શનો કરાવવાં જ નહિ. બાળકની આવડતનું પ્રદર્શન કરાવવાથી બાળક પોતાની આવડતથી જાણીતું થાય છે ને તેથી તેને અભિમાન આવે છે. તેનામાં સરખામણીની વૃત્તિ આવે છે; તેનામાં પોતે ચડિયાતું છે ને બીજાં હલકાં છે એવી વિચારસરણી ઊભી થાય છે. ટૂંકમાં તે અંતર્મુખ મટી બહિર્મુખ થાય છે. આથી તેનો અંતઃપ્રાણ મરી જાય છે. બાળકોને જે કાંઈ આવડતું હોય તેનો આનંદ તેમની આવડતમાં રહેલો છે. બીજાને બતાવીને તેઓને આનંદ લેવાની જરૂર ત્યારે પડે છે કે જ્યારે તેઓની સ્વતઃ આનંદ લેવાની

વૃત્તિ આપણે વખાણ કરીને બગાડી મૂકીએ છીએ.

બાળકો સ્તુતિ પણ માગતાં નથી ને નિંદા પણ માગતાં નથી. તેઓ પોતાના વિષેની સ્તુતિ-નિંદા જાતે કરી શકે છે, અને બંનેમાં આનંદ લઈ શકે છે. જાતને ઓળખવી એ તમામ ધર્મોનું લક્ષ્ય છે. સ્વાભાવિક સ્થિતિમાં કેળવણી લેતાં બાળકોમાં જાતને ઓળખવાની શક્તિ સ્વતઃ ખીલતી આવે છે. એ જાત ઉપર જ્યારે આપણી જાતનું વાતાવરણ, આપણાં સારાંનરસાં ધોરણોનો વિવેક, આપણી પસંદગીનાપસંદગી, વગેરે ઠોકી બેસાડીએ છીએ ત્યારે બાળક આત્મલક્ષી મટી પરલક્ષી બને છે અને આત્મજ્ઞાનના માર્ગથી દૂર ને દૂર જાય છે. આ બધાંનું મૂળ આપણે બાળક પાસે તેની આવડતનું પ્રદર્શન કરાવીએ છીએ તેમાં જ છે.

બાળકો આપણે માટે કે મહેમાનો માટે શા સારૂ જીવે? જો વસંત ખરેખર ડાહ્યો હોય, ને ખરેખર તેને ગાતાં આવડતું હોય, ખરેખર તે કહ્યાગરો હોય, તો પછી એટલેથી સંતોષ ન થાય? પણ આપણે બાળકો મારફત આપણું અભિમાન તૃપ્ત કરવા માગીએ, આપણી અપૂર્ણતા પૂરી કરવાનો પ્રયત્ન કરીએ, આપણી ખામીઓ ઢાંકવા માગીએ, તો જરૂર આપણે વસંતરાય ઉપર ચીડાવું જ પડે. પણ એમાં ખરી રીતે તો આપણે આપણી

બાળકોનાં કેટલાંય નિર્દોષ, સ્વાભાવિક અને આવશ્યક કામોને નિંદીએ છીએ. ગાદલાં પથરાતાં હોય ને બાળકો તેમાં આડે આવી આળોટવા માંડે તો આપણે કહીએ કે તેઓ તોફાની છે. રસોડામાં આવી માની જેમ અથવા ઑફિસમાં જઈ બાપાની જેમ બાળક કરવા માંડે તો બબડીએ છીએ કે છોકરાં તોફાની થઈ ગયાં છે. અમુક જ જગાએ બેસીને ખાવાની હઠ લેવી, કૂતરાંનાં કે બિલાડીનાં બચ્ચાંઓને નચાવવાં કૂદાવવાં, ઘરમાં પાણી ન હોય તો પણ ગાયને પાણી પાવું: આવાં કેટલાંયે કામો તોફાનમાં ખપે છે. ખરી રીતે આ બધાં તોફાનો નથી; આ તો જીવનવિકાસના ભિન્ન ભિન્ન પ્રકારો અને પ્રયત્નો છે. એને માટે તોફાની શબ્દની યોજના જ માત્ર તોફાની છે. બાળકના કહેવાતા તોફાન પાછળ વિકાસ માટે તરફડતા તેના આત્માને જોઈ શકીએ તો તોફાન શબ્દ કાં તો નવા અર્થમાં વપરાય અથવા તો તે શબ્દ જ નીકળી જાય. કંકુબેનને તોફાની કહેવામાં એનું અપમાન અને આપણું અજ્ઞાન રહેલું છે.

એ વાત ખરી હશે કે 'કંકુ બાલમંદિરમાં આવી ત્યાર પહેલાં શાંત દેખાતી હતી, ને હવે અસ્થિર બની ગઈ છે.' એ ફરિયાદમાં સંપૂર્ણ સત્ય છે. ઘરમાં જે બાળકો ગરીબ ગાય જેવાં હોય

છે તે બહાર 'તોફાની' કહેવાય છે એ જાણીતી વાત છે. શરૂઆતમાં અત્યંત શાંત દેખાતાં બાળકો પાછળથી ખૂબ મસ્તીખોર માલૂમ પડ્યાનો અનુભવ બાલમંદિરને પુષ્કળ છે. દબાણ કેટલીએક ખોટી શાંતિ ઉપજાવે છે. એ શાંતિ જો અત્યંત ઊંડી જાય તો બાળક છેક નામર્દ બની જાય છે. જે બાળકને લોકો સોજું, ગરીબડું, ગરવું, એવું એવું કહે છે, તે આગળ જતાં તે જ ગુણો માટે જગતમાં નાલાયક ને નાતાકાત તરીકે પંકાય છે. આવો અનુભવ સામાન્ય છે. બીક વગેરેથી બાળક કેવળ નિર્વીર્ય થઈ જાય તે પહેલાં જ્યારે જ્યારે સ્વાતંત્ર્યની હવા મળી જાય છે ત્યારે તે દબાણ આવે તો સખ્ત બળવો કરી બેસે છે; તેનાથી રહેવાતું જ નથી. તે વખતે તે અસ્થિર, ઉદ્ધત કે તોફાની વગેરે વિશેષ નામોને પામે છે. ઘરમાં છોકરાંઓને ખૂબ દબાવીને રાખીએ તો તે ત્યાં તો શાંત રહે પણ બાલમંદિરના સ્વતંત્ર વાતાવરણમાં આવ્યા પછી તેઓ એક વાર તો છેક હદ બહાર પણ ગયાના દાખલા છે. કંકુબેન બાલમંદિરની હવાને કારણે અસ્થિર બની ગયાં છે એમાં શક નથી જ; પણ તેથી મૂંઝાવા જેવું નથી. માબાપે હવેથી કંકુબેનને દબાવીને શાંત કરવાનાં નથી પણ તેની અસ્થિરતાને સંયમિત કરવાની છે. સાચી સ્વતંત્ર-

તામાંથી સંયમ કેવી રીતે આવે છે તે જોવા માટે કંકુબેન માટે ફરિયાદ કરનારે થોડો વખત બાલમંદિરનો અનુભવ લેવાની જરૂર છે.

કંકુબેનને પરાણે કામ કરાવતાં કામ જ બગડે છે એ હકીકત સાવ સાચી છે; એમ જ બનવું જોઈએ. મોટાંઓની બાબતમાં પણ એમ જ બને છે. પરાણે કામ કરવાનું તે ઇચ્છા વિરુદ્ધનું હોવાથી કામ કરનાર કાળજી લેવા મહેનત કરતો હોય છતાં તેનાથી કાળજી લઈ શકાતી નથી, ને તેથી કામમાં ગોટાળો થાય છે. બાળકોને કામ ચીંધવા કરતાં તેમની પાસે કામ મૂકવાનું છે. તેમની પસંદગીથી તેઓ ગમતું કામ કરે છે ત્યારે તે સારૂં જ થાય છે. બાળકોને કામ કરવું ગમે છે; પણ તેથી તેઓને આપણું ચીંધેલું કામ ગમવું જોઈએ એ વિચાર ખોટો છે. બાળકો કામ કરે છે તે પોતાની શક્તિ ખીલવવાને માટે; આપણે ચીંધીએ છીએ આપણી અશક્તિને કારણે. બાળકો પાસે પરાણે કામ કરાવવાનો વખત જ ન આવે તે માટે માબાપે કામ સોંપતા પહેલાં અગાઉથી જ વિચાર કરવો ઘટે છે. કેટલાંએક કામ જ એવાં હોય છે કે જે બાળકોને પોતાની ઉંમર કે અશક્તિના કારણે કરવાં ન ગમે; કેટલાંએક કામો સામે અગાઉના કોઈ અપ્રિય અનુભવો એવી રીતે સંકળાયેલા હોય છે કે એ કામ સોંપ-

તાની સાથે બાળક નારાજ થઈ ના જ પાડે છે. કેટલીએક વાર બાળક અન્યત્ર ગૂંથાયેલું હોય છે. આ સિવાય આગળ પાછળની મનઃસ્થિતિને કારણે પણ ઘણી વાર બાળક કામ તરફ અભિમુખ થઈ શકતું નથી. ઘણી વાર અજાણ્યા માણસોની હાજરી કે બાળકની આલસ્યપ્રકૃતિ પણ કામમાં આડે આવે છે. હુકમ કરનારે હરહમેશાં આવા સંજોગોનો વિચાર કરવાનો હોય છે. બાળક કદી પણ કામ ન જ કરતું હોય તો તે પ્રશ્ન ગંભીર છે. પણ જો તે કોઈ વાર કામ કરે ને કોઈ વાર ન કરે તો તેની પાછળ તો ઉપર લખ્યા પૈકીના એકાદ કોઈ કારણમાંથી કયું છે તે શોધી કાઢવાનું છે. કંકુબેન કામ કરવાની ના પાડે ત્યાં આ બધી દૃષ્ટિથી વિચારી જોવાનું છે.

કંકુબેન દીકરીની જાત થઈ તેમાં શો ગુનો કર્યો ? ને તેને નાની ઉંમરે સાસરે જવું પડશે તેમાં તો આપણો જ વાંક છે. જ્યાં હજી છોકરીઓ ઊગીને ઊભી થાય છે ત્યાં તેને સાસરે મોકલનારાં આપણે બધાં અધમ છીએ. સાસરે જઈ આવેલી તો શું, પણ અકેક બાળકની માતાઓ પણ અમારે ત્યાં છે જે નાનાં બાળકોનાં કામકાજમાં બાળક બનીને રસ લે છે, ઝાડે ચડવામાં મજા માને છે, ને જાણે નવીન પાંખો આવી હોય એમ બાલમંદિરના વાતાવરણમાં કૂદે છે ને રમે છે! અમને થાય છે કે આ

બાળાઓનું ખૂન થયું છે. બાળકો શરીરે અને ઉંમરે વધે તેથી કંઈ મનથી થોડાં જ વધે છે? શરીર અને ઉંમર સાથે માનસિક વિકાસ ન થાય તો સાઠ વર્ષની ડોશી પણ બાળક જ રહે. જીવન પરણવા માટે નથી પણ પરણવું એ જીવનને માટે છે. જીવનની તૈયારી વિના કંકુબેન પરણીને શું કરશે? ને જીવનની તૈયારી એ કંઈ 'ઓર્ડર'થી તૈયાર થતી કે બજારે વેચાતી ચીજ છે?

કંકુબેન પ્રથમ મનુષ્ય છે ને પછી દીકરી છે. જીવન પ્રથમ છે ને લગ્ન પછી છે. આ દૃષ્ટિએ તેની કેળવણીનો વિચાર કરવો ઘટે છે. એટલી જ ઉંમરના એના ભાઈ વિષે જેટલી નિશ્ચિંતતા રહે તેટલી જ નિશ્ચિંતતા કંકુબેન વિષે રાખવી જોઈએ. કંકુબેનને અમે મનુષ્યની કેળવણી આપવાનો પ્રયત્ન કરીએ છીએ. જો કંકુબેન મનુષ્ય થશે તો પછી તે સાસરે શું કરશે તેની ચિંતા કોઈને નહિ જ રહે.

: ૪૨ :

સ૦ અમારી અંજુ બાલમંદિરમાં ઘણા વખતથી આવે છે છતાં તેને એકડો કે કક્કો આવડ્યો નથી તેનું શું કારણ છે? આખો દહાડો તે એક જ કામ કરે છે. કોલસા કે નળિયાના કટકા લઈ ભીંત, ઓટલા કે ઓશરી જ્યાં બેસે ત્યાં લીંટા

કાઢવા કરે છે. તે વખતે તે ખાવાપીવાનું પણ ભૂલી જાય છે. તેને કંઈ કામ માટે બોલાવીએ છીએ તો તે જાણે સાંભળતી જ નથી. કેટલીએક વાર તો કોલસાથી તે પોતાના હાથ, પગ, મોં વગેરે બગાડે છે ને ભીંતોને કાળી કાળી કરી મૂકે છે. ત્યારે તો તેના ઉપર ખૂબ ખીજ ચડે છે, ને તમારી ના હોવા છતાં વઢાઈ પણ જવાય છે. તમારા બાલમંદિરમાં શું આવું શીખવાય છે? હવે તમે એને કંઈક રસ્તે લાવો તો ઠીક.

જ૦ બાલમંદિરની શિક્ષણપદ્ધતિથી જે માતપિતાઓ અજ્ઞાન હોય છે તેમનો બધાનો અનુભવ કંઈક આવા પ્રકારનો થાય છે. તેઓ વારંવાર બાલમંદિરમાં આવે, ચાલુ કામ જુએ, શિક્ષકો સાથે પદ્ધતિ અને બાળકોના વિકાસ વિષે વાતો કરે, તો તેમને આવા પત્રો સાથે લખવાની જરૂર ન પડે.

બાલમંદિરની પદ્ધતિ નવીન છે પણ જાદુઈ નથી. બાળકના સ્વાભાવિક વિકાસની તે યોજના કરે છે, પણ બાળકને અમુક અમુક શીખવી દેવાની જવાબદારી તે લેતું નથી. ચાલતી શાળાઓનો અને વર્તમાન સમાજનો ઉદ્દેશ બાળકને જેમ બને તેમ જલદી અક્ષરનું અને અંકનું જ્ઞાન આપવાનો છે, કરાવવાનો છે. આ ઉદ્દેશ પાર પાડવા માટે શિક્ષા, ઇનામ, ગોખણપટ્ટી વગેરે દુષ્ટ સાધનોનો છૂટથી

ઉપયોગ કરવામાં આવે છે. તેને પરિણામે બાળકને જે શીખવવામાં આવે છે તે, તે પોપટ જેમ પઢતાં શીખે છે. બાલમંદિરનો ઉદ્દેશ બાળકનો વિકાસ સાધવાનો છે. શિક્ષા વગેરે ઉત્તેજકોનો એમાં બહિષ્કાર છે. આથી હરેક માબાપને સમજાશે કે બાલમંદિર ઝટઝટ એકડા કે કક્કા શીખવી દઈ શકે જ નહિ. બાલમંદિરને અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનનો મોહ નથી; જો કે એનું જ્ઞાન સારી રીતે મળે છે. બાલવિકાસમાં ઇંદ્રિયોની કેળવણી અગત્યની બાબત છે. જીવનભરનું શિક્ષણ સાચી ઇંદ્રિયકેળવણી ઉપર આધાર રાખે છે. બાલમંદિર આ પાયાના શિક્ષણ ઉપર ખાસ ભાર મૂકે છે. જે બાળકોનો ઇંદ્રિયવિકાસ બરાબર થયો હોય, તેઓ કોઈ પણ વિષયમાં વધારે સહેલાઈથી પ્રવેશ કરી શકે છે. વખત જતાં અક્ષર અને અંકનું જ્ઞાન પણ ઇંદ્રિયવિકાસને લીધે સહજ થાય છે. આના દાખલા એકથી વધારે આપી શકાય.

અંજુબેનના લીંટાઓની પાછળ બાલમંદિરનું શિક્ષણ છે. અંજુબેન બાલમંદિરમાં પેન્સિલો અને કાગળથી ભૌમિતિક આકૃતિઓમાં લીંટા પૂરવાનું કામ કરે છે. આ કામ કરીને તે અક્ષર લખવાની તૈયારી કરે છે, અને ચિત્રને માટે રંગમિશ્રણની ભૌમિતિક ગોઠવણની શક્તિ કેળવે છે. ઘરમાં તેની

પાસે બાલમંદિરનાં સાધનો ન હોવાથી પેન્સિલને બદલે કોલસો કે નળિયાં તથા કાગળને બદલે ભીંત કે ઓશરી એનાં સહજ સાધનો થઈ પડ્યાં છે. માબાપોએ અંજુબેનને થોડીએક પેન્સિલો અને કાગળો આપવાની જરૂર છે. એમ ન બને તો પાટિયું અને ચાકથી ચાલે; નહિતર ભીંતો ને ઓશરી બગડે તો કશું ખોટું નથી. હાથ કેળવવાની બાબતમાં બાલમંદિરે અંજુબેનમાં જે પ્રાણ જગાડ્યો છે તેને રોકવાથી નુકસાન થશે. ભીંત બગડી જાય કે હાથમાં કાળાં થાય તે મહત્ત્વની વસ્તુ નથી પણ અંજુબેનનો ઉત્સાહ, એકાગ્રતા વગેરેની કેળવણી અગત્યની છે. હાથમાં ને ભીંત ચોખ્ખાં રાખવા માટે જો અંજુબેનનો વેગ અટકાવવામાં આવશે તો તેના વિકાસને ભારે આઘાત પહોંચશે.

અંજુબેન લીંટા કાઢવા લાગ્યાં છે, એટલે હવે અક્ષર શીખવાનું થોડા જ વખતમાં લેશે. આ બાલમંદિરનો ક્રમ છે. આશા છે કે માબાપ ધીરજ રાખશે.

: ૪૩ :

સ૦ આપણા દેશમાં ભૂતપ્રેત આદિ વહેમો જડ ઘાલી બેઠા છે. આ વહેમોની નાનપણની મારી બીક ત્રાસજનક છે. આવા વહેમો દૂર થવાને બદલે આપણે બાળકોને આપવાનાં પુસ્તકોમાં ઘણી વાર

આની વાતો આવે છે. ઘણી વાર વાર્તાઓ પણ ભયાનક રસની કહેવામાં આવે છે. આ બરાબર છે? આવી વાર્તાઓને બદલે વૈજ્ઞાનિક કથાઓ નં કહી શકાય? ભાવિ પ્રજાને આપણે નીડર બનાવવી હોય, તો શરૂથી જ આ બાબતમાં યોગ્ય માર્ગદર્શન કરાવવાની જરૂર નથી?

જ૦ હું તમારી સાથે સંપૂર્ણ મળતો છું કે આપણા દેશનાં બાળકોમાં આપણે ભૂતપ્રેત આદિના વહેમો પેદા કરે તેવું સાહિત્ય તેમના હાથમાં ન મૂકીએ. એવા વહેમોમાં શ્રદ્ધા પેદા કરે તેવી જે કોઈ ચોપડી હોય તે આપણે આપણા ઘરમાં ન આણીએ, અને કોઈ પુસ્તકાલયમાં હોય તો ત્યાંથી કઢાવી નાખીએ. આપણું ચાલે તો લેખકો ને પ્રકાશકોને પણ વિનવીએ ને તેવું લખતા કે પ્રગટ કરતાં અટકાવીએ. ભૂતપ્રેત વગેરેમાં માનવું અને તેનાથી બ્હીવું એ આપણા લોકોનો જડમૂળ ઘાલેલો રોગ છે—ભયંકર રોગ છે, અત્યારે લગભગ અસાધ્ય રોગ છે. એને લીધે ભારે ભડવીર પણ રાંક થઈ જાય છે; તેને પસીનો છૂટે છે. જેમ તમારો બ્હીવાનો અનુભવ છે તેમ મારો પણ છે. હું પણ તમારી પેઠે નાનપણમાં અંધારામાં પડેલા મારા પિતાના જોડાથી બીધેલો અને મને પસીનો છૂટેલો! બીકના આવા દાખલાઓ ઘણા આપી શકું. મોટા

મોટા વિદ્વાનો પણ બ્હીએ છે. મોટા સિપાઈઓ પણ ભૂત, પ્રેત અને મેલડી આગળ રાડ નાખે છે. એટલે જ વાત બરાબર છે કે નવી પેઢી આ ભયમાંથી બચી જાય તે માટે આપણે પુષ્કળ પ્રયત્નો કરવા જોઈએ.

એમાં પહેલો પ્રયત્ન તો એ છે કે આપણે જેઓ બીકણ છીએ તેમણે બીકણ મટી જવું જોઈએ. જ્યાં સુધી આપણી જાતમાં બીક છે, વહેમ છે, ત્યાં સુધી આપણે બોલશું કે નહિ બોલીએ તો પણ ઘરમાં બીકનું વાતાવરણ ઊભું થશે. પ્રત્યેક શુભાશયી માતપિતા આ બાબત ધ્યાનમાં લે.

બીજું ઘરમાં આપણે બીક ઉત્પન્ન કરે તેવી વાતો કરવાનું બંધ કરીએ. જો કોઈ એવી વાતો કરે તો તેને તેમ કરવા ના પાડીએ. બીકની વાતો આપણે ઘણી વાર એટલા માટે કરીએ છીએ કે એમ કરી કાં તો બ્હીવાનો આનંદ આપણે ફરી વાર નિર્ભયપણે લેવા માગીએ છીએ, અગર તો આપણે આપણામાં પેસી ગયેલી બીકને કાઢવાનો પ્રયત્ન કરીએ છીએ. આ વાતનો આપણને ખ્યાલ નથી હોતો એ સાચું છે. આપણા ઘરના નોકરચાકરો, સગાંસંબંધીઓ, સૌને સ્પષ્ટ થઈ જવું જોઈએ કે આ ઘરમાં તો એવી બીકની વાતો ચાલી શકશે જ નહિ.

પણ આપણે આવી વાતો કોઈથી કદી બોલાય જ નહિ, કદી લખાય જ નહિ, એટલા સખ્ત ન થઈએ. મેં ઉપર કહ્યું તેમ આપણી પોતાની બીક આપણામાંથી કાઢવાનું આ એક સાધન છે. નિર્ભયતા કેળવવા માટે બીકની વાતોનું તળિયું તપાસી લઈ તેનું મિથ્યાપણું જાણી લેવાની પણ જરૂર છે. જેમ કાંટો કાંટા વડે કાઢી શકાય છે, તેમ મોટાંઓને માટે બીકની બાબતમાં બની શકે છે. તમે બીકની વાતોનો વિરોધ કરો અને હું તેનો પક્ષ કરૂં એ બંને બાબતો તત્ત્વતઃ એક જ છે. આપણે બંને જણા બીકને કાઢવાની મહેનત કરીએ છીએ!

માત્ર આપણે એટલું જોવું જોઈએ કે આપણામાંથી બકરૂં કાઢવા જતાં બાળકમાં ઊંટ ન પેસે! એટલા જ માટે મેં એક વાર કહેલું કે જે બાળકો ભયાનક રસ પચાવી શકતાં હોય તેમની પાસે જ ભયાનક વાતો કહી શકાય.

બીજી વાત. વાત ભયાનક હોય તેથી ડરવાનું નથી. શૌર્ય વગેરે પ્રેરવા, તેમ જ ભયમાંથી મુક્ત કરવા ભયાનક વાતોનું શરણ લઈ શકાય. જોવાનું એટલું છે કે ભયાનક વાર્તાનાં પાત્રો ભયની પરિસ્થિતિમાં અને ભય પ્રત્યે કેવી મનોદશા તથા વર્તન બતાવે છે. ભય આખરે પોકળ છે, મેલડી વગેરે ધાંધલ છે, પત્થરોથી કંઈ બ્હીવા જેવું નથી.

એવું જે વાર્તામાંથી નીકળે તે વાર્તા કામની છે. ઊલટી તેને શિક્ષણના સાધન તરીકે વાપરી શકીએ.

આપણે ભૂતપ્રેત વગેરે સંબંધે મૌન રાખવું પાલવશે નહિ. આપણા વાતાવરણમાં, પરંપરાથી આપણા વારસામાં અને લોહીમાં એ બધાંની બીક આવેલી છે. મૌન રાખવાથી કે ઉપર લીંપણ કરવાથી એટલે કે બીજી ત્રીજી વાતો કહેવાથી તેનું વિષ ઓછું થશે નહિ. આપણે જો તેનો ભય ઉચ્છેદવો હોય તો તેને જગાડી, સામનો કરી તેની સામે લડવું જોઈએ. અને તેમાં તેને હરાવવી જોઈએ; તેનું પોકળ ખુલ્લું કરી તેની હાંસી કરી બતાવવી જોઈએ. એટલા માટે તેવી વાતોને સ્થાન છે.

વળી વાત કહેનારે કહેવામાં કાળજી રાખવી જોઈએ. કોઈ એક પણ વાર્તા એવી નથી કે જેમાં સારાનરસાનું મિશ્રણ ન હોય. ઊલટું નકારૂં બતાવવા માટે જ સારાનું, અને સારાનો અંતે વિજય છે એમ સિદ્ધ કરવા માટે નરસાનું જ મિશ્રણ આવશ્યક છે. વળી બીકણ, વહેમી વગેરે પાત્રો વિના બહાદુરને વહેમ વિનાના બતાવવા શી રીતે? હાસ્યાસ્પદ શું છે તે બતાવ્યા વિના તેની નિંદા શી રીતે થઈ શકે? અત્યાર સુધી લોકો કેવી માન્યતામાં હતા અને તે કેવી ભૂલ ભરેલી હતી એમ જો ભયાનક વાતો સફળતાથી કહી શકે—કહેનારો કહી શકે, તો

તો જરૂર તે ઉપયોગી છે.

પણ જે બાળકો હજી છેક કૂણાં છે, આપણો આશય સમજતાં નથી પણ માત્ર ભયાનક વાતમાંથી બ્હીતાં થાય છે, તેમને આવી વાર્તાઓ ન જ કહેવાય; જરૂર ન જ કહેવાય.

વળી વિજ્ઞાનની વાતો વગેરે આપણી આસપાસની જીવંત દુનિયાની વાતો બહુ કહેવાથી મનુષ્યના મનમાં ઊતરેલો ભય અને વહેમ દૂર થતા નથી. વૈજ્ઞાનિક પણ બ્હી શકે છે. વિજ્ઞાનના વિષયમાં તેમની બુદ્ધિ નિર્મળ રહી શકે છે. તેની બહાર લોકમન આવી શકે છે. આના ઘણા દાખલા ઉઘાડી આંખ આગળ દેખાય છે.

વળી માણસે બ્હીવું પણ જોઇએ. કેવળ નીડરતાની વાતો કર્યા કરવી એ સ્વાભાવિક સૃષ્ટિથી દૂરની વાત છે. એ જ સ્વતઃ એક તરંગ છે, ભ્રમણા છે. ભૂતથી માણસે ન ડરવું જોઈએ પણ છૂટીને તોફાન કરતા ગાંડા હાથીથી બ્હીવું જોઈએ; અંધારાથી માણસે ન ડરવું જોઈએ પણ અંધારામાં સાપ અને વીંછી હોય તો કરડે તેનો સંભવ સ્વીકારવો જોઈએ, અને ડરીને ચાલવું જોઈએ. ભય એ કુદરતે બક્ષેલી એક બક્ષિસ છે. વખત ઉપર જે ભયને સમજે છે અને તેનાથી પોતાને બચાવી લે છે, તે બચી શકે છે. ભયને ગણકાર્યા વિના બહાદુર નહિ

પણ ગાંડો ચાલે છે. માત્ર ખોટો ભય અને ખરો ભય એમાં ભેદ પાડતાં શીખવું અને શીખવવું જોઈએ. ભૂતથી ન બ્હીવું જોઈએ અને મારકણી ગાયથી બ્હીવું જોઈએ. કોઈ છોકરૂં આ અર્થમાં બ્હીતું જ ન હોય તો તેને બ્હીતાં–ચેતતાં–સાવધ રેહેતાં–કાળજી રાખતાં–દૂર રહેતાં શીખવવું જોઈએ.

: ૪૪ :

સ૦ મારાં બાળકોની કેળવણીની બાબતમાં મારે ભારે મુશ્કેલી છે. હું દેશસેવામાં રોકાયેલો છું અને તેથી મોટે ભાગે બહાર રહું છું; આથી બાળઉછેરનું કામ મારી પત્નીને શિર છે. એ છેક અભણ છે ને નવા વિચારોમાં સમજતી નથી. આથી અમારા બંનેમાં બાળઉછેર વિષે વિરોધમત છે. તો આ સ્થિતિમાં મારે શું કરવું જોઈએ?

જ૦ બાળ કેળવણી વિષે તમારી ધગશ સ્તુત્ય છે. પિતા તરીકની તમારી ચિંતા અને પ્રવૃત્તિ બંને બહુ થોડા માણસોમાં આજ કાલ જોવામાં આવે છે. આજે બાળકો અજ્ઞાન માતાઓને હાથે કેવું દુઃખ વેઠી રહ્યાં છે તે તમે સારી પેઠે અનુભવો છો. પ્રત્યેક પિતા આવું દુઃખ અનુભવે તો બાળકોના ઉદ્ધાર માટે જે લડત ભવિષ્યમાં લડાવાની છે તેનો સમય નજીક આવે.

સાચે જ તમારી સામે ધર્મસંકટ છે. દેશસેવા કે બાળકોની કેળવણી એ બેમાંથી તમે દેશસેવાનો સ્વીકાર કરી તમે દેશપ્રેમ બતાવ્યો છે. પણ તમારો તમારાં બાળકો પ્રત્યેનો કુદરતી પ્રેમ વારંવાર દેશપ્રેમની કસોટી કરે છે. આવી કસોટીઓ દ્વારા જ માણસ ચડે છે. અને તમે ધીમે ધીમે ચડશો એમ મને લાગે છે. તમારી મુશ્કેલીઓ કેમ ઓછી થાય તે વિષે મારા વિચારો કંઈક આવા છે.

તમે એમ છેક ન માનો કે અભણ સ્ત્રી બાળ-ઉછેરમાં કશું સમજે જ નહિ. સ્ત્રીમાં માતૃપ્રેમ કુદરતે આપ્યો છે. એ પ્રેમથી ઘણા ટકા બાળક ઊછરીને મોટું થાય છે. એ પ્રેમ ટકાવી રાખવા જેવો છે. શિક્ષણની વ્યવસ્થા આપણે હાથ લઈએ તો પણ એ પ્રેમ મારફતે જ લઈએ. એ પ્રેમને અલબત્ત વધારે ચોખ્ખો, વધારે બળવાન, વધારે વ્યાપક થવા દેવામાં આપણે સ્ત્રીને મદદ કરી શકીએ છીએ.

આજે સ્ત્રીઓ બાળકોને મારે છે; આપણા નવીન શિક્ષણના વિચારોનો વિરોધ કરતી દેખાય છે. તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ એ છે કે તેઓ સામે બીજો કશો આદર્શ નથી; તેઓએ એથી બીજું કશું જોયું કે જાણ્યું નથી. આખો સમાજ તેને જાણે કે મદદ આપતો હોય એવું ભાસે છે. આપણે નવા વિચારકો તે સમજતા નથી; તેમને

જે સ્વાભાવિક છે તેનો આપણે વિરોધ કરીએ છીએ. પરિણામે તેઓ અને આપણી વચ્ચે વિસંવાદ ઉભો થાય છે.

તમારી પોતાની સ્થિતિ વિશિષ્ટ છે. તમે બહાર રહો છો અને બાળકને ઉછેરવાનું કામ પત્નીને સોંપી ચાલ્યા જાઓ છો; ને પુનઃ યોગ્ય રીતે ઉછેરવાની ફરજ તેને માથે મૂકી તેમાં થતી ભૂલો માટે અસંતોષ બતાવો છો. ખરી રીતે તમારે બહાર જતા અટકવું જોઈએ. બાળઉછેરની જવાબદારી માતપિતા બંનેને માથે સરખી છે. બહારના કામની જવાબદારી પત્નીને પણ એટલી બધી લાગે કે તે આપણને છૂટા કરે, અને બાળકનો ઉછેર પ્રેમપૂર્વક પોતાને હાથ આગ્રહપૂર્વક લે ત્યારે આપણે છૂટી શકીએ છીએ. પણ જ્યારે પત્ની આપણી પ્રવૃત્તિની વિરુદ્ધ હોય છે તે વખતે સામસામી ખેંચતાણમાં બાળકોને જ સહન કરવું પડે છે.

તમારી પત્ની તમને ચાહે છે તેનો તમે એવો લાભ ન લઈ શકો કે "લ્યો, તમે બાળકો ઉછેરો ને હું અન્ય ક્ષેત્રો ખેડું." મારો અનુભવ છે કે સ્ત્રીઓને માથે બાળઉછેરનું કામ ધક્કેલી પાડવાથી તેઓ ચીડાય છે. પણ વધારે તો તેઓ બીજા કારણથી ચીડાય છે ને પીડાય છે, ને તેને લીધે તેઓ આપણને ખૂબ દુઃખ કરાવે છે. તે એ છે કે આપણે

તેમને સ્વાભાવિક ગૃહસ્થાશ્રમધર્મનો લહાવો આપવામાંથી છટકી જઈએ છીએ. આપણા ગૃહસ્થાશ્રમધર્મમાં જેટલી ઊણપ–જેટલી બેદરકારી તેટલી ઘરમાં, બાળઉછેરમાં અને સ્ત્રી પોતામાં અવ્યવસ્થા અને બેદરકારી આવે છે. સ્ત્રીઓ ગૃહજીવનની શાંતિ, સુખ, પ્રેમ વગેરે માગે છે. એ તત્ત્વો એને મળે તો તેઓ બાળઉછેરનું કામ વિના વિરોધે કરે છે. પણ આપણે કહીએ કે "અમે તમને ચાહીએ છીએ. આ કામ તમે કરો; તમે તેને માટે લાયક થાઓ." વગેરે, તો તેઓ સામે નહિ થાય તો પણ સંતુષ્ટ તો નહિ જ થાય. એટલે જ પુરુષોએ પોતાની પ્રવૃત્તિ એવી ગોઠવવી કે સ્ત્રી કબૂલ રાખે કે ગૃહજીવન માટે એ પ્રવૃત્તિ અનિવાર્ય છે, અને એ જ ગૃહસુખનો આધાર છે. આપણી પ્રવૃત્તિમાં જ્યારે સ્ત્રીને વિશ્વાસ નથી હોતો ત્યારે તે ભારે મુશ્કેલી પેદા કરે છે.

પણ જો આપણી પ્રવૃત્તિ એટલી કિંમતી લાગતી હોય કે એમાં આપણે સ્ત્રી તથા બાળકોને હોમી દઈ શકીએ અને તે માટે પસ્તાવાના ન હોઈએ, તો આપણે આપણી મનકલ્પિત મનગમતી પ્રવૃત્તિ કરીએ, અને એ કિંમતી વ્યાપક સેવાની પ્રવૃત્તિમાં આપણા ગૃહજીવનનો યજ્ઞ કરીએ. પછી બાળઉછેરના ને એવા ખ્યાલો છોડી દેવા. એટલા જ માટે મેં આગળ લખ્યું કે તમે અત્યારે કસોટીએ ચડ્યા

છો. કાં તો તમારે સેવાકાર્ય કરવું; અગર તમારે ગૃહસ્થાશ્રમ યથાર્થપણે સંભાળવો.

આજે લોકલાજથી અગર ચાલુ પવનથી સ્ત્રી આપણી વાતની સામે નહિ થાય, તો તે કાલે સામે થશે. જ્યાં સુધી તેની વ્યાજબી ઇચ્છાઓને દાબીને ચાલશું ત્યાં સુધી દબાણ જતાં ઉછાળો આવવાની સંભવિતતા કબૂલીને જ ચાલવું. એટલે આજે આપણું જોર હોય ત્યારે, આપણો પ્રેમ તેના પર અધિકાર ભોગવતો હોય ત્યારે પણ તેના ઉપર કશું દબાણ ન કરો. દબાણથી લીધેલું કામ બગડી જશે; એટલું જ નહિ પણ જતે દહાડે સ્ત્રી તમારા કામનો અને તમારો પોતાનો દુશ્મન થઈ બેસશે.

પ્રેમળ સ્ત્રી સાથે સત્યાગ્રહ કરવાનો અખતરો તમે કરી જોયો. તેમાં તમે ફાવ્યા છો એમ ન કહેવાય; એમાં નહિ ફાવો. અજ્ઞાની સ્ત્રીને મન સત્યાગ્રહ કેવળ દબાણ અને આક્રમણ લાગે છે; તેના ઉપર જુલમ થતો હોય એમ ભાસે છે; તે આપણને બદલાઈ ગયેલા ધારે છે. તેનો આપણી પ્રત્યેનો અંતરનો ઉમળકો ઘસાવા લાગે છે. તે ગોટવાય છે. તે સ્પષ્ટ રીતે સમજી શકતી નથી કે પોતાના પ્રેમને આ વસ્તુ દબાવે છે; અને તે કહી પણ શકતી નથી. પ્રેમી સ્ત્રી સામે સત્યાગ્રહ ન કરતાં તેના ઉપર પ્રેમ કરવો. પ્રેમમાં સ્ત્રી ઘણું સમાવે

છે. એ બધું આપણે તેને આપવું જોઈએ. માત્ર 'પ્રેમ છે, પ્રેમ છે.' કહીએ પણ બધી રીતે તેને પોષીએ નહિ તો તે સૂકાઈ જાય છે. પ્રેમ એટલે શું, ખાસ કરીને સ્ત્રીપુરુષનો પ્રેમ એટલે શું, એ આજકાલના નવા માણસ બરાબર નથી જાણતા. તેઓનો પ્રેમાનુભવ તે ગાળ હોય છે. પ્રેમને નામે તેઓ કેવળ વિષય સેવે છે; અગર કેવળ હવાઈ ખ્યાલોમાં વિહરે છે. જગત વાસ્તવિક છે અને પ્રેમ પણ આ વાસ્તવિકતામાં પોતાની જગા માગે છે. પ્રેમ સ્થૂળ અને સૂક્ષ્મ બંને સાથે જોડાઈને રહે છે. જેમ જીવન દેહ અને આત્માના જોડાણમાં રહીને આગળ ધપે છે તેમ પ્રેમ આગળ વધવા ઇચ્છે છે. પ્રેમ આગ્રહી નથી; તે નિરાગ્રહી નથી. પ્રેમને પોતાનું બળ છે ને તે બહુ પ્રખર છે. તેના વડે આપણે આપણું દર્દ બીજાને કહી શકીએ. તમારી પત્ની ત્યારે જ તમારાં બાળકો ઉત્તમ રીતે ઉછેરશે કે જ્યારે તમારો પ્રેમ તેના ઉપર વરસતો દેખાશે—તમારો પ્રેમ તે જ્યારે અનુભવશે. તમારી પત્નીને તમારો એવો પ્રેમ મળ્યો છે?

એ વાત કબૂલ છે કે પત્ની જો અયોગ્ય રીતે બાળકોને રાખે તેની સામે આપણો વિરોધ હોય. પણ એ વિરોધ એટલે ક્રોધ નહિ. વિરોધ એટલે આપણે આખો દહાડો "તમને કશી ખબર નથી. કશું આવડતું નથી." એમ કહેવું એ પણ

નહિ. વિરોધ એટલે ઘરમાં અનાદર અને નિવૃત્તવૃત્તિ પણ નહિ. વિરોધને આપણે બહાર બતાવીએ તેના કરતાં અંદર અંતઃકરણમાં બતાવીએ. અને પરિસ્થિતિ ઉલટાવવા માટે કોઈની સાથે લડીએ ચઢીએ તેના કરતાં દુઃખી થઈએ. મૌન અંતરનું દુઃખ તીવ્રતાથી અનુભવાવે છે. ઉપરથી પ્રસન્ન રહેવું, બાળકોને સદા આનંદમાં રાખવા પ્રયત્ન કરવો, વાતાવરણને પ્રેમથી ભરવા મહેનત કરવી, અને અંતઃકરણને પીડાવા દેવું; જ્યારે પત્નીને પ્રેમથી ભીની કરવી ને તેના પ્રત્યે કોમળતા બતાવવી, ત્યારે પોતે પ્રભુની પાસે પ્રાર્થના કરવી. બાળકના કલ્યાણ અર્થે પતિ પત્નીએ વધારે નજીક આવવું જોઈએ. અને જ્યારે બહારના સાધારણ ઉપાયો અજમાવી જોયા પછી રસ્તો ન જડે ત્યારે પ્રભુને ચરણે જઈ, નમ્ર થઈ માર્ગ માગવો જોઈએ. જો આપણો બાળકો પ્રત્યેનો પ્રેમ નિર્મળ હશે તો પ્રભુ રસ્તો ઉઘાડશે.

: ૪૫ :

સ૦ બાળક બહુ હઠીલું છે. તેડતા નથી તો રડે છે ને ન તેડીએ ત્યાં સુધી છાનું જ રહેતું નથી; રસ્તામાં તેડવું પડે છે. લીધેલી હઠ છોડતું નથી અને ધાર્યું ન થાય ત્યાં સુધી રડે છે. આવે

વખતે શું કરવું?

જ૦ મારી સમજણ એવી છે કે બાળકોને આપણે તેડકાં કરીએ છીએ. બાલ્યાવસ્થામાં એક કાળે બાળક જાતે ચાલતાં શીખે છે તે ત્યારે જાતે જ ચાલવા કરે છે. પરંતુ તે જ વખતે આપણે ઘણી વાર આપણા પ્રેમને લીધે, ઘણી વાર ઘરની મોટાઈને લીધે, ઘણી વાર બીજાં બાળકોને તેમ કરવામાં આવે છે તેની દેખાદેખીને લીધે, ઘણી વાર ઘરનાં મોટાંઓ (સાસુસસરા)નું મન ન દુખાય એટલે બાળકને તેડીએ છીએ; બાળક તે પસંદ નથી કરતું. અણગમો બતાવે છે; રડીને છૂટું થવા માગે છે. પણ જ્યારે ધીમે ધીમે બાળક રોજ તેડવાથી તેવી ટેવવાળું થઈ જાય છે ત્યારે તે અપંગ થાય છે. એટલે કે તેને ચાલવાનું ગમતું નથી; તેનામાં પણ દેખાદેખીનો રોગ આવે છે. તે બીજાં બાળકોને તેડેલાં જોઈ રડી ઊઠે છે ને તેડાવવાનો આગ્રહ કરે છે. આમ એક વાર બાળક બગડ્યું એટલે તો તે રડીને જ આપણને વશ કરે છે. આપણેય પણ જુદે જુદે વખતે વશેકવશે તેને આધીન થવું પડે છે. કોઈ વાર આપણને તેનું રડવું ગમતું નથી; કોઈ વાર તે રડે છે તે લોકનજરે આપણને ખૂંચે છે. કોઈ વાર આપણને ઠપકો મળવાનો હોય છે એમ જાણી આપણે બાળક રડે કે તુરત તેડી લઈએ

છીએ. આમ આપણે બાળકોને ઘણી વાર જુદી જુદી બાબતમાં વશ વર્તીએ છીએ અને હેરાન થઈએ છીએ. સાથે બાળક પણ હેરાન જ થાય છે.

વાત એમ છે કે મૂળથી જ આપણે એને કુટેવમાં જવા દેવું નહિ. બાળક સ્વાભાવિકપણે ચાલવા માંડે ત્યારે તેને તેડવું નહિ. તે થાકે ત્યારે ઉપાડી લઈએ કે ખૂબ ઉતાવળ હોય ત્યારે હાથ દઈએ એ જુદી વાત છે. વળી બીજાં બાળકોની માતાઓ લાડ લડાવી તેડે ને હેરવેફેરવે તો તેથી લલચાઈએ નહિ; તેવી મમતા આપણામાં ન દેખાય તો પણ હરકત નથી. બાળકને ચલવીએ એ ખરાબ કે ઓછી દયાવાળું દેખાતું હોય તો પણ ભલે દેખાય. વળી આયા રાખી શકે તેવા શેઠ શ્રીમંતોનાં બાળકોને તેડાયેલાં જોઈ આપણાં બાળકો તેમ કરવા મન કરે તો તેમને કોઠું ન આપવું. આપણે તેમને માટે જેમ મોટર વસાવી દેવાનાં નથી, તેમ જ આપણે તેમની આયા પણ ન જ બનવું. બાળકો ચાલી શકે નહિ તેથી તેમને વારેવારે ઉપાડીને ચાલવું જોઈએ એવું તો કદી માનવું જ નહિ; તેમનામાં ચાલવાની શક્તિ પણ ઘણી હોય છે. અમે નાનાં બાળકોને પ્રવાસે લઈ જઈએ છીએ ત્યારે તેમની શક્તિ જોઈ અમે તાજુબ થઈએ છીએ. તેઓની સાથે તેમને લાડ લડાવનારાં માબાપો કે નોકરો

નથી હોતા તો તેઓ તુરત સ્વાધીનપણે પોતાનું કામ કરવા માંડે છે; તેઓ પોતાની ખરી શક્તિ બતાવે છે. પણ જેમનાં માબાપો સાથે હોય છે તેઓ ખરેખરાં પ્રાણવાન હોવા છતાં નબળાઈ બતાવે છે ને થાકવા લાગે છે; તેમાંયે જે માબાપો વધારે પડતી કાળજી કે પક્ષપાત બતાવે છે તેમનાં બાળકો તો અશક્ત જેવાં જ બની રહે છે.

તમારા બાળકને જે ટેવ પડી છે તેમાંથી તેને છોડાવવું હોય તો જ્યારે જ્યારે બહાર નીકળો ત્યારે રસ્તે તેડાવવાની માગણી કરે તો પણ જો તે બાળક ખરેખર અશક્ત કે માંદું ન હોય અગર થાકયું ન હોય તો જરૂર તેડો જ નહિ. તેને એક વાર બરાબર રડવા દેવું. એક વાર કુટેવ પડી છે તો તે ઉલટાવ્યે જ છૂટકો. આ પ્રયોગ કરતા પહેલાં જ વિચાર કરી લેવો કે તે વખતે તમે દૃઢતાથી આખર સુધી રડવા દેવાની સ્થિતિમાં છો કે નહિ. પરંતુ રડવા દેવા જેવો સમય ન હોય (જેમ કે રેલ્વે પર જવું હોય, અગર લોકો વચ્ચે એ પ્રસંગ તમને મૂંઝવે ને પાછળથી શરમાઈ તેને તેડવું પડે તેમ હોય) તો તેવા સંજોગોમાં પ્રયોગ કરવો નહિ. કુટેવવાળું બાળક પ્રયોગમાં જ્યારે ફાવી જાય છે ત્યારે તે વધારે મક્કમ બને છે ને ટેવને ન છોડવા તરફ જાય છે. વળી આવા પ્રયોગ વખતે મન મજબૂત

રાખવું પડે છે. રડી રડીને થાકે, હાથપગ પછાડે તો પણ એક વાર તો દૃઢ રહેવું જ. બીજું વચ્ચેથી નબળા થઈને છોડવા જેવી તમારી છાતી નબળી હોય તો પ્રયોગ બીજા પાસે કરાવજો. માબાપો બાળકો રડે તે સહી શકતાં નથી; તેઓ કૂણાં હોય છે ને તે કૂણાશ 'દયા ડાકણને ખાય' તેમ માબાપને બાળકો સમક્ષ આધીન બનાવે છે. વળી જ્યારે તમે પ્રયોગ આદરો ત્યારે તમે શાંતિ અને ધીરજ રાખજો. બાળક ઝટ રસ્તે નહિ આવે; તે ખૂબ ધમપછાડા કરશે. તેને અત્યાર સુધીનો અનુભવ છે કે આખરે માબાપ નમે છે. વળી તમે તમારો પ્રયોગ ચાલતો હોય દરમિયાન સમજાવવાનો પ્રયત્ન ન કરતાં. બાળક રડવા ઉપર ચડે છે ત્યારે તેને જેમ જેમ સમજાવતાં જઈએ છીએ તેમ તેમ તે બમણું થતું જાય છે. સમજાવટ કે દલીલના દરેક સમયથી તેનું રડવું નવેસરથી શરૂ થાય છે ને આખર અંતનો સમય ત્યારથી મંડાય છે. માટે બાળકને સકારણ રડવા દીધા પછી રડવા દેવું. વળી બીજાઓ વચ્ચે પડી આપણી યોજનાને વીંખી ન પાડે તે પણ ધ્યાનમાં રાખવું. આપણે ક્રૂર નથી; માંદા બાળકને દવા રૂપ આપણો પ્રયોગ છે, ને આપણે દવા ગણીને કરીએ છીએ. એ બધું આપણા ધ્યાનમાં હોય પછી આપણે બહારની શરમ, ખોટી લાગણી કે બીજાના માનથી કદી

ન અટકીએ. પડેલ કુટેવને દૂર કરતી વખતે આટલી બધી સખ્તાઈ વાપરવી જ પડે છે. તે વખતે આપણે અંતરમાં રડવાનું હોય છે; પણ પડવા દીધેલ કુટેવનું આ એક પ્રાયશ્ચિત્ત માત્ર છે. આ બધું જડતાથી કરવું નહિ; સાથે સાથે જ પોતાની વિવેકબુદ્ધિને વાપરતા જવું. બાળક તરફ પ્રેમ અને મનુષ્યની દયા આપણામાંથી એક પળ પણ ખસી ન જાય તે ખાસ યાદ રાખવું.

: ૪૬ :

સ૦ બાળક બધાને તુંકારાથી બોલાવે છે. અમે તેને માનપૂર્વક બોલાવીએ છીએ પણ બીજાં સગાંસ્નેહીઓ તેમ નથી બોલાવતાં, તેથી બાળક બીજાને બોલાવવામાં તુંકારો છોડતું નથી. આનું શું કરવું?

જ૦ ઘણી વાર લાડઘેલું બાળક તુંકારે બોલાવે છે. શરૂઆતમાં માતપિતાને તે ગમે છે પણ પાછળથી તે જ વસ્તુ માબાપને અણગમતી લાગે છે ને પછી તેમાંથી નીકળવું ભારે પડે છે. માટે માબાપે શરૂઆતથી એવાં લાડ લડાવવાનું છોડી દેવું. ઘણી વાર પાડોશીઓ, સગાં અને મહેમાનો બાળકને તુંકારો કરવામાં મજા લે છે. એથી પણ સાવધાન રહેવું. સામાન્યતઃ ઘરનું સંસ્કારી વાતાવરણ

હોય ત્યાં આ પ્રશ્ન થોડો ઊભો થાય. પણ આજુ-બાજુનાં અસંસ્કારી લોકોનાં બાળકોમાંથી આવો ચેપ આવ્યો હોય તો તેવાં બાળકોની સોબતમાંથી આપણા બાળકને છોડાવી લેવું. તે માટે તેમને સ્પષ્ટ જ કહી જ દેવું કે તમે તમારે ત્યાં અને અમે અમારે ત્યાં. આપણા બાળકને પણ વિવેકથી કહીએ: "આમ કહેવાય જ નહિ. આપણે ત્યાં આ ન શોભે. આમ બોલવું એ જ ઠીક છે." વગેરે. તુંકારો વગેરે ઉપલકિયા રોગો છે; વાતાવરણનો ફેરફાર એ જ એનો ઉપાય છે. બાળકને ખાસ માનપૂર્વક જ બોલાવવું જોઈએ અગર અન્ય જનોને તેવી ફરજ જોઈએ, એ ઉપાય નથી; તેમ જ ઘરમાં નાનાં મોટાં બધાં જ બહુ વિવેકથી બોલવા સારૂ સ્વાભાવિક તુંકારો છોડી દે એમ પણ કહેવું નહિ. કોને તુંકારો કરવો અને કોને નહિ તે જેમ આપણે સૌ જાણીએ છીએ તેમ જ સ્વાભાવિક વાતાવરણમાં રહેતું બાળક પણ જાણી શકશે.

: ૪૭ :

સ૦ "અમને અમારા ...ભાઈ મારે છે. અમારે ન વાંચવું હોય તો પરાણે વંચાવે છે. અમે જો ન વાંચીએ તો મારીને ઉપર વંચાવે છે. આનો જવાબ લખશો."

જ૦ મારા બાલમંદિરના એક બાળકે મારા ઉપર આવો એક પત્ર લખી મને હાથોહાથ આપ્યો. આનો જવાબ હું એના મુરબ્બી ...ભાઈને એકને જ લખું તેના કરતાં એવા સૌ ભાઈઓને લખું તો સારૂં. એટલે મેં આ પત્ર 'શિક્ષણ પત્રિકા' માં જવાબ સાથે પ્રગટ કરવાનું ધાર્યું છે. જેમ એક જણ નદીને બંધ બાંધે અને બીજો જણ તે તોડી નાખે, તેમ હું માર માર્યા વિના શીખવું અને બાળકને ઘેર માર મારીને શિખવાડે તેવો આ કિસ્સો છે. બાળક બાલમંદિરમાં પોતાની સ્વયંસ્ફૂર્તિને અનુસરીને પુષ્કળ વાંચે છે; મારે તેને પરાણે વંચાવવું પડતું નથી. જ્યારે ઘરે પિતા સ્વયંસ્ફૂર્તિને અનુસરવા દેતા નથી અને જોહુકમીથી કામ લે છે. બાળકના આ પત્રમાં તેનું દર્દ સ્પષ્ટ છે; પરાધીનતા પણ એટલી જ સ્પષ્ટ છે. તેનો ઉપાય મારા હાથમાં છે એમ બાળક માને છે. એમાં મારા પ્રત્યેનો વિશ્વાસ અને આદર છે, તેની સાથે જ તેના પિતામાં અવિશ્વાસ અને અનાદર પણ છે. માબાપો પરાણે વંચાવી શકશે, પણ તેઓ બાળકને આવી ચિઠ્ઠીઓ લખતાં રોકી શકશે નહિ. પરાણે વંચાવવાને પરિણામે આવા પત્રો લખાય તેના કરતાં તો બાળક બે દિવસ મોડું વાંચે તે વધારે સારૂં છે. ઘરની ફરિયાદ બાળકને બીજા

પાસે શા સારૂ કરવી પડે? પરાણે ભણાવવાના મોહમાં માબાપો બાળકને ભણતર આપી તેમનો પ્રેમ ખુએ છે, તેમને પોતાનાં મટાડે છે, એ ચેતવા જેવી સ્થિતિ છે કારણ કે તે ભયંકર છે.

: ૪૮ :

સ૦ બાલશિક્ષણમાં માબાપો રસ લેતાં થાય અને બાળકો પ્રત્યે પોતાની જવાબદારી સમજતાં થાય તે જાતની તેમને કેળવણી આપવાની નિશાળ કે યોજના છે?

જ૦ જવાબ એ છે કે જો માબાપો પોતે જ કેળવાવા માગતાં હોય તો તેઓ ઘણું કરી શકે તેમ છે. જેમ કે—

૧. તેઓ બાલશિક્ષણ અને બાલસાહિત્ય ઘેર બેઠાં વાંચે. દરરોજ થોડો વખત તો આવા વાચન પાછળ કાઢે જ કાઢે.

૨. તેઓ દરરોજ થોડો વખત બાળકો સાથે વાતો કરે, તેમને વાર્તાઓ કહે, તેમની સાથે રમે. બાળકો સાથે વસવાથી બાળકોના માનસનો અને માનસશાસ્ત્રનો ઉત્તમ અભ્યાસ થાય છે.

૩. કોઈ પણ બાલમંદિરમાં ચાલતું કામકાજ જોવા દર અઠવાડિયે એકાદ આંટો જાય અને બાલશિક્ષકો બાળકો સાથે કેવી રીતે કામ પાડે છે તે

જ૦ મારા બાલમંદિરના એક બાળકે મારા ઉપર આવો એક પત્ર લખી મને હાથોહાથ આપ્યો. આનો જવાબ હું એના મુરબ્બી ...ભાઈને એકને જ લખું તેના કરતાં એવા સૌ ભાઈઓને લખું તો સારૂં. એટલે મેં આ પત્ર 'શિક્ષણ પત્રિકા' માં જવાબ સાથે પ્રગટ કરવાનું ધાર્યું છે. જેમ એક જણ નદીને બંધ બાંધે અને બીજો જણ તે તોડી નાખે, તેમ હું માર માર્યા વિના શીખવું અને બાળકને ઘેર માર મારીને શિખવાડે તેવો આ કિસ્સો છે. બાળક બાલમંદિરમાં પોતાની સ્વયંસ્ફૂર્તિને અનુસરીને પુષ્કળ વાંચે છે; મારે તેને પરાણે વંચાવવું પડતું નથી. જ્યારે ઘરે પિતા સ્વયંસ્ફૂર્તિને અનુસરવા દેતા નથી અને જોહુકમીથી કામ લે છે. બાળકના આ પત્રમાં તેનું દર્દ સ્પષ્ટ છે; પરાધીનતા પણ એટલી જ સ્પષ્ટ છે. તેનો ઉપાય મારા હાથમાં છે એમ બાળક માને છે. એમાં મારા પ્રત્યેનો વિશ્વાસ અને આદર છે, તેની સાથે જ તેના પિતામાં અવિશ્વાસ અને અનાદર પણ છે. માબાપો પરાણે વંચાવી શકશે, પણ તેઓ બાળકને આવી ચિઠ્ઠીઓ લખતાં રોકી શકશે નહિ. પરાણે વંચાવવાને પરિણામે આવા પત્રો લખાય તેના કરતાં તો બાળક બે દિવસ મોડું વાંચે તે વધારે સારૂં છે. ઘરની ફરિયાદ બાળકને બીજા

પાસે શા સારૂ કરવી પડે? પરાણે ભણાવવાના મોહમાં માબાપો બાળકને ભણતર આપી તેમનો પ્રેમ ખુએ છે, તેમને પોતાનાં મટાડે છે, એ ચેતવા જેવી સ્થિતિ છે કારણ કે તે ભયંકર છે.

: ૪૮ :

સ૦ બાલશિક્ષણમાં માબાપો રસ લેતાં થાય અને બાળકો પ્રત્યે પોતાની જવાબદારી સમજતાં થાય તે જાતની તેમને કેળવણી આપવાની નિશાળ કે યોજના છે?

જ૦ જવાબ એ છે કે જો માબાપો પોતે જ કેળવાવા માગતાં હોય તો તેઓ ઘણું કરી શકે તેમ છે. જેમ કે—

૧. તેઓ બાલશિક્ષણ અને બાલસાહિત્ય ઘેર બેઠાં વાંચે. દરરોજ થોડો વખત તો આવા વાચન પાછળ કાઢે જ કાઢે.

૨. તેઓ દરરોજ થોડો વખત બાળકો સાથે વાતો કરે, તેમને વાર્તાઓ કહે, તેમની સાથે રમે. બાળકો સાથે વસવાથી બાળકોના માનસનો અને માનસશાસ્ત્રનો ઉત્તમ અભ્યાસ થાય છે.

૩. કોઈ પણ બાલમંદિરમાં ચાલતું કામકાજ જોવા દર અઠવાડિયે એકાદ આંટો જાય અને બાલશિક્ષકો બાળકો સાથે કેવી રીતે કામ પાડે છે તે

જુએ. તેમાંથી તેમને ઘણું શીખવાનું મળશે.

૪. કોઈ બાલશિક્ષણની કે બાલશિક્ષણ અધ્યાપનમંદિરની સંસ્થામાં એકાદ મહિનો રહેવું અને બાલશિક્ષણની આરાધના કરવી.

: ૪૯ :

સ૦ મારે બેએક વર્ષની નાની બેબી છે. એની કેળવણી માટે શી વ્યવસ્થા કરવી ? ક્યાં ક્યાં પગલાં લેવાં ? એ હજી હમણાં જ બોલતાં શીખી છે.

જ૦ તમે બેબીના શિક્ષણમાં અત્યારથી જ રસ લ્યો છો તેથી તમને અભિનંદન ઘટે છે. સામાન્યતઃ અઢી ત્રણ વર્ષની ઉંમરથી મોન્ટીસોરી શાળાનો લાભ બાળક લઈ શકે છે. આપણા દેશમાં સામાન્ય રીતે ત્રણ વર્ષ પછીનાં બાળકો મોન્ટીસોરી શાળામાં જાય છે. એ પહેલાં ત્રણ વર્ષ સુધીનો કાળ ઘણો કિંમતી છે, અને તેની સંભાળ લેવાનું તમે ઉચિત ધાર્યું છે તે યોગ્ય જ કર્યું છે. તમારો તથા તમારાં પત્નીનો અભ્યાસ, સ્થિતિ, સંજોગો, નોકર-ચાકરો, વગેરે વિષે મને જણાવ્યું હોત તો હું તમને વધારે વિગત અને સ્પષ્ટતાથી જવાબ આપી શકત. પરંતુ વધારે વિગત નહિ હોવા છતાં સામાન્ય સૂચન રૂપે હું નીચે પ્રમાણે કહી શકું છું.

તમે ખાસ કરીને તરતમાં નીચેની ચોપડીઓ

વાંચી જશો. જો કે તમારાથી પણ પહેલાં બેબીની મા વાંચી જાય એ ખાસ જરૂરનું છે.

૧ ઘરમાં બાળકે શું કરવું ?

૨ ઘરમાં મોન્ટીસોરી

૩ માબાપોને

૪ વાર્તા કહેનારને

૫ શાસ્ત્રીય દૃષ્ટિ

આ ચોપડીઓમાંથી સામાન્યતઃ બાળક તરફની તમારી દૃષ્ટિ નક્કી થશે, અને ઘરમાં તેને કંઈ કંઈ કામનો માર્ગ સૂઝાડી શકશો. તમને ફુરસદ હોય અને અંગ્રેજી વાંચવાનો પણ શોખ હોય તો નીચેની ચોપડીઓ પહેલી જ તકે વાંચી જશો.

૧ Advanced Montessori Method part I.

૨ બાલશિક્ષણ : મને સમજાયું તેમ.

આ ચોપડીઓમાંની ગુજરાતી ચોપડી અહીં શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરમાંથી મળશે. અંગ્રેજી ચોપડી તારાપોરવાળા એન્ડ સન્સ, કાલબાદેવી પરથી મળશે. શ્રીદક્ષિણામૂર્તિનાં માબાપોને ઉપયોગી પુસ્તકોનું છેલ્લું સૂચિપત્ર મગાવી તમને ઠીક લાગે તેટલી ચોપડીઓ પણ તમે મગાવી શકશો.

બાળકને નોકરોના હાથમાં ઓછામાં ઓછું મૂકશો. મા અને બાપ બંનેએ બાળકને પોતાનો

થોડો થોડો વખત આપવો જોઈએ. નોકરો ભયંકર સંસ્થા છે, અને બાળકોને માટે તો તે પ્રાણઘાતક વાતાવરણ રૂપ છે.

બાળકને નુકસાન ન થાય તેમ જ કોઈનાં હક્કોને વાંધો ન આવે તેવી રીતે જે પ્રવૃત્તિ કરવી ગમે તે તેને કરવાની અનુકૂળતા કરી આપશો. રમકડાંથી બાળકને બહુ સંતોષ થતો નથી, પણ જેમાં કાંઈક કરવાનું આવે તેવું તેને આપવાથી બહુ લાંબો વખત તેમાં તે રોકાય છે, ને વિકાસ મેળવે છે. બાળકને આ નાની વયે ફોસલાવીને ક્રોધમકીથી કબજે રાખવાનો પ્રયત્ન લેશમાત્ર કરશો નહિ. લાલચ પણ શિક્ષા જેટલી જ ભયંકર છે, તેથી તેનો સદંતર ત્યાગ થવો જોઈએ. તમે પોતે ધંધાને અંગે બહુ કામમાં હો તો તેની માતાને આ બધી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવા કહેશો.

માતા થયા પછી તો સ્ત્રીએ પોતાનું સર્વ કર્તવ્ય બાળકના વિકાસમાં સમાપ્ત કરવાનું છે. એમાં પોતાની અને જનતાની મોટામાં મોટી સેવા છે; જીવનફિલસૂફીના મહાન પાઠો એમાંથી મળે છે, અને બાળક પાસેથી પ્રત્યેક પળે જીવનધર્મનો પાઠ સહેજે સંભળાય છે.

માતાએ માતા થતા પહેલાં બાળકને કેમ કેળવવું તેની કેળવણી નહિ લીધી હોવાથી ઘરમાં

બાળક આવતાં તે એકાએક મૂંઝાઈ જાય છે, મિજાજ ખોઈ બેસે છે અને બાળકને નુકસાન કરે છે. આને બદલે માતાએ પોતાના સ્વભાવ ઉપર કાબૂ રાખવાની જરૂર છે; ધણીધણીયાણીએ લડી પડવાને બદલે બાળકને કેમ સંભાળવું તેની શોધ કરવાનીકળવાનું છે. બાળક એ માબાપના પુણ્ય પ્રેમનો સાર છે, તેથી માબાપોએ માબાપ થયા પછીનું જીવન બાળકની આસપાસ જ ગોઠવવું જોઈએ.

: ૫૦ :

સ૦ મારે બે ભત્રિજાઓ છે; મોટો ભાઈ ૧૨ વર્ષની ઉંમરનો ને નાનો ભાઈ ૯ વર્ષની ઉંમરનો. મોટો ભાઈ વાચનનો ઘણો શોખીન છે. એના હાથમાં કંઈ પણ આવે કે તે એ જરૂર વાંચે જ. ત્યારે નાનો ભાઈ વાચન તરફ બહુ ઉદાસીનવૃત્તિ જાળવે છે. વાંચતાં આવડે છે પણ નિશાળમાં ચાલતાં પુસ્તકો વાંચવાં પડે એટલાં વાંચે; પરંતુ તે સિવાય બહારનું બીજું કાંઈ વાચન વાંચે નહિ. વાર્તા વાંચવાનો શોખ પણ એને નથી; સાંભળવાનો શોખ છે ખરો. એનામાં વાર્તાવાચનનો રસ ઉત્પન્ન કરવા મેં એને વાર્તાઓ કહેવા માંડી. વાર્તાઓ તે રસપૂર્વક સાંભળતો, અને જાતે જ વાર્તાની માગણી કરતો. પણ એ રસથી પોતાની

મેળે પ્રેરાઈને ઘરમાં વાર્તાઓની ચોપડીઓ પડી હોય છતાં કદી એ વાંચે નહિ. હું એને ચોપડી લઈ એમાંથી વાર્તા વાંચી સંભળાવું. મારૂં ધારવું એમ હતું કે જો એમ કરતાં એનામાં વાચનની રસવૃત્તિ જાગૃત થાય તો પછી એ પોતાની મેળે વાંચવાનું કદાચ શરૂ કરે. વાંચી સંભળાવું તો સાંભળવામાં એને રસ પડે ખરો. કોઈક વાર એ એની એ જ ચોપડીમાંની એની એ જ વાર્તાઓ કે જે મેં એની આગળ વાંચી હોય તે જ વાંચે; પણ તે સિવાયની બીજી વાર્તાઓ વાંચવાનું મન એને ન થાય.

ગમે તેવી રસભરી વાર્તા હોય અથવા નાનું નાટક હોય, અને કદાચને એ જો વાંચવું શરૂ કરે, તો હજી કેટલું બાકી રહ્યું ને ક્યારે પૂરૂં થશે, તે જ જોયા કરે. વાંચતાં થાક ચડી જવો એ તો જાણે એનું ખાસ વલણ લાગે છે.

તમારો 'આપણા પાપે'નો ભેટ અંક એણે પોતાની મેળે વાંચ્યો. અંદર બધી ઘણી જ નાની નાની વાર્તાઓ છે એટલે એ વાંચી ગયો; બે વાર વાંચી ગયો. પછી મેં એને 'શિક્ષણ પત્રિકા'ના છઠ્ઠા વર્ષનો ભેટ અંક બતાવ્યો. પણ એ વાંચવાને હાથમાં લઈ એણે પાનાં ઉથલાવી જોયાં ને પાછો મૂકતાં કહ્યું: "આમાં તો બહુ લાંબી લાંબી વાર્તાઓ

લાગે છે." એમાં બહુ લાંબી વાર્તાઓ તો નથી જ, છતાં એને એ લાંબી લાગે છે.

આનો ઉપાય શો હોઈ શકે? અને આનું કારણ પણ શું? મને કંઈ સૂઝ ન પડી, તેમ જ પત્રિકામાં આવો એકે દાખલો વાંચ્યો નહોતો, તેથી એ ગૂંચવણનો ઉકેલ જડ્યો નહિ માટે આપને પૂછાવું છું. મહેરબાની કરીને જો આપ એનો કંઈ ઉકેલ બતાવશો તો આપની અત્યંત આભારી થઈશ.

જ૦ બે ભત્રિજાઓ વચ્ચે તમારે સરખામણી કરવાની કશી જરૂર નથી. બંને શરીર અને શક્તિથી જુદા છે એમ સ્પષ્ટ રીતે સમજવું. મોટો ભત્રિજો ખૂબ હોશિયાર અને વાચનરસિક હોવાથી જ નાનો ભત્રિજો વાચનમંદ લાગે છે. તુલના કરવા જેવું ન હોત તો તમને લાગે છે તેટલી ગંભીર સ્થિતિ નાના ભત્રિજા વિષે લાગત નહિ. હવેથી બંને ભત્રિજાઓ વિષે તુલનાત્મક નહિ પણ સ્વતંત્ર વિચાર કરશો.

તમારા લખાણ ઉપરથી એમ જણાય છે કે મોટો ભત્રિજો સાહિત્યરસિક છે. ઉપરાંત તે પોતાનું જ્ઞાન આંખની ઇંદ્રિય દ્વારા મેળવવા માગે છે, તેથી વાચનરસિક સહેજે છે જ. પણ નાનો ભત્રિજો તેવો નથી; તેથી તેનામાં બેશક સાહિત્યરસિક વૃત્તિ ઓછી છે, અને આંખથી તે અત્યારે જ્ઞાન મેળવવા માગતો નથી. પરંતુ તેથી તેનામાં કાંઈ ખાસ દોષ છે એમ

હું માનતો નથી. દુનિયાનું સમગ્ર જ્ઞાન વાચનમાં આવી જતું નથી; તેમ વાચન મારફતે જ મળવું જોઈએ કે મળે છે, તેમ પણ નથી. વાચન એક સાધન છે; કોઈને તે સાધન ઠીક પડે છે, જ્યારે કોઈને તે ઠીક નથી પડતું. માટે તમે તે વાંચે તો સારૂં એવી જાતની ચિંતા જ છોડી દેજો. તમારે ત્યાં સારૂં વાચનાલય હોય તો બસ છે. સારા ભોજનો-માંથી અમુક ભોજન કોઈ ન લે તો કશી ચિંતા કરવા જેવું ન હોય.

નાના ભત્રિજાને બીજી કઈ કઈ બાબતોમાં રસ છે તે તપાસો. અને તેમાં તેને જેટલું કરવું હોય તેટલું કરવાની અનુકૂળતા આપો. એક બાળ-કના વિકાસનું સાધન પુસ્તકાલય હોય છે, બીજાનું સાધન સંગીતશાળા હોય છે અને ત્રીજાનું સાધન કારખાનું હોય છે. નાના ભત્રિજાને 'શું ગમે છે?' —નહિ કે તેને 'શું ગમવું જોઈએ?' તે દિશામાં અવલોકન કરજો; અને તેને જોઈતું તમે આપજો.

જો તેને લાંબી વાતો વાંચવામાં થાક લાગતો હોય તો તેની વાંચવાની બુદ્ધિ અને ઉંમર નાની છે એમ સમજીને, તેને તેની ઉંમરથી નીચી કક્ષા-ઓનાં છોકરાંઓની ઉંમરના બરની ચોપડીઓ વાંચ-વા આપવાનું કરી જોશો. તે ત્રીજી ચોપડીમાં છે તો તેને બાળપોથી, પેલી, બીજી, અને તેના જેવી

સારી ચોપડીઓ આપશો. ભલે તે ધીમે ધીમે ચાલ્યો આવે; તેનું વાચન બંધ તો નજ કરતાં.

બે ભાઈઓમાં એક ભાઈ બહુ વધારે પડતો હોશિયાર હોવાથી, અગર આપણે તેને હોશિયાર છે એવું વારંવાર કહેલ હોવાથી, ઘણી વાર બીજો ભાઈ આપણા શબ્દોને કારણે ઠંડો પડી જાય છે; તે પોતાનો આત્મવિશ્વાસ ખોઈ બેસે છે, સ્વપ્રયત્નને છોડી દે છે, અને ઘણી વાર તો વિકાસના માર્ગથી આડો જઈ તોફાનમસ્તી પણ કરે છે. આને માનસશાસ્ત્રમાં Inferiority Complex એટલે લઘુતાગ્રંથિ એટલે કે 'મારામાં કાંઈ નથી.' એવી ભાવના કહે છે. બે વચ્ચેની સરખામણીમાં એકની સ્તુતિ અને બીજાની નિંદા કરવાથી આ સ્થિતિ આવે છે. માટે હવેથી બે ભાઈઓને સરખાવીને કશી વાત કરશો નહિ. બંનેને પોતપોતાને માર્ગે જવા દેવા. નાના ભત્રિજાને ખાસ ઉત્તેજન પણ આપશો નહિ.

: ૫૧ :

સ૦ મારી પુત્રી બાલમંદિર જવાની આનાકાની કરે છે. તેનું કારણ શું અને તેનો ઉપાય શો?

જ૦ તમારી પુત્રીની ઇચ્છા વિરુદ્ધ બાલમંદિરમાં મોકલવાની કશી જરૂર નથી. ઘણાં બાળ-

કોને બાલમંદિરમાં વ્યક્તિગત થયેલ અનુભવો ગમતા નથી. તેઓ પોતાનું મંતવ્ય કે મુશ્કેલી વ્યક્ત કરી શકતાં નથી; છતાં તે ત્યાં જવા ના પાડે છે એટલું જ નહિ પરંતુ હઠ કરે છે, કજિયો કરે છે અને ઘણી વાર તો માંદાં પણ પડે છે.

બાલમંદિરમાં બાળકે જવું જ જોઈએ એવો આગ્રહ કોઈ માબાપે ન રાખવો જોઈએ. બાલમંદિરનું વાતાવરણ દરેક બાળકને પસંદ જ પડે એમ નથી. ઘણી વાર બાલમંદિરનું વાતાવરણ બાળકને ખૂંચે છે કેમ કે તેમાં તેવાં તત્ત્વો હોય છે. આપણે જે નરી આંખે કે બુદ્ધિએ જોઈ શકતાં નથી તે બાળકો અંતઃકરણમાંથી સમજી જાય છે, અને બાલમંદિર પોતાને મદદ છે કરે કે આડે આવે છે તે જાણી શકે છે. બાળક સ્વતંત્રતા માગે છે, સ્વયંસ્ફૂર્તિ માગે છે; બાલમંદિર તે આપવાનો દાવો કરે છે. અર્થાત્ આ બંને વસ્તુ બાળકને ન મળતી હોય તો જરૂર તેઓ ત્યાંથી નાસી છૂટવાનાં. ઘણી વાર બાલમંદિરના શિક્ષકમાં બાળકો સાથે વર્તવાની આવડત નથી હોતી. કાં તો બાળકોને તે વધારે પડતું ફૂલાવેફૂલાવે છે, અગર તો તેને તે વધારે પડતું રઝળતું મૂકે છે. કેટલીક વાર શિક્ષકની વાણીમાં આવતી જાડી ઢબ, ઉતાવળિયાપણું, કર્કશતા વગેરેથી પણ તે ત્રાસે છે. ઘણી વાર શિક્ષક ઉપરથી પદ્ધતિસર વર્તતો

હોય છે છતાં અંદરથી બાળકોને સમજ્યા વિનાનો હોય છે; ઉપરથી સ્વતંત્રતા આપવાનો દેખાવ કરતો હોય છે જ્યારે અંદરથી નિયમન ઝટ લાવવા આડા-અવળા ખોટા ઉપાયો લેતો હોય છે. ઘણી વાર લોકોને તે બતાવવા જાય છે કે પોતાનું બાલમંદિર કેવું સુંદર ચાલે છે, અને બાળકો કેવાં વ્યવસ્થિત છે. આ બધું બાળકોને અણગમારૂપ બને છે, અને બાળકો ત્યાંથી ભાગે છે. વળી માબાપો ઘણી વાર શિક્ષકો તથા બાલમંદિરનાં જેવાં વખાણ કરે છે તેવું બાળકોને ત્યાં કંઈ નહિ મળતું હોવાથી બાળકો બાલમંદિરમાં શ્રદ્ધા ખોઈ નાખે છે.

ઘણી વાર તો બાલમંદિરના શિક્ષકો ભાન ભૂલી જઈ અવસ્થાની ખાતર, અને પોતે કાંઈ માર્ગ કાઢી શકતા નથી ત્યારે બાળકો ઉપર ચીડાય છે અથવા તો તેમને હડધૂત કરે છે અથવા તેમને દમ મારે છે, ત્યારે બાળકો બાલમંદિરને અને શિક્ષકોને વધારે ધિક્કારે છે.

વળી ઘણી વાર ત્યાં ભેળાં થતાં બાળકોમાંથી કોઈ ને કોઈ બાળક પોતાને હેરાન કરે છે તેથી પણ બાળકને ત્યાં જવું ગમતું નથી. ઉપરાંત ઘરનું વધારે આકર્ષણ, નોકરો ઉપરનું અવલંબન, મા મોકલવા માગે તો બાપની મરજી ન હોય અથવા તેથી ઊલટું હોય, અથવા ઘરનાં ઘરડાંઓ બાળકોને

ગોઠવવી. બાળકો તેમાં ભાગ લેશે અને તેના તરફ સાથીની દૃષ્ટિથી જોશે. વળી આ પ્રસંગે ભેગાં થયેલાં બાળકો તેની સાથે બેઠાં બેઠાં રમી શકે તેવી રમતો ગોઠવવી : દાખલા તરીકે ગંજીપો, ચોપાટ, શેતરંજ અથવા નવકૂંકી વગેરેની. ઘરમાં પણ એવી રમતગમતો ગોઠવવી કે એ છોકરીને કંઈ ને કંઈ અગત્યનું સ્થાન મળે. પોતે હવે હલકી પડી ગઈ છે એમ તેને લાગે છે. આ વૃત્તિ નીકળી જાય માટે હાથ વડે કાંઈ સુંદર અને ઉપયોગી થઈ શકે તેવું તેને બતાવવું. હાથથી થઈ શકે એવાં કેટલાંયે કામો શોધી શકાય: દાખલા તરીકે બીજાં બાળકો નાટકોની રમતો કરે તો આ બેન પડદો ખેંચે. આમ આ દૃષ્ટિએ વિચાર કરી તેની રચના ગોઠવશો તો તેને ઠીક પડશે. બાળકની ઉંમર જાણ્યા વિના આપેલી આ સલાહ જેવી રીતે ઉપયોગી નીવડે તેવી રીતે લેશો.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

શિક્ષણ વિષયક પુસ્તકોનું

સૂચિપત્ર

આસો : ૧૯૯૧

ઑક્ટોબર ૧૯૩૫

ભાવનગર

શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

પ્રાથમિક શાળા માટે

વાર્તાનું શાસ્ત્ર	૧–૪–૦	પ્રાથ૦ શા૦ શિક્ષક	૦-૧૦-૦
બાલશિક્ષણ	૦-૧૦-૦	પ્રાથ૦ શા૦ કલા ને કારીગરીનું શિક્ષણ ખંડ ૧–૨ દરેકના	૦-૧૦-૦
વાર્તા કહેનારને	૦–૧–૬	પ્રાસંગિક મનન	૦–૮–૦
બાલક્રીડાંગણો	૦–૧–૬	દિવાસ્વપ્ન	૦-૧૦-૦
શાસ્ત્રીય દૃષ્ટિ	૦–૧–૬	શિક્ષક હો તો	૦-૧૦-૦
બાળવાર્તાનો વિનોદ	૦–૧–૬	બાળકોની અપૂર્ણતાઓ ને ઉપાયો	૦–૧–૬
પ્રાથ૦ શાળામાં ભાષાશિક્ષણ	૦-૧૦-૦	વાચનમાળાના કેટલાએક સિદ્ધાંતો	૦–૧–૬
પ્રાથ૦ શાળામાં શિક્ષણપદ્ધતિઓ	૦–૮–૦	વિદ્યાર્થીઓનું માનસ	૦-૧૦-૦
પ્રાથ૦ શાળામાં ચિઠ્ઠીવાચન	૦–૫–૦		

મોન્ટીસોરી શિક્ષણ

સ્વતંત્ર બાલશિક્ષણ	૦–૧–૦	મોન્ટી૦ સંમેલન નિબંધ સંગ્રહ	૦-૧૨-૦
મોન્ટીસોરી પદ્ધતિ	૨–૦–૦	મોન્ટી૦ પ્રવેશિકા	૦-૧૨-૦
બાલશિક્ષણ	૦-૧૦-૦	ઘરમાં મોન્ટીસોરી	૦-૧૦-૦
મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા	૦-૧૦-૦	શહેરમાં મો૦ પદ્ધતિ	૦–૧–૬

માધ્યમિક શિક્ષણ માટે

નવી કેળવણી	૦-૧૨-૦	જર્મનીમાં કેળવણીની પ્રણાલિ	૦-૧૨-૦
માધ્યમિક શાળામાં ભાષાશિક્ષણ	૦-૬-૦	નવી દૃષ્ટિ	૦-૧૦-૦

ગૃહપતિઓ માટે

ગૃહપતિને	૦-૧૨-૦	મૂંઝવતું બાળક	૧-૦-૦
વડીલો વાંચે	૦-૧૦-૦	શા માટે ?	૦-૮-૦
છાત્રાલય સંહિતા	૦-૮-૦	કોઇએ નહોતું કીધું	૦-૧૦-૦
છાત્રા૦કમી૦ અહેવાલ	૦-૬-૦	વાર્તાનું શાસ્ત્ર	૧-૪-૦
વિદ્યાર્થીઓનું માનસ	૦-૧૦-૦	હાલતાં ચાલતાં	૦-૧૦-૦

માબાપો માટે

શિક્ષણચર્ચા (રા. ૭-૩-૦)		સામાન્ય (રા. ૪-૫-૬)	
બાલશિક્ષણ	૦-૧૦-૦	ઘરમાં બાળકે શું કરવું મફત	
સ્વતંત્ર બાલશિક્ષણ	૦-૧-૦	બાળકોની અપૂર્ણતાઓ ને ઉપાયો	૦-૧-૬
મોન્ટીસોરી પદ્ધતિ	૨-૦-૦	માબાપોને	૦-૧૦-૦
દિવાસ્વપ્ન	૦-૧૦-૦	આ તે શી માથાફોડ !	૦-૧૦-૦
હાલતાં ચાલતાં	૦-૧૦-૦	માબાપ થવું આકરૂં છે.	૦-૧૦-૦
પ્રાસંગિક મનન	૦-૮-૦	માબાપોના પ્રશ્નો	૦-૬-૦
વડીલો વાંચે	૦-૧૦-૦	વસંત બાલશિક્ષણ માળા	
મૂંઝવતું બાળક	૧-૦-૦	ગુચ્છ ૧-૨ દરેકના	૦-૧૧-૦
શા માટે ?	૦-૮-૦	ઘરમાં મોન્ટીસોરી	૦-૧૦-૦
કોઈએ નહોતું કીધું	૦-૧૦-૦		

શિક્ષણનાં અન્ય પુસ્તકો

ગુરુપત્નિને (નાનાભાઈ) ૦-૧૨-૦
ડૉલ્ટન યોજના (હરભાઈ) ૧-૦-૦
મોન્ટી૦ પ્રવેશિકા (તારાબેન) ૦-૧૨-૦
મહાયુદ્ધ પછીની જર્મનીમાં કેળવણીની પ્રણાલિ (ગ. ઉ. ભટ્ટ) ૦-૧૨-૦
વિદ્યાર્થીઓનું માનસ
[સુધારાવધારા સાથે] ૦-૧૦-૦
પ્રાથમિક શાળામાં ભાષા-શિક્ષણના થોડાએક ફેરફારો ૦-૬-૦
વડીલો વાંચે (હરભાઈ) ૦-૧૦-૦
ગાંધીએ નહોતું કીધું „ ૦-૧૦-૦
મૂંઝવતું બાળક „ ૧-૦-૦
નવી કેળવણી „ ૦-૧૨-૦
નવી દૃષ્ટિ „ ૦-૧૦-૦
ઘરમાં મોન્ટીસોરી (તારાબેન) ૦-૧૦-૦
શા માટે ? (હરભાઈ) ૦-૮-૦
વસંત બાલશિક્ષણ પ્રચારમાળા
ગુચ્છ ૧-૨ દરેકના ૦-૧૧-૦
મોન્ટીસોરી શિક્ષણપ્રચારમાળા
પ્રથમ ગુચ્છ ૦-૧૦-૦

તેમ જ અન્ય નાની પુસ્તિકાઓ, વગેરે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

આજે સ્ત્રીઓ બાળકોને મારે છે; આપણા નવીન શિક્ષણના વિચારોનો વિરોધ કરતી દેખાય છે. તેનાં ઘણાં કારણો-માંનું એક કારણ એ છે કે તેઓ સામે બીજો કશો આદર્શ નથી; તેઓએ એથી બીજું કશું જોયું કે જાણ્યું નથી. આખો સમાજ તેને જાણે કે મદદ આપતો હોય એવું ભાસે છે. આપણે નવા વિચારકો તે સમજતા નથી; તેમને જે સ્વાભાવિક છે તેનો આપણે વિરોધ કરીએ છીએ. પરિણામે તેઓની અને આપણી વચ્ચે વિસંવાદ ઊભો થાય છે.